આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...
છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૭૯ ● અંક : ૩
સળંગ અંક : ૯૫૦
જૂન - ૨૦૧૯

## પ્રાકૃતિક સૌંદર્ય




ચિત્રકાર : મોહિત અલ્પેશભાઈ ભાવસાર (ધો.૯)

# સરસ્વતી વિદ્યામંડળ - શૈક્ષણિક શિબિર

મુખ્ય મહેમાનશ્રી ડૉ. સુદર્શન આયંગરનો પરિચય તથા સુતરની આંટી અને પુષ્પગુચ્છથી મુખ્યમહેમાનશ્રીનું અભિવાદન શ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ કર્યું. વક્તા ડૉ. સુદર્શન આયંગરએ ગાંધીનું શિક્ષણ દર્શન પર સરળ ભાષામાં સચોટ વક્તવ્ય આપ્યું. વક્તા શ્રી બકુલભાઈ પટેલએ શિક્ષણમાં સ્વાયત્તા વિષય પર ઉદ્‌બોધન આપ્યું. ડૉ. મમતાબેન ભટ્ટે આપણાં પાઠ્યપુસ્તકો (ગણિત-વિજ્ઞાન) વિષય પર ઊંડી છણાવટ કરી. શ્રી મયુરભાઈ રાવલ - ભૌતિકશાસ્ત્રના શિક્ષકે એપ્લિકેશન બેઝ પ્રશ્નો પૂછી બાળકોને તૈયાર કરવા પર ભાર મૂક્યો. શિક્ષણમાં આધુનિક ઉપકરણો વિષય પર ડૉ. કિરણસિંહ પરમારે જણાવ્યું હતું. વક્તા શ્રી રમેશભાઈ ઓઝાએ આપણા પાઠ્યપુસ્તકો (ભાષા) ગુજરાતી વિશે વિસ્તૃત ચર્ચા કરી.












email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૭૯

સળંગ અંક : ૯૫૦ | જૂન - ૨૦૧૯



સ્થાપક તંત્રીઓ : હરભાઈ ત્રિવેદી, રઘુભાઈ નાયક

તંત્રીઓ : જશીબહેન નાયક, જ્યોતીન્દ્રભાઈ દવે, સજુભા ઝાલા

પરામર્શ : મૃદુલાબહેન ત્રિવેદી, અમીતાબહેન પાલખીવાલા, અશોકભાઈ સોમપુરા, હેતલબહેન શાસ્ત્રી

ડિઝાઈન : મનીષ પટેલ


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત | | પરદેશ | | | |
|---|---|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૧૫૦ | $ | ૪૦ | £ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ | ૨,૦૦૦ | $ | ૨૦૦ | £ | ૧૦૦ |

## અનુક્રમ


હે આગ ! — કૃષ્ણ દવે / ૪

સંપાદકીય — જ્યોતીન્દ્રભાઈ દવે / ૫

સ્મરણયાત્રા — જશીબહેન નાયક / ૭

આ પણ રાષ્ટ્રપ્રેમ છે — મનસુખભાઈ સલ્લા / ૧૪

મોરારિબાપુ : વૈશ્વિક સંસ્કૃતિ આદાનપ્રદાનના જ્યોતિર્ધર ધીમંત પુરોહિત / ૧૭

દાદાગીરી ! — હરિત પંડ્યા / ૨૦

જય જય ગરવી ગુજરાત ! — રાજેશ બારૈયા 'વનવાસી' / ૨૨

જીવન શિક્ષણનો પાયો - વાચન — ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા / ૨૩

વૅકેશન સ્વ-વિકાસ માટેનો અનેરો અવસર — ડૉ. સંજય કોરિયા / ૨૫

શૈક્ષણિક પરિવર્તન — ડૉ. અશોક મો. દવે / ૨૭

સ્માર્ટ વર્ગ કે સ્માર્ટ શિક્ષક....? — જીતુભાઈ નાયક / ૩૦

શુભારંભ — ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના / ૩૨

સાત રૂપિયા ! — ભાવાનુવાદ : હેતલ શાસ્ત્રી / ૩૩

શાળા સત્રનો પ્રારંભ અને આપણું ઉત્તરદાયિત્વ — અશોક સોમપુરા / ૩૪

સરસ્વતી વિદ્યામંડળ - શૈક્ષણિક શિબિર અહેવાલ — મૃણાલ ઓઝા / ૩૬

'મામા' થી 'મેક માય ટ્રીપ' સુધી — સાભાર: અનુપમ બૂચ / ૩૮

ચિત્ર એજ મારો શોખ અને મારું જીવન — મોહિત અલ્પેશકુમાર ભાવસાર / ૩૯

શિક્ષણ સમાચાર — અશોક સોમપુરા / ૪૧



કાર્યાલય

"ઘરશાળા" શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.


email : gharashala@saraswatividyamandal.org

website : www.saraswatividyamandal.org/publication

# હે આગ !

કૃષ્ણ દવે
સુરત. ● તા-૨૪-૫-૨૦૧૯

હે આગ ! તને સળગાવી નાખવાનો આટલો જ શોખ હોય તો સળગાવી નાખ
એવા બિલ્ડરોની લાલચને કે જેવો એક એક સ્ક્વેર ફૂટ માટે વેચી નાખે છે પોતાના ઝમીરને.

●

હે આગ ! તને સળગાવી નાખવાનો આટલો જ શોખ હોય તો સળગાવી નાખ
એ ભ્રષ્ટાચારને કે જેના કારણે બંધાયા જ કરે છે આવા અસંખ્ય લાક્ષાગૃહો.

●

હે આગ ! તને સળગાવી નાખવાનો આટલો જ શોખ હોય તો સળગાવી નાખ
એ સંચાલકોના લોભને કે જેઓ સરસ્વતીને વેચવા માટે
કોઈપણ જગ્યાએ ખોલી નાખે છે પોતાની ફેક્ટરીઓ.

●

હે આગ ! તને સળગાવી નાખવાનો આટલો જ શોખ હોય તો સળગાવી નાખ
એવા મા બાપોની ઘેલછાને કે જેઓ જાણે-અજાણ્યે જ
પોતાના સપનાઓને હોમી દે છે હરીફાઈ ની હોડમાં.

●

હે આગ ! તને સળગાવી નાખવાનો આટલો જ શોખ હોય સળગાવી નાખ
એ સત્તાધીશોની ઊંઘ ને કે જેઓ સંવેદનાના બે શબ્દો બોલીને
પાછા સરી પડે છે સત્તાના ઘેનમાં.

●

હે આગ ! સાચું કહેજે તને પણ પરસેવો વળી ગયો હતો ને ?
ભણવામાં મશગુલ થયેલા એ માસૂમોને તારી લપેટમાં લેતા પહેલાં ?

●

હે આગ ! શું ક્યારેક તું ન બદલાવી શકે ? તારા આ સળગાવી નાખવાના સ્વભાવને ?

સુરતના તક્ષશિલા આર્કેટમાં ઘટેલી દુર્ઘટનામાં મોતને ભેટેલા
તમામ માસુમ વિદ્યાર્થીઓને પ્રભુ ચિરશાંતી અર્પે અને
તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે એ જ અભ્યર્થના.

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## પરીક્ષા - પ્રતિષ્ઠા - પરિણામ

**"એક પેઢીના વર્ગ ખંડમાં ઘડાયેલી જીવનદૃષ્ટિ બીજી પેઢીની સરકારોમાં પ્રતિબિંબિત થાય છે" - અબ્રાહમ લિંકન**

મે અને જૂન આ બે મહિના શિક્ષણ જગત માટે પરિણામોના મહિના છે. આ અંક આપને મળશે ત્યારે ગુજરાત રાજ્ય બોર્ડના બધા જ પરિણામો જાહેર થઈ ગયા હશે.

આ વર્ષના CBSE અને CISCEના પરિણામો શિક્ષણજગતમાં ચર્ચાનો વિષય બન્યા છે. ખાસ કરીને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના પરિણામોમાં ૯૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનારની સંખ્યા પાછલા વર્ષોની સરખામણીએ વધી છે. પરિણામે ઉચ્ચશિક્ષણની પ્રતિષ્ઠિત વિશ્વ વિદ્યાલય અને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશનું ધોરણ ઊંચું જશે.

હરીફાઈ વધશે : આપણે શિક્ષણમાં હરીફાઈના ચક્રવ્યૂહમાં ફસાયા છીએ.

આ ચક્રવ્યૂહમાં રાજ્યના અને કેન્દ્રના શિક્ષણબોર્ડ પણ સામેલ થયા છે. તેનું કારણ બોર્ડની પરીક્ષાનું બીનજરૂરી મહત્ત્વ છે. તાજેતરમાં આ અંગે દેશના શિક્ષણવિદોએ ચિંતા વ્યક્ત કરી છે. ગુણનો ફુગાવોએ ચિંતાનો વિષય બન્યો છે. મૂલ્યાંકનના ધોરણો અને માપદંડની વિશ્વસનીયતા ઉપર પ્રશ્નો ઊભા થાય છે. આ અંગેનું એક ઉદાહરણ જ પરિસ્થિતિની ગંભીરતાનો પરિચય આપશે. થોડા વર્ષો પહેલા CBSEએ મોડરેટિંગ દ્વારા ગણિતના માર્ક વધુ આપવાનો નિર્ણય કર્યો કે જે વિદ્યાર્થીઓના ૭૯ ગુણ થી ૯૪ વચ્ચે હોય તે બધાને ૯૫ માર્ક આપવા. પરિણામે આ મોડરેટીંગ પદ્ધતિનો રોગ રાજ્યના શિક્ષણ બોર્ડને પણ લાગુ પડ્યો. આ પદ્ધતિ બંધ કરવાનો નિર્ણય (COBSE) કાઉન્સીલ ઑફ બોર્ડ ઑફ સ્કૂલ એજ્યુકેશનમાં એપ્રિલ ૨૦૧૭માં લેવામાં આવ્યો. પરંતુ દેશમાં શિક્ષણના વેપારીઓનો પ્રભાવ વધતો જાય છે. ટ્યૂશન કલાસ અને વાલીઓ અને હિત ધરાવતો વર્ગ હાઈકોર્ટમાં ગયો અને આ ખામી ભરેલી મોડરેટિંગ પદ્ધતિ (ગુણના ફુગાવા વાળી પદ્ધતિ) ચાલુ રાખવામાં આવી.

રાજકીય પક્ષો પણ વાલીઓ અને વિદ્યાર્થીઓને ખુશ રાખવા મેદાને પડ્યા. ઉત્તરપ્રદેશનું બોર્ડ આ બાબતમાં સૌથી અગ્રીમ સ્થાન ધરાવે છે. રાજ્ય સરકારો બદલાય તે પ્રમાણે બોર્ડના પરિણામોમાં ફેરફાર થાય જે નીચેની વિગતો ઉપરથી ખ્યાલ આવશે.

**ઉત્તરપ્રદેશ હાઈસ્કૂલ બોર્ડના પરિણામો**

| | | |
|---|---|---|
| ૨૦૦૨ | ૪૦.૨ ટકા | (ભાજપાની સરકાર) |
| ૨૦૦૭ | ૭૪.૪ ટકા | (સમાજવાદી સરકાર) |
| ૨૦૦૮ | ૪૦.૧ ટકા | (બસપાની સરકાર) |
| ૨૦૧૩ | ૮૬.૬ ટકા | (સમાજવાદી સરકાર) |
| ૨૦૧૬ | ૮૭.૭ ટકા | (સમાજવાદી સરકાર) |

ગુણના ફુગાવાને કારણે પરીક્ષાના પ્રશ્નપત્રો અને તેના સ્વરૂપો ઉપર માઠી અસર થાય છે. ગુણના ફુગાવાના પરિબળોમાં એક આશ્ચર્યજનક પરિબળ RTI છે. CBSE અને રાજ્યના શિક્ષણબોર્ડ RTI નીચે વાલીઓ તેમજ ટ્યૂશન કલાસીસ અને વેપારી સંસ્થાઓ દ્વારા થતી કનડગતથી પરેશાન છે. પરિણામે ગુણ આપવામાં ઉદારતા રાખવી તેવો એક માહોલ સમગ્ર દેશમાં બન્યો છે.  કાઉન્સીલ ઑફ બોર્ડ ઑફ સ્કૂલ એજ્યુકેશનના સભ્યોની ચિંતા ધ્યાન ઉપર લેવાતી નથી પરિણામે શિક્ષણના નિષ્ણાતો નિરાશ થયા છે.

જે પરીક્ષાઓના પરિણામો ઉપરથી વિદ્યાર્થીઓ વિષયોની પસંદગી કરે છે. (ધો.૧૦) અને જે પરિણામો દ્વારા ભવિષ્યની કારકિર્દીનો નિર્ણય લેવાય છે. (ધો.૧૨) તેના માપદંડોની વિશ્વસનીયતા ન હોવાને કારણે પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થાઓએ JEE/NEETનો આશ્રય લીધો છે. વિદ્યાર્થીઓ માટે વિઘ્નદોડમાં એક નવું વિઘ્ન ઉમેરાયું છે. પરિણામે વિદ્યાર્થીઓમાં તનાવ વધ્યો છે. IITના એક વિદ્વાન પ્રોફેસરના મતે IITમાં પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ જે રીતે મહેનત કરે છે પછી જ્યારે પ્રવેશ મળે છે ત્યારે વિદ્યાર્થી માનસિક રીતે એટલો થાકેલો હોય છે કે અભ્યાસક્રમમાં રસરુચિ ગુમાવી દેતો હોય છે. IITની ગુણવત્તા ઉપર આની મોટી અસર પડી છે.

આપણે આપણા બાળકોના મૂલ્યાંકનની પ્રામાણિક અને વિશ્વસનીય પદ્ધતિ શોધવી પડશે. હાલની પદ્ધતિમાં મૂળભૂત ફેરફારો કરવા પડશે. આપણે વિચારીએ.

## પ્રેરણા

**સીબીએસસીની પરીક્ષામાં ૫૦૦માંથી ૪૯૯ ગુણ મેળવનાર કરિશ્માને નૃત્યાંગના બનવું છે. આજ અંકના મુખપૃષ્ઠ ઉપરનું ચિત્ર મોહિત અલ્પેશકુમાર ભાવસારે દોર્યું છે. અભ્યાસમાં ખૂબ જ નબળો છતાં તેનામાં અનેક શક્તિઓ છે જે તેના લેખ પરથી જાણવા મળશે. આપણા શિક્ષણ બોર્ડ આવા વિદ્યાર્થીઓનું મૂલ્યાંક્ન કેવી રીતે કરશે ? મોહિત ભાવસાર સૌ બાળકો માટે પ્રેરણારૂપ છે.**

જશીબહેન નાયક



મૈત્રી સોસાયટી, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૧૫.

## સરદાર પટેલ વિદ્યાલય ટીમ બને છે

શાળાના પ્રારંભથી જ અમારી મંડળીનું કામકાજ દિલ્હીમાં જાણીતું થવા લાગ્યું. આચાર્ય, શિક્ષકો, ઑફિસ સ્ટાફ તેમજ પટાવાળાઓ અમારા સૌ વચ્ચે અરસપરસની સમજણ ખૂબ હતી. તેથી એક જાતનો Team Spirit જન્મ્યો હતો. અમારી ટીમ જેટલી મજબૂત હતી એટલી જ અમારી ગતિ અને એથી અમારા કામને પ્રતિષ્ઠા મળતી ગઈ. તે સમયમાં હાયર સેકન્ડરીના પેટર્ન પ્રમાણે કામ ચાલતું. ૯, ૧૦, ૧૧નો અભ્યાસક્રમ ઇન્ટિગ્રેટેડ સિલેબસ પ્રમાણે થતો. ૯, ૧૦, ૧૧ના ત્રણેય વર્ગના અભ્યાસની પરીક્ષા બોર્ડ લેતું હતું. તેથી ૯,૧૦, અને ૧૧ના હાઈલી ક્વૉલિફાઇડ શિક્ષકો અમને મળેલા. કોમર્સ, હોમ સાયન્સ, મિકેનિકલ એન્જિ., બાયૉલૉજી અને આર્ટ્સના વિષયો પ્રમાણે વિદ્યાર્થીઓને ભણાવવાના હતા. પહેલે જ વર્ષે ચૌદ જુદી જુદી નિશાળોમાંથી આવેલા વિદ્યાર્થીઓનું પરિણામ સો ટકા આવ્યું. ઘણાં બધાં બાળકો સેકન્ડ ડિવિઝનમાં આવ્યા. પણ પ્રથમવર્ગમાં કોઈ આવી શક્યું નહિ. બીજા વર્ષે સો ટકા પરિણામ અને હાયર ડિવિઝન લાવવા શિક્ષકોએ ઉત્સાહથી કમર કસી. પહેલાં જ વર્ષનો ઈન્સપેકશન રિપોર્ટ ઘણો સારો આવ્યો હતો અને અમારી ગુજરાત એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટીમંડળના સભ્યો ખૂબ ગૌરવપૂર્વક દિલ્હીમાં પોતાનું માથું ઊંચું રાખવા લાગ્યા. બીજા વર્ષે પ્રવેશનો ઘસારો સારો એવો હતો. વિદ્યાર્થીઓને પસંદ કરવા માટેની પરિસ્થિતિ વિકટ હતી. શ્રી એચ. એમ. પટેલ આ ટ્રસ્ટીમંડળના પ્રમુખ હતા. દિલ્હીની સંસ્થા બે વર્ષમાં સ્થિર કરવાની વાત પટેલ સાહેબ, મૂળશંકરભાઈ અને રઘુભાઈ વચ્ચે થઈ હતી. એક વર્ષના કામ પછી એચ. એમ. પટેલને અમારામાં ખૂબ ઊંડો વિશ્વાસ બેઠો.

**શાળાના કામકાજમાં અમારા પરના સંપૂર્ણ વિશ્વાસને લીધે રોજના કામમાં તેઓ કદી માથું મારતા નહિ. પરંતુ ટ્રસ્ટીમંડળના બીજા કોઈ સભ્ય શાળાના કામકાજ અંગે પૂછ-પરછ કરે તો તેમને પણ વચ્ચે પડવા ન દેતા. મંડળના દરેક સભ્યને તેમણે એક વાત મજબૂત રીતે કહેલી હતી કે, "સરદાર પટેલ વિદ્યાલયના આચાર્ય શ્રી રઘુભાઈ નાયક એ માત્ર આચાર્ય નથી પણ એક અનોખા કેળવણીકાર છે અને બાળકોના વિકાસમાં જરૂરી એવા નાના-મોટાં ફેરફારો કરતા રહે છે, તેથી કેળવણીના પ્રશ્નોમાં આપણે કોઈએ ખલેલ ન પાડવી."** આ એમની વાત પછી વિદ્યાલયને સારી રીતે અને સ્વતંત્ર રીતે ચલાવવાનો માર્ગ અમારા માટે સરળ થઈ ગયો. હા, અમે પણ અમારી લક્ષ્મણ રેખાને સમજીને મંડળને શાળામાં ચાલતી દરેક પ્રવૃત્તિઓથી માહિતગાર રાખતા. જોત-જોતામાં રમતોત્સવની પણ એક સુંદર પ્રણાલિ પડી ગઈ અને આ કાર્યક્રમ શાળાનું એક મહત્ત્વનું અંગ બની ગયું. વાર્ષિક મેળાવડાઓ દ્વારા ભારતીય સંસ્કૃતિનો અનુભવ દિલ્હીના પશ્ચિમના રંગે રંગાયેલા વાલીઓ અને બાળકોને અમે આપતા રહ્યા. આવો દરેક કાર્યક્રમ શાળાને માટે એક વિશિષ્ટ કાર્યક્રમ બની રહેતો. આવા નાના મોટા કાર્યક્રમો દ્વારા ભારતીય સંસ્કૃતિનો પરિચય વાલીઓ અને બાળકોને થતો અને શિક્ષકોને ધીરે-ધીરે ખાતરી થતી ગઈ કે ભારતીય સંસ્કૃતિના વારસાને બાળકોના શિક્ષણમાં, કેળવણીમાં તેમજ નાની મોટી અનેક

પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત કરાવી દેવી. એમાં અમને સારી સફળતા મળી.

**મૂળશંકરભાઈનું સરદાર પટેલ વિદ્યાલયમાં પ્રદાન**

શરૂઆતના વખતમાં આવા અનેક કાર્યક્રમોને અમલમાં મૂકવામાં અમારા ટ્રસ્ટીમંડળમાંથી બે-ત્રણ સભ્યોનો સાથ મળી રહેતો, એમાં એક હતા શ્રી વિનુભાઈ અંતાણી અને બીજા હતા શ્રી એમ.સી. ભટ્ટ. પણ તેમાંય શ્રી મૂળશંકરભાઈનો ફાળો દરેક પ્રસંગે રહેતો. શાળાના કાર્યક્રમમાં રસ લેતા અને હાજર પણ રહેતા. કોઈવાર તો અમારા રંગભૂમિ અને રમતોત્સવના કાર્યક્રમ પછી તે કાર્યક્રમોની વાતો કરવામાં અમે એટલા ગૂંથાઈ જતા કે વાતો કરતાં રાતના બાર વાગી જતાં અને અમારી વાતો અમારા બંનેના ઘર વચ્ચેના રસ્તા ઉપર ક્યાંય સુધી થતી. કોઈ કોઈ વાર તો બાર વાગ્યા પછી એમના બાળકો એમને લેવા આવતા તો કોઈ વાર અમારા બાળકો અમને લેવા આવતા અને અમે હસીને છૂટા પડતા. અમારી એ વાતો સંસ્થાની પ્રગતિમાં ખૂબ ઉપયોગી બની જતી. આવો હતો મૂળશંકરભાઈનો સહયોગ.

કેટલીક વખત અમને લાગતું કે શ્રી મૂળશંકરભાઈનો સહયોગ એ માત્ર એક ગવર્નિંગ બોડીના સભ્ય તરીકેનો જ નહોતો પણ તેઓ શાળાના અને અમારા મિત્ર પણ હતા અને શાળા સંચાલનની નાની-નાની ઝીણવટભરી કામગીરીમાં પણ તેઓ એવો રસ લેતા કે અમને એમ લાગતું કે એ જાણે રોજના કાર્યકર છે. પ્રવાસમાંથી પાછી ફરતી ટુકડીઓ આવી ગઈ કે નહિ એની પણ તેઓ ચિંતા રાખતા. કોઈ સંસ્થાના કોઈ પણ કાર્યકર, શિક્ષક, પટાવાળો કે કારકુન હૉસ્પિટલમાં દાખલ થયો હોય તો તેઓ હૉસ્પિટલમાં ખબર કાઢવા પહોંચી જતા. આ ઉપરાંત અમારા બેમાંથી કોઈ એક અમદાવાદની મુલાકાત અને મિટિંગો ભરીને જ્યારે દિલ્હી પાછા ફરતા ત્યારે તેઓ સરસ્વતીના ખબર પૂછતા રહેતા. કારણ તેમને ખબર હતી તે દિલ્હીમાં બેઠા-બેઠા પણ રઘુભાઈ અને જશીબહેન પોતાની પ્રિય સંસ્થા, પોતાનું મિશન અને પોતાના સર્જનની ચિંતા કાયમ કરતા અને તેથી જેટલી ચિંતા દિલ્હીની શાળાની કરતા એટલી જ જાણકારી સરસ્વતીની પણ રાખતા હતા. એમને મનમાં ખાતરી હતી કે સરસ્વતી સારી રીતે કાર્ય કરી રહી હશે તો રઘુભાઈના મનની સ્વસ્થતા વધારે બની રહેશે અને બંને શાળાઓ પ્રગતિ કરતી રહેશે. આ રીતે મૂળશંકરભાઈનું પ્રદાન એક માત્ર ગુજરાત એજ્યુકેશનના સભ્ય તરીકે જ નહિ પણ સંસ્થાના મિત્ર અને હિતેચ્છુ, તરીકે પણ હતું.

શ્રી મૂળશંકરભાઈના વ્યક્તિત્વની બીજી એક વિશિષ્ટતા એ હતી કે દિલ્હીમાં વસતા ગુજરાતીઓ કેવી રીતે આગળ આવી શકે તે માટે તેઓ કાયમ ચિંતિત રહેતા. જાગૃત-અજાગૃતપણે દિલ્હીમાં વસતા લોકો એમ માનતા કે ગુજરાતીઓ દમ વિનાના છે. તેઓ ભણવામાં કે સરકારી નોકરીઓમાં કામ ન કરી શકે. ત્યારે મૂળશંકરભાઈને એમ થતું કે સરકારી ઑફિસોમાં ગુજરાતી યુવાનો પ્રવેશ કરે અને ટૉપ પોઝિશન ઉપર પહોંચે. દિલ્હીમાં ચાલતા ગુજરાતી મંડળોમાં પણ તેઓ એ દૃષ્ટિથી ખૂબ રસ લેતા. સરદાર પટેલ વિદ્યાલયમાં ફી ન ભરી શકે એવા બાળકો માટે એક ફંડ ભેગું કરેલું. જેમાંથી તેઓ ફી ભરતા. જેથી શાળામાં સૌને એમ લાગતું કે ગુજરાતી બાળકો પણ પૂરી ફી આપીને જ ભણે છે. આ એમની એક વ્યવહારું રીત હતી જેથી દિલ્હીમાં વસતી બીજી કૉમ્યુનિટીના મનમાં કોઈ ગેરસમજ ઊભી ન થાય. શાળા માટે એમની લાગણી એવી હતી કે સંચાલન મંડળની એક પણ મિટિંગમાં તેઓ ગેરહાજર ન રહેતા. એ રીતે શ્રી મૂળશંકરભાઈ સંસ્થાના મિત્ર, હિતેચ્છુ અને અમારા સહયોગી બની રહ્યા હતા. ગુજરાત એજ્યુકેશન સોસાયટીના સંચાલન મંડળના સભ્યો વચ્ચે પણ મેળ

જામી રહે તે માટે પોતાના ઘેર વારંવાર ભોજન ગોઠવતા. કોણ જાણે કેમ પણ અમને એમ થતું કે ભાવનગર, એક સંસ્કાર અને શિક્ષણનું ધામ હતું તેથી મૂળશંકરભાઈ ભાવનગરનો સંસ્કારિક વારસો જાળવીને જ દિલ્હીમાં રહેતા હતા. ઉપરાંત પિતા શિક્ષક હતા અને પિતાનો વારસો પણ ઘણો મોટો ભાગ ભજવતો. આમ સરદાર પટેલ વિદ્યાલયના તેઓ એક ઘરદીવડાં જેવું સ્થાન મેળવી ચૂક્યા હતા. દિલ્હી છોડીને આવ્યા પછી આજે પણ તેઓ સરસ્વતી વિદ્યામંડળની સંચાલન સમિતિના સભ્ય બન્યા છે. અને એ રીતે અમારીએ મૈત્રી જે ૧૯૫૮થી શરૂ થઈ હતી તે આજે પણ ૨૦૦૦ની સાલમાં તે મૈત્રી ચાલુ છે અને હૂંફથી ભરેલી છે.

આમ તેઓ સરદાર પટેલ વિદ્યાલયનું એક મહત્ત્વનું અંગ બન્યા હતા. એવો હતો એમનો ટીમ-સ્પિરીટ.

આમ શિક્ષકોની અને ટ્રસ્ટી મંડળના કાર્યકરોની ટીમ એવી તો મૈત્રીભર્યા ભાવોની બની ગઈ કે જેથી સરદાર પટેલ વિદ્યાલયની વિકાસની ગતિ ઝડપી બની. સાંસ્કારિક પ્રવૃત્તિઓ, અભ્યાસક્રમ, પરીક્ષા પદ્ધતિ દરેકમાં વિદ્યાર્થીઓનો સહકાર પણ એટલો જ સમજણપૂર્વકનો હોવાથી ચારે-દિશાઓથી અમે આગળ વધી રહ્યાં હતાં.

<u>અમારી ચિંતા અને પટેલ સાહેબ</u>

કોઈ વખત સાંજે વિશાળ બગીચામાં બેસીને અમે બે એકલાં ચા-પીતાં ત્યારે સરસ્વતીની યાદ ખૂબ આવતી. રઘુભાઈ કોઈવાર કહેતા કે સરદાર પટેલ વિદ્યાલય હવે સ્થિર થઈ ગઈ છે આપણે કદાચ અમદાવાદ પાછા જઈ શકીએ.

રઘુભાઈની આ લાગણી શ્રી એચ.એમ. પટેલના કાન સુધી પહોંચી અને તેઓ હસીને કહેતા કે, ''રઘુભાઈ, શક્તિશાળી અને તેજસ્વી વ્યક્તિઓ એક નહિ પણ ઘણી સંસ્થાઓ ચલાવી શકે. દિલ્હીની આ સંસ્થા તો હજી બે જ વર્ષની થઈ છે. જ્યારે સરસ્વતી તો યૌવન અવસ્થાવાળી છે. તમારી પાસે સરસ્વતીમાં કેળવાયેલાં કાર્યકરો પણ છે. જ્યાં સુધી કેળવણીકાર આચાર્ય મને ન મળે અને ધૂણી ધખાવીને કામ કરી ન શકે એવો આચાર્ય ન મળે ત્યાં સુધી તમે અને જશીબહેન અહીં જ રહો એમ હું ઈચ્છું છું. તમારા મનમાં સરસ્વતીની ચિંતા થાય ત્યારે એક અઠવાડિયું અમદાવાદ રહેવા જજો અને ચિંતામુક્ત થઈને પાછા આવજો. આમ શ્રી એચ.એમ. પટેલ પણ ધીરે ધીરે સરસ્વતીના બનતા ગયા. જેમ જેમ સરસપુરમાં આવેલી અમારી સંસ્થા વિશે જાણતા થયા તેમ તેમ તેમનો સાથ વધતો ગયો. તે જાણે અમારી ટીમના નાયક બની ગયા. આમ દિલ્હી અને અમદાવાદનાં બાળકોને રઘુભાઈ અને એચ.એમ. પટેલની છત્રછાયા મળવા લાગી અને સરદાર પટેલ વિદ્યાલયને સારામાં સારી રીતે ચલાવવા માટે રઘુભાઈને વધારે શાંતિપૂર્વક કામ કરવામાં મદદ મળી. એ રીતે બંને સંસ્થાઓ પોતાની દિશામાં પ્રગતિ કરી રહે એ રઘુભાઈનું લક્ષ્ય હતું. આમ એચ.એમ. પટેલનો નૈતિક ટેકો અમને મળી રહેતો.

## આપત્તિકાળમાં મિત્ર બન્યા શ્રી એચ. એમ. પટેલ

સાંજે ઘેર આવ્યા ત્યારે રઘુભાઈ ગંભીર અને ચિંતાયુક્ત હતા. 'કેમ આજે ચિંતાતુર છો ? શાળામાં કંઈ બન્યું છે' ? મેં રઘુભાઈને પૂછ્યું. તેમણે જવાબ આપ્યો કે, ''દિલ્હીની શાળામાં કંઈ બન્યું નથી. અહીંનું કામકાજ વ્યવસ્થિત ચાલે છે. પણ, સરસ્વતી માટેના એવા સમાચાર આવ્યા છે કે જેનાથી હું ચિંતાતુર થયો છું અને ભાવિ જરા ધૂંધળું દેખાય છે.''

"તમારી ચિંતામાં મને ભાગીદાર બનાવોને ?" મેં કહ્યું : થોડીવાર તેઓ મૌન રહ્યા. ફરીથી મેં પૂછ્યું કે તમારી અકળામણ મને જણાવશો તો તમારા મનનો ભાર પણ ઓછો થશે. મારી આ વાત સાંભળી રઘુભાઈ બોલ્યા, "તમારો સ્વભાવ સંવેદનશીલ છે, ચિંતાખોર છે એટલે કહેતા ખચકાઉં છું અને છતાં આ વાત તમને કહેવી તો પડશે જ." તેમણે ધીરગંભીર અવાજે વાત શરૂ કરી.

"સેન્ટ્રલ ગવર્નમેન્ટ અમદાવાદનું કાળુપુર સ્ટેશન વિકસાવવા માંગે છે. એ લોકોએ બંધ પડેલી માધુભાઈ મિલની જમીન લઈ લેવાનું નક્કી કર્યું છે. એટલે અંદર આવેલા મિલના ઉદ્યોગો, મકાનો, ફેક્ટરીઓ એ બધુ પાડી નાંખવા માંગે છે. પરિણામે સરસ્વતી હાઈસ્કૂલનાં મકાનો પણ લઈ લેશે અને પાડી નાંખશે. હું અકળામણ એટલા માટે અનુભવું છું કે આ બાળકો માટે ઊભી કરેલી શાળા બંધ થઈ જશે તો ? તેથી મનમાં સખત અકળામણ ઊભી થાય છે. સોળ વર્ષની મહેનત નકામી જશે જ. પણ, દુઃખ એ છે કે માંડ માંડ ઊભી થયેલી આ સંસ્થા બંધ પડે તો ? તો એ બાળકોનું કોણ ?" એમ કહી તેઓ વિચારે ચડી ગયા.

થોડી પળો તો જાણે વીજળી પડી હોય તેવો મારા મનમાં આઘાત પહોંચ્યો. જાણે ચારેકોર અંધકાર છવાઈ ગયો. 'શરૂ કરેલો યજ્ઞ બંધ પડી જશે.' આમ અનેક નાનાં-મોટા વિચારો અને મૂંઝવણ ઊભા થવા લાગ્યાં. સરસ્વતી બંધ પડે એ વિચાર અમારા માટે અસહ્ય હતો.

બીજા દિવસે અમને એવો વિચાર આવ્યો કે, આ આપણાં મનના મૂંઝવણની વાત શ્રી એચ. એમ. પટેલને કહેવી અને અમદાવાદ જવાની મંજૂરી માંગવી. સરસ્વતીને ઉગારી શકાય તેવા પ્રયત્નો કરવા. શ્રી એચ. એમ. પટેલે અમને તરત જ મળવા બોલાવ્યા. બીજા દિવસે અમે જ્યારે એમને મળવા ગયા ત્યારે તેઓ અમારી રાહ જ જોઈ રહ્યા હતા.

રઘુભાઈએ વાત કરી કે મધ્યસ્થ સરકાર અમદાવાદના રેલવે સ્ટેશનના વિકાસ માટે બંધ પડેલી માધુભાઈ મિલની જમીન લઈ લેવા માંગે છે. સાંભળ્યું છે કે જર્જરિત થયેલાં મકાનો પાડી નાંખવાની શરૂઆત થઈ ગઈ છે. અમે તમને વિનંતિ કરવા આવ્યા છીએ કે તમે અમને અહીંથી છૂટાં કરો તો ત્યાં જઈને અમે કંઈક રસ્તો કાઢીએ. સરસ્વતીને બચાવીએ આ ગરીબ બાળકોની સંસ્થાને વ્હારે કોઈ હશે નહિ. શ્રી એચ. એમ. પટેલ પણ વિચારમાં પડી ગયા. થોડીવાર પછી કહે કે આપણે અહીં રહીને જ કંઈક રસ્તો કાઢીએ તો ? અને આપણી શાળા ચાલે છે એ મકાનો ન પાડવા પડે તેવા પ્રયત્નો ચાલુ કરી દઈએ. રઘુભાઈએ કહ્યું કે એ શાળાને અમે નવું જીવન આપ્યું છે એ તો મૃતઃપ્રાય થઈ જશે. રઘુભાઈના અવાજમાં ઢીલાસ આવી ગઈ હતી. જાણે કે કોઈ પ્રિય સ્વજન મરણ પથારીએ પડ્યું હોય એવો આઘાત એમના મનમાં હતો.

રઘુભાઈના અવાજ અને મોંના દુઃખી ભાવો ઉપરથી પટેલ સાહેબ એમનું દુઃખ અને દર્દ સમજી ગયા. તે દિવસથી તેમણે પ્રયત્નો કર્યા. આપણી શાળા જે જગ્યામાં ચાલે છે તે જગ્યા કે મકાનો મોડા તોડવામાં આવે. આમ શ્રી એચ. એમ. પટેલના પ્રયત્ને સરસ્વતીનું મકાન સૌથી છેલ્લે પાડવામાં આવશે તેવી ખાતરી કરાવી આપી. પરંતુ મકાન જશે એ વાત નિશ્ચિત હતી એના જેવી વૈકલ્પિક જગ્યા વિચારવાની હતી. તે દિવસ અને તે પળ સમયથી પટેલ સાહેબ મનથી જાણે સરસ્વતીના બની ગયા હતા. તેમણે કહ્યું કે, રઘુભાઈ તમે આ શાળાને વિકસાવો અને હું આણંદમાં રહું છું. એટલે સરસ્વતીનું ધ્યાન હું રાખીશ. મૂંઝવણને હૂંફમાં ફેરવતા શ્રી એચ. એમ. પટેલ અમારા મિત્ર, સાથીદાર બની ગયા એ સરસ્વતી માટે સૌભાગ્યની

ક્ષણ બની.

એમની આટલી આત્મીયતાએ અમને ખૂબ હૂંફ આપી અને હિંમતભાઈ અને ગોપલાની સાહેબને કહ્યું કે શ્રી પટેલ સાહેબ આપણી સાથે છે. તે જ દિવસથી તેઓ સંચાલન મંડળની સમિતિના ચેરમેન બન્યા. એમની આવડત અને વ્યવહારપણું એવું તો સ્પષ્ટ અને પારદર્શક હતું કે સરસ્વતીને જાણે આપત્તિકાળમાં એક વ્હાલસોયો પ્રેમાળ વાલી મળી ગયો. અને એ વાલી સરસ્વતીના એક ભાગ બની ગયા. સરસ્વતી ચાલુ રહે એ માટેના રસ્તાઓ શોધવામાં તેઓ અમારી સાથે અડીખમપણે ઊભા રહ્યા હતા.

એટલું જ નહિ, પણ સરસ્વતીના આપત્તિકાળમાં પણ તેઓ સરસ્વતીને ઓળખતા થયા હતા તે બધી જ વાત તેઓ પોતાના પરિવારને પણ કહેતા. એમની દીકરીઓ મળતી ત્યારે તેઓ રઘુભાઈને કહેતી કે, "અમારા ડેડી ઘણી બધી સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિ કરે છે. પણ સરસ્વતીની વાત વિગતે, લંબાણથી અને લાગણીથી કરે છે. તેમની વાતોમાંથી તેમની ભાવના અમને સ્પર્શી જાય છે."

આપત્તિમાં આશીર્વાદરૂપ આ મિલન હતું અને *(Blessings in discuss)* મકાનની ચિંતામાં પણ જાણે સંસ્થામાં એમનું આગમન  સંસ્થાને સમૃદ્ધ બનાવતું હતું. અમને કાયમ એવી લાગણી અને આવિષ્કાર રહેતી કે મૂંઝવતા પ્રશ્નોના તેઓ જરૂર નિકાલ લાવશે અને આમ અમે બંને ભારે મનથી ગયેલાં હળવા મને પાછા ફર્યા. અમને શ્રદ્ધા બેઠી કે જરૂર કંઈક રસ્તો નીકળશે. ક્યારે અને કેવો રસ્તો નીકળશે એ સમજાતું નહોતું. પણ એમની પાસેથી ઊઠતાં અમે એવી લાગણી અનુભવી કે એક સ્નેહીને મેળવીને જઈએ છીએ જે હ્રદયપૂર્વક સંસ્થાને ચાહે છે. તેઓ અમારી ચિંતામાં ભાગીદાર બન્યા.

ચિંતા અને ભયથી ભરેલા મનનો ભાર તેઓ બરાબર સમજી ગયા હતા. સ. વ.વિદ્યાલયને રઘુભાઈની જરૂર હતી એનો પણ એમને ખ્યાલ હતો. રઘુભાઈના મનની મૂંઝવણ આ વ્યવહારું માણસ તરત જ સમજી ગયા હતા. બંને સંસ્થાઓ સંભાળી શકાય તે માટે તેઓ સરસ્વતીના આ આપત્તિકાળમાં હ્રદયપૂર્વક જવાબદારી સંભાળતા હતા. ઓછાબોલા પટેલ સાહેબ અને રઘુભાઈ આ મૌનમાં જ એકબીજાને સમજી શક્યા હતા. રઘુભાઈની ચિંતા તેઓ સમજ્યા અને શ્રી પટેલ સાહેબના ટેકા પાછળની દ્રઢતા અને નિશ્ચબળ રઘુભાઈ સમજતા હતા. આમ અમારી બંને સંસ્થાઓને બચાવવાના સમયકાળ દરમિયાન અમારી મૈત્રી જાગી અને અમે એકબીજાની ખૂબ નજીક આવી ગયા. તે દિવસથી અમારી સાથે બંધાયેલા એમના સંબંધો (સરસ્વતી સાથે) એમના જીવનની છેલ્લી ઘડી સુધી રહ્યા.

શાળા ચાલતી હતી એ મકાનને તોડી પાડવાનો દિવસ તેઓ લંબાવતા ગયા અને એ દરમિયાન કોઈ બીજો રસ્તો કાઢવો અને કયો રસ્તો કાઢવો તેની વિચારણા આ બંને સરસ્વતીની વિભૂતિઓએ કરવા માંડી.

આ પરિસ્થિતિમાં રઘુભાઈને અમદાવાદ વારંવાર જવાનું બનતું. પરંતુ આખરે એવો પણ દિવસ આવવાનો હતો કે જે દિવસે અમારા મકાનો તૂટવાનાં હતાં. આ બધી સ્થિતિને ધ્યાનમાં લઈને આ પ્રશ્નો ઉકેલ લાવવા પ્રયત્નશીલ બન્યા. તેઓ સંસ્થાને હ્રદયપૂર્વક ચાહતા હતા. આમ તેઓ અમારી ચિંતામાં ભાગીદાર બન્યા.

આપત્તિમાં પણ સરસ્વતીને એક સમજદાર અને પ્રિય સાથીદાર મળ્યા. તેઓ ક્યારેય સરસ્વતીની મિટિંગમાં ગેરહાજર હોય તેવું યાદ આવતું નથી. છે અમારી સલામ આ વડીલ મિત્રને...

# જૂની મૈત્રી

"આજે ચાલો થોડાક ભૂતકાળમાં જઈએ." મારા મનમાં વિચારો ચાલતા હતા. ૧૯૪૪ના નવેમ્બરમાં આ જર્જરિત શાળાને હાથમાં લીધી હતી. શાળાની એક વીંગને છેડે એક ઓરડી તરફ અમારી નજર ગઈ. આ શાળાને પુનઃજીવન આપવું હોય તો આ કમ્પાઉન્ડમાં જ રહેવું જોઈએ. બીજા વર્ગોને એમને એમ રહેવા દઈ આ એક જ અંધારી રૂમનો ઉપયોગ થાય એમ હતો. આ રૂમનું અંધારું કેવી રીતે દૂર કરવું એ મૂંઝવણ હતી. લીધેલો નિર્ણય રઘુભાઈ ફેરવતા નહિ. પટાવાળાને બીજી જગ્યા આપી એ ઓરડીને સરખી કરીને, પાલડીનું ઘર ખાલી કરીને અમે અહીં રહેવા લાગ્યાં. સાંજ પડે ને મિલોનો ધુમાડો નીચે ઊતરે ત્યારે બેચાર કલાક આ વિસ્તારમાં રહેવું અસહ્ય બનતું. હું આ વાત રઘુભાઈને કહેતી. તેઓ કહેતા, આપણે એકલા આ એરિયામાં રહેતા નથી. આઠ કલાક મિલના ધુમાડાને શ્વાસમાં લઈ અસંખ્ય મજૂરો આ વિસ્તારમાં રહેતા-જીવતા. આવી વાતનો આમ અંત રઘુભાઈ લાવતા.

અમારા રૂમથી થોડે દૂર એક પટેલનું કુટુંબ રહેતું હતું. એ પટેલની મા એક મિલ-માલિકના રસોયા તરીકે કામ કરતી હતી. એ રસોઈ કરતા બહેનના દીકરાનું નામ ચુનીભાઈ પટેલ. માલિકે તેમને સ્ટેશનની સામે એક દુકાન કરાવી આપી હતી. એ મા-દીકરો અને એની પત્ની અમારા રૂમના પાછળના ભાગમાં એક રૂમમાં રહેતા હતા. સાંજ પડે આખી મિલમાં આ બે જ કુટુંબ રહેતા હોવાથી ચુનીભાઈ પટેલ સાથે અમારી ભાઈબંધી જામી. તેઓ રોજ સાંજ પડે છાપું વાંચવા આવે અને પાન-સોપારી રઘુભાઈ પાસે બેસીને ખાય. ચુનીભાઈ ખરેખર બુદ્ધિશાળી અને સમજુ હતા. જર્મનીથી આવી આ લત્તામાં બેઠેલા રઘુભાઈ માટે તેમને ખૂબ માન હતું. શાળાનાં વહીવટી કામમાં પણ તેઓ ઘણીવાર મદદ કરતા હતા. દર વર્ષે સરસપુરના વિદ્યાર્થીઓમાં થતા ફેરફારો, સ્વચ્છતા અને અભ્યાસમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને તેઓ જોઈ શકતા હતા. એમ. એચ. મિલના શેઠ શ્રી નવનીતભાઈ સાથે પણ તેમની એવી જ મૈત્રી હતી. શેઠ શ્રી નવનીતભાઈ જ્યારે બહાર જાય ત્યારે ચુનીભાઈ તેમની સાથે હોય જ. તેથી તેઓ પીએચ.ડી. થયેલા રઘુભાઈની આ પ્રવૃત્તિઓ વિશે શેઠ શ્રી નવનતીભાઈને વાત કરતા. "શેઠજી, આ તમારી ઍલિસબ્રિજની શાળાઓ શું કામ કરે છે ? તમે રઘુભાઈની શાળા આવીને જુઓ તો ખરા. સંગીત, ચિત્ર અને અનેક પ્રવૃત્તિઓ આ શાળામાં ચાલે છે. હવે તો આર. સી. ટેકનિકલમાં પણ એક ગ્રૂપ તાલીમ લેવા જાય છે. આ લત્તાનાં બાળકોને ત્રણ વર્ષના કોર્સ પછી સર્ટિફિકેટ પણ મળે છે અને સાહેબ, હું તો એમ માનું છું કે આપણાં મિલ-મજૂરોનાં બાળકોને ભણાવવાનું કામ આ માણસ (રઘુભાઈ)-આ કેળવણીકાર કરી રહ્યા છે. અહીંયાંના મિલમજૂરોનાં બાળકોને ભણાવવાની જવાબદારી તેમણે ઊપાડી છે. આનાથી તેમનો આભાર માનવો જોઈએ. આમ આ શાળાની વાતો તેઓ વારંવાર શેઠને કરતા.

આ માધુભાઈ મિલ કમ્પાઉન્ડનાં મકાનો પડી જવાનાં છે એથી રઘુભાઈ ખૂબ દુઃખી છે એ વાતની ખબર ચુનીભાઈ પટેલને પડી. શાળાના આ પ્રશ્ને રઘુભાઈને દિલ્હીથી અમદાવાદ આવવાનું થતું ત્યારે ચુનીભાઈને મળવાનું અચૂક બનતું. તેઓ એમને મળવા આવ્યા. રઘુભાઈના સ્વસ્થ ચહેરા ઉપર એમણે દુઃખની રેખાઓ જોઈ. સાથે બેસીને પાન-સોપારી ખાતા રઘુભાઈ આજે એમને કંઈક જુદા જ લાગ્યા. શાળાનાં મકાનો પડવાની તૈયારીમાં છે એ વાત તેમણે રઘુભાઈ પાસેથી જાણી લીધી. ચુનીભાઈથી રઘુભાઈનું આ દુઃખ

સહન ન થયું. જ્યારથી પડોશી થયા ત્યારથી જ અમે તો સ્વજન બની ચૂક્યા હતા. તેઓ શેઠ નવનીતભાઈને રઘુભાઈની વાત કરતા. તેઓ ભણેલા ન હતા પણ વ્યવહારું અને કુશળ ચુનીભાઈ નવનીતભાઈ શેઠની મિલ બહારની પ્રવૃત્તિઓની વ્યવસ્થા કરતા. રઘુભાઈ હસતાં હસતાં કહેતા કે તમે પણ પીએચ.ડી. જ છો હો ચુનીભાઈ. સરસ્વતીને પુનઃ જીવન આપેલી આ શાળા પાછી ઝડપાઈ જાય, અદૃશ્ય થઈ જાય તો ? ને રઘુભાઈનું દુઃખ તેઓ સમજી શકતા હતા. આ બધી વાતો તેમણે શેઠ શ્રી નવનીતભાઈને કરેલી હતી. શ્રી નવનીતભાઈ શેઠ ચુનીભાઈની વાતો દ્વારા જ રઘુભાઈની મૂંઝવણ જાણી ગયા હતા. તેમણે સામેથી રઘુભાઈને મળવા બોલાવ્યા. એમની મિલની પાસે જ નવ-દસ હજારવાર જમીન શેઠ નવનીતભાઈ પાસે હતી. જે સરસપુરની નજીક જ હતી. એ જમીન પડતર છે. મારી ઈચ્છા (શેઠ નવનીતભાઈની) આ દસ હજારવાર જેટલી જમીન તમે જે નમૂનેદાર કામ કરી રહ્યા છો એ શૈક્ષણિક સંસ્થાને એટલે કે તમારા મંડળને આપવાની મારી ઈચ્છા છે. તમે જો હા પાડતા હો તો જમીન મંડળને ભેટ આપવાની વિધિ હું શરૂ કરી દઉં.

૧૯૪૪માં સરસ્વતીને પુનઃજન્મ મળે એ વખતે શ્રી શાંતિલાલ મંગળદાસે રૂા. ૧૦,૦૦૦ આપીને અણીને વખતે જે મદદ કરી હતી તેવો વખત આજે આવ્યો હતો ત્યારે શ્રી નવનીતભાઈ શેઠે સરસ્વતીને જીવતી રાખવાને માટે આ જમીન અર્પણ કરવાનો શુભ વિચાર કર્યો. આ અમારા યજ્ઞની એક સફળતા હતી. આ સમાચારથી રઘુભાઈના હૈયામાં આનંદનો પાર નહોતો. તેઓએ નવનીતભાઈ શેઠને કહ્યું કે,

“I have no words to express my thankfulness to you. અણીના વખતે આ જમીન તમે અમને આપી છે તે માટે સરસ્વતી કાયમ તમારી ઋણી રહેશે.” સરસ્વતીને ફરી પુનઃ જન્મ મળે છે એ માટે અમારો આનંદ સમાતો નથી. ભલે માધુભાઈ મિલનું કમ્પાઉન્ડ જાય પણ સરસ્વતી જીવતી રહેશે. કેવો હતો એ સુમેળ! કેવી મિત્રતાની એ રીત અને ફળ ! ચૌદ વર્ષની ચુનીભાઈની દોસ્તીએ શેઠ નવનીતલાલ સમક્ષ સરસ્વતીનું વાસ્તવિક સ્વરૂપ વારંવાર જરૂર ઉપસાવ્યું હશે જેથી એમના મનમાં આ જમીન સરસ્વતીને આપવાની પ્રેરણા મળી. સરસપુરના એ બાળકોના નસીબ ઝળક્યાં અને અમારો યજ્ઞ ચાલુ રહ્યો. હાથ મિલાવીને રઘુભાઈ ઊભા થયા. ચુનીભાઈ પણ રઘુભાઈની સાથે શેઠ નવનીતભાઈની ઑફિસમાંથી બહાર નીકળ્યા. રઘુભાઈની ભીની થયેલી આંખો ચુનીભાઈની જાણ બહાર નહોતી. “રઘુભાઈ આ તો તમારું કામ બોલે છે. કોઈએ તમારા ઉપર ઉપકાર કર્યો નથી.” એમ ચુનીભાઈ બોલ્યા. ‘છતાં આપણે એમના ઋણી તો ગણાઈએ જ’ રઘુભાઈએ જવાબ આપ્યો. આમ આ જમીન અંગેના આનંદના સમાચાર શ્રી હરભાઈ અને શ્રી એચ. એમ. પટેલ સાહેબને તે જ દિવસે આપી દીધા.


આ સમાચારે સૌમાં એક આનંદની લહેરખી ઉમટી આવી ! જાણે અમારા અને બાળકોનાં નસીબ ખૂલી ગયા અને હળવાં હૈયે રઘુભાઈ દિલ્હી પાછા આવ્યા.

આ સમયે ચુનીભાઈને યાદ કર્યા વિના હું રહી શકતી નથી. ચુનીભાઈ તમે ખરેખર મૈત્રી નિભાવી. તમે જ્યાં હો ત્યાં અમે તમને પ્રેમથી યાદ કરીએ છીએ.

જમીન આપ્યા પછી શેઠ નવનીતભાઈ પણ સરસ્વતી વિદ્યામંડળના દાતા તરીકે સભ્ય બન્યા. ધીરે ધીરે તેઓ પણ અમારી વચ્ચે શિક્ષણનાં કામ દ્વારા મિત્રતા વિકસાવવા માંડ્યા. તેઓ જીવ્યા ત્યાં સુધી સંચાલન મંડળની મિટિંગ તેઓએ ઍટેન્ડ કરી છે. આજે આવા સરસ દાન માટે અમે સરસ્વતીના સૌ આદરપૂર્વક તેમનું સ્મરણ કરીએ છીએ.

# આ પણ રાષ્ટ્રપ્રેમ છે


**મનસુખભાઈ સલ્લા**
સી-૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટ, દેવાશિષ પાર્ક સામે,
જજીસ બંગલા વિસ્તાર, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૮૨૪૦૪૨૪૫૩

કોઈપણ રાષ્ટ્ર માટે યુદ્ધ પ્રાસંગિક અને અનિવાર્ય પરિસ્થિતિમાં જ હોય છે. યુદ્ધ વખતે આખું રાષ્ટ્ર જાણે એક પ્રાણ થઈ જાય છે. રાષ્ટ્રપ્રેમનો ઉદ્રેક ચોતરફ અનુભવાય છે. પરંતુ યુદ્ધની સ્થિતિ કાયમ આવકાર્ય નથી હોતી. એ નાછૂટકાની પસંદગી હોય છે. છેલ્લું પગલું હોય છે.

હકીકતે રાષ્ટ્રપ્રેમ રોજબરોજના જીવનમાં પ્રગટ થવો જોઈએ. યુદ્ધ વખતે આખું રાષ્ટ્ર એક, અખંડ, સંવાદી બની રહે અને સામાન્ય દિવસોમાં એથી ઊલટી રીતે વર્તે તો એવું રાષ્ટ્ર સુરક્ષિત ન રહી શકે, વિકસી ન શકે, ગૌરવશાળી બની ન શકે. એટલે કે નાની નાની ઘટનાઓમાં, રોજબરોજની ઘટનાઓમાં રાષ્ટ્રપ્રેમ પ્રગટ થવો જોઈએ. ઈ.એન.રેન્ડ નામના વિચારકે કહ્યું છે કે ‘મનુષ્યે પોતાનું કામ ઉત્તમ રીતે કરવું જોઈએ, એ જ નૈતિકતા છે.’ રોજબરોજનાં કાર્યોમાં, પોતાની ફરજમાં આવતં હોય એ ઉત્તમ રીતે કરવું એ મનુષ્ય તરીકેનો ખરો વિકાસ છે. જે રાષ્ટ્રમાં આવા નાગરિકો વધારેમાં વધારે હોય તે રાષ્ટ્ર સૌથી વધુ સમૃદ્ધ અને વિકસિત ગણાય.

આપણો એક ભ્રમ એવો છે કે દેશનેતા હોવું, મહત્ત્વના પદ પર હોવું, ઊંચું આર્થિક વળતર મળતું હોય એવું કાર્ય કરવું એ જ રાષ્ટ્ર માટે મહત્ત્વનું પ્રદાન છે. પરંતુ એવું નથી હોતું. રાષ્ટ્ર એટલે જ હજારો સેવાઓ બજાવનારા લાખો સાધારણ માણસો, એમનાં નામ કે ફોટા અખબારમાં નથી આવતાં, પરંતુ રાષ્ટ્રનો ખરો આધાર તેઓ જ હોય છે.

એક ડ્રાઈવર સુરક્ષિત રીતે, નિયમિતતાથી, મુસાફરોની કાળજી રાખીને બસ ચલાવે તો એ એનો રાષ્ટ્રપ્રેમ જ છે. એક સફાઈ કામદાર કાળજીથી, ઝીણવટથી, ક્યાંક કશું. ગંદુ ન રહે એમ સફાઈ કરે તો એ રાષ્ટ્રપ્રેમ જ છે. એક ક્લાર્ક પોતાની પાસે આવતા કાગળોનો સમયસર, પક્ષપાત વિના, યોગ્ય અભિપ્રાય કે નિયમ મુજબના નિર્ણય સાથે નિકાલ કરે તો એ રાષ્ટ્રપ્રેમ છે. એક શિક્ષક પોતાનું કામ જરાય પ્રમાદ વિના, વિદ્યાર્થીઓ માટેના પ્રેમથી અને દક્ષતાથી કરતો હોય તો એ રાષ્ટ્રપ્રેમ જ છે. એક ખેડૂત જે કાંઈ ઉત્પાદન કરતો હોય તેમાં રાસાયણિક જંતુનાશકો છાંટ્યા વગર, જૈવિક ખાતર નાખીને, મનુષ્ય-આરોગ્યને પોષક એવી રીતે તૈયાર કરતો હોય, ઉત્પાદનમાં કશી ભેળસેળ ન કરતો હોય તો એ દેશપ્રેમ છે. એક પોલીસ નિયમાનુસાર, વહાલાંદવલાં કર્યા વિના, પોતાનું કર્તવ્ય બજાવતો હોય તો એ દેશપ્રેમ છે. એક ન્યાયાધીશ પક્ષપાતરહિત કાયદાના ઉચિત અર્થઘટન સાથે, કોઈની શેહમાં આવ્યા વિના, વાજબી સમયમાં ચુકાદાઓ આપે તો એ રાષ્ટ્રપ્રેમ જ છે. એક ઉદ્યોગપતિ જે કોઈ ઉત્પાદન કરતો હોય તે ટકાઉ, પર્યાવરણને સંવાદી, લોકોપયોગી અને નફાનું યોગ્ય પ્રમાણ જાળવીને વેચે તો રાષ્ટ્રપ્રેમ જ છે. એક ડૉક્ટર દર્દીને સમયસર, યોગ્ય, પૂરી દક્ષતાથી અને વાજબી ફી લઈને સારવાર આપે તો એ રાષ્ટ્રપ્રેમ છે. સચિવ, કલેક્ટર, ડીડીઓ, ડીએસપી જેવા નિર્ણાયકો પોતાના નિર્ણયો, નિયમોના વાજબી અર્થઘટનથી, માનવીય સંવેદના જાળવીને, ન્યાયી રીતે અને પક્ષપાતરહિત રીતે તથા કોઈની શેહમાં આવ્યા વિના કરતા હોય તો એ રાષ્ટ્રપ્રેમ જ વ્યક્ત કરે છે.

આમાંના કોઈએ સરહદ ઉપર બંદૂક લઈને જવાની જરૂર નથી. તેઓ જ્યાં બેઠા છે, જે કોઈ કામ કરે છે તે રાષ્ટ્રને મજબૂત બનવામાં, ઘડતર કરવામાં, ન્યાયી અને સમાનતાલક્ષી બનાવવવામાં યોગદાન આપે છે. સરહદ સાચવવાનું કામ સૈનિકો કરે જ છે, પરંતુ દેશને અંદરથી

સાચવવાનું કામ આવી હજારો સેવાઓ પૂરી પાડનારા નાગરિકો કરે છે.

ધર્મસંસ્થાની ભારતીય સમાજ ઉપર વિશિષ્ટ અને ગાઢ અસર હોય છે. ધર્મસંસ્થાઓએ આ સંદર્ભમાં પોતાની કામગીરી નવેસર વિચારવી, ઠરાવવી પડશે. લોકો ધર્મસંસ્થાને શ્રદ્ધાથી જોતા હોય છે. એટલે તેમનામાં દંભ, ભ્રષ્ટાચાર, વૈભવીજીવનનો મોહ કે અયોગ્ય સંબંધો જુએ છે ત્યારે લોકોની શ્રદ્ધાને આઘાત પહોંચે છે. જો ધર્મસંસ્થાઓ ધર્મના સાચા, વ્યાપક, સર્વજનહિતને પોષક એવા વ્યવહારો કરે તો રાષ્ટ્રપ્રેમ વ્યક્ત કરે છે એમ ગણાય.

ભારતમાં જે વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર, કામચોરી, ફરજમાં બેદરકારી, સ્વાર્થાંધતા અને ઉત્તરદાયિત્વનો અભાવ જોવા મળે છે તે રાષ્ટ્રપ્રેમની ઊણપને કારણે છે. આ સઘળાંની અસર હવે કેવળ રાષ્ટ્ર સુધી મર્યાદિત નથી રહેતી, કારણ કે નવી ટેક્નોલોજી અને ઉપકરણોને કારણે જગત નજીક આવી ગયું છે. એક દેશમાં ભરાતું કોઈપણ અનિષ્ટ, અયોગ્ય નિર્ણયનું સ્વાર્થપ્રેરિત પગલું બીજા અનેક દેશોને અસર કરે છે. આજ સુધી એમ મનાતું હતું કે આપણા દેશનાં હવા, પાણી, પ્રકાશ, ધરતી, વનો જાળવીએ તો પૂરતું છે, પરંતુ હવે વિશ્વ એટલું નજીક આવ્યું છે કે આ સઘળાંની અસર સમગ્ર વિશ્વ ઉપર, તેના પર્યાવરણ અને જનજીવન ઉપર થાય છે. (આ સંદર્ભે વધતી ગરમી, અસ્વાભાવિક ઋતુપલટા, વિનાશકારી વાવાઝોડાં, આરોગ્ય બગડવાની ઝડપ, લોકોનું વધતું માનસિક ભારણ, સંબંધોમાં પેદા થતી તાણ વગેરેને નવેસર તપાસવાં જરૂરી બને છે.)

એટલે આપણે સમજવું પડશે કે હવા, પાણી, પ્રકાશ, ધરતી, વનોને છેલ્લાં સાડા ત્રણસો વર્ષમાં જે રીતે બગાડ્યાં, નાશ કર્યો કે આપણી અનુકૂળતા મુજબ મચડ્યાં છે તેની ઘણી મોટી કિંમત સમગ્ર માનવજાતે ચૂકવવી પડશે. કાં સમજીને વ્યવહાર કરીએ, સંવાદી જીવનશૈલી અપનાવીએ, નહિ તો ઘણી કઠોર અને ભયાવહ કિંમત ચૂકવીએ એ બે જ વિકલ્પ છે - કેવળ ભારત સામે નહિ, સમગ્ર વિશ્વ સામે.

રાષ્ટ્રપ્રેમ એટલે નાગરિકધર્મનું પાલન. આપણે સૌ વ્યક્તિ તરીકે ભલે નાના એકમરૂપે છીએ, પરંતુ એવાં લાખો નાના એકમો મળીને રાષ્ટ્ર બને છે. તેમાં દરેકનું મહત્ત્વ છે, પ્રદાન છે, ફાળો છે. વિશાળ યંત્રમાં એક નાનો બોલ્ટ બરાબર ન હોય કે બરાબર બેઠેલો ન હોય તો એની અસર કે પરિણામ આખા યંત્રને થાય છે, અટકી પડે છે. એમ જ વ્યક્તિ ભલેને અતિ નાનું ગણાતું કામ કરતી હોય તો પણ એની અસર આખા દેશના ચારિત્ર ઉપર થતી હોય છે. રાષ્ટ્રનું ચારિત્ર એટલે એના નાનામાં નાના નાગરિકનું ચારિત્ર.

વળી ચારિત્રની ઓળખ કેવળ સ્ત્રી-પુરુષ સંબંધ સુધી મર્યાદિત નથી. એક માણસ લગ્નબાહ્ય સંબંધ ન રાખે, ટીલાં-ટપકાં-પૂજા કરતો હોય, પરંતુ તે નબળો માલ પેદા કરતો હોય, અસ્વાભાવિક નફો લેતો હોય, લોકોના આરોગ્યને હાનિ પહોંચાડતો હોય, ફરજમાં બેદરકારી બતાવતો હોય, કોઈ જોનાર ન હોય ત્યારે નિરાંતજીને નિયમભંગ કરતો હોય તો એ વ્યક્તિ ચારિત્રભ્રષ્ટ જ છે. એવી ભ્રષ્ટ વ્યક્તિ પોતાને, પોતાના સમાજને, રાષ્ટ્રને અને સમગ્ર સમષ્ટિને આઘાત પહોંચાડે છે, ક્ષીણ કરે છે, વ્યવસ્થા અને ધોરણોને તોડે છે.

જેમ સરહદ ઉપર સૈનિકો પ્રત્યેક ક્ષણે રાષ્ટ્રપ્રેમથી નિર્ણય કરે છે, વર્તન કરે છે, જાગ્રત રહે છે, તેમજ રાષ્ટ્રની અંદર પ્રત્યેક વ્યક્તિએ આ ભાવથી નિર્ણયો કરવા જોઈએ, વ્યવહારો કરવા જોઈએ, કર્તવ્યપાલન કરવું જોઈએ, જાગ્રત રહેવું જોઈએ. એમાં બીજા સામે આંગળી ચીંધવાનો અર્થ નથી. દરેકે જાત સામે જ આંગળી ચીંધવી જોઈએ.

યુદ્ધ વખતે થોડા દિવસ રાષ્ટ્રપ્રેમ બતાવીએ અને પછી કાયમ રાષ્ટ્રને આઘાત પહોંચાડનારાં પગલાં ભરતાં રહીએ તો આપણે રાષ્ટ્રને ચાહીએ છીએ એવો દાવો નહિ કરી શકીએ.

એટલે નાગરિકધર્મનું પાલન કરનારા નાગરિકો પેદા થાય એ સાચો જવાબ છે. એ માટે સૌથી અસરકારક એવાં

બે પરિબળો છે : (૧) પરિવાર અને (૨) વિદ્યાલય. પરિવારોએ બાળઉછેર અને ઘડતર માટે નવી નજર કેળવવી પડશે. સંબંધભાત બદલવી પડશે.

આજની થોડાક લાખને નોકરી અપાવનારી શિક્ષણરચના આમાં કામયાબ નહિ થાય. તમામ મનુષ્યોનું ચારિત્ર્યઘડતર થાય એવી કેળવણી અનિવાર્ય છે. નાદાર નાગરિકો દ્વારા મહાન રાષ્ટ્રનું નિર્માણ ન થઈ શકે. અને આજનો યુગસંદર્ભ જોતાં કેવળ પોતાના રાષ્ટ્ર માટે પ્રેમ હોય એ પૂરતું નહિ થાય, એથી આગળ વધીને સમષ્ટિનાં કાળજી, જાળવણી અને પ્રેમ અનિવાર્ય બનશે.

આ નજર હશે, આ ભાવના હશે, આપણી જાગૃતિ હશે તો આપણે મનુષ્ય તરીકે અને રાષ્ટ્ર તરીકે ગૌરવ લઈ શકીશું.

## નાગરિકોનું અમદાવાદ-૨૦૨૦

**સુખદેવ પટેલ**

મો. ૯૮૨૫૦૧૨૦૩૬

લીલુંછમ અમદાવાદ બારે માસ હોય, તો અમદાવાદી ઝાલ્યો ન રહે. એ વાત પાકી કરાવવા, જરા જુદી રીતે વિકાસના વંટોળે ચગવું પડે. ચીલાચાલું રાજકારણના આટાપાટા છોડી, સાબરમતીના પોતાના ખળખળ વહેતાં પાણીનો પરચો દેખાડવાનાં દાડા આવી ગયાં છે.

અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરના (મેયર શું કરે છે? ખબર નથી) તાજેતરના જાપાનીઝ પદ્ધતિથી વૃક્ષ ઉછેરના આયોજનમાં જોડાઈ જઈએ. (તો યુનિવર્સિટી મેદાનમાં ગ્રીનીઝ બુકવાળી લાખેણી વૃક્ષ રોપણીની અમદાવાદના કપાળે લાગેલી કાળી ટીલી મટે) તો નવું રચનાત્મક નાગરિક(રાજ)કારણ જન્મે..

ઑનલાઈન રજિસ્ટ્રેશન કરાવીને અમદાવાદના અડતાલીસે અડતાલીસ વોર્ડમાં નાગરિકોને અમદાવાદને લીલુંછમ બનાવવા સક્રિય થવા આવાહન છે.

## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ?, આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે ?, આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ?, આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે. વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવા વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઈ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- ● આજીવન રૂા. ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org**

**www.saraswatividyamandal.org/publication**

# મોરારિબાપુ : વૈશ્વિક સંસ્કૃતિ આદાનપ્રદાનના જ્યોતિર્ધર

**ધીમંત પુરોહિત**
એડિટર, ન્યૂઝ વ્યૂઝ, ૮, સુંદરવન બંગ્લોઝ,
આર.જે. કૉલેજ પાસે, વસ્ત્રાપુર,
અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૮૭૯૮૧૦૧૦૧



## તખુભાઈ સાંડસુરનું રવાન્ડા સફરનામા : ધીમંત પુરોહિત સાથે


**ધીમંત પુરોહિત : તખુભાઈ, રવાન્ડા સફરનું પ્રયોજન શું? તે કેવી રીતે પાર પાડ્યું?**

**તખુભાઈ :** રવાન્ડા પૂર્વ આફ્રિકાના કોંગો, યુગાન્ડા, ટાન્ઝાનિયા, બરૂન્ડી, કેન્યા સહિતના દેશો પૈકીનો એક નાનકડો દેશ છે. અહીં જવાનું 'અસંભવામિ યુગે યુગે જેવું ગણાય. કારણ કે, ત્યાં આપણો તંતું કે સેતુ સાવ પાતળો લેખાય. પ્રવાસન સ્થળ તરીકે તે ખ્યાત નથી. પરંતુ મોરારિબાપુની રામકથાનું ત્યાં આયોજન, તેમાં મને નિમંત્રણ મળવું. બાપુ ગુજરાતના સાક્ષરો, સર્જકો, લોક કલાકારો, નવોદિતો અને ઉપેક્ષિતોને વિશ્વના અન્ય પ્રદેશોનો પરિચય કરાવવા પ્રવાસમાં જોડે છે એવું કહેવાય. પૂ. બાપુ વૈશ્વિક સંસ્કૃતિનાં આદાનપ્રદાનના જ્યોતિર્ધર છે. તે સમાંતર સરકાર જેવું કાર્ય કરી રહ્યા છે. સરકાર જે કોઈ પણ બે દેશના સાંસ્કૃતિક, ભૌગોલિક પરિચય માટે સૌને જોડી શકે. પૂ. બાપુના આ કાર્ય માટે લખવા પાનાં ઓછાં પડે, પણ કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના શબ્દોમાં આટલું કહી શકાય :

*'જ્યારે દીવો ન ધરે કોઈ,*
*જ્યારે ઘનઘેરી તુફાની રાતે બાર વાસે તને જોઈ,*
*ત્યારે આભની વીજે તું સળગી જઈને,*
*સૌ નો દીવો એકલો થાને રે. '*

વધુ ઉમેરું;

***ભારત વર્ષ કા વહ અકેલા ફકીર હૈ***
***જિસકે જોલે મેં સત્ય, પ્રેમ, કરુણા કા પ્રસાદ હૈ.***
***જો ચાહે, જિતના ચાહે પા સકતા હૈ.***



કહું, બાપુની કરુણા જ અમને અહીં સુધી પહોંચાડી લાવી.

**ધીમંત પુરોહિત : આફ્રિકાખંડના રવાન્ડાની ધરતી પર પગ મૂકતા તમને કેવો અનુભવ થયો ?**

**તખુભાઈ :** અમે દુબઈના ત્રણ-ચાર કલાકના રોકાણ પછી હવાઈજહાજ બદલી શનિવારે તેના કેપિટલ કિગાલીમાં ઊતર્યાં. ત્યારે તારીખ હતી ૨૦ એપ્રિલ ૨૦૧૯. પહેલી નજરે લીલોતરી જોઈને આંખો ઠરી ગઈ. સૌરાષ્ટ્રના સૂકા ભઠ્ઠ જેવા પ્રદેશમાંથી ચોમેર લીલીધરા... અમારા નિવાસનો હોટલ સ્ટાફ, રસ્તા પર અવરજવર કરતાં રાહદારીઓ, બધાંના ચહેરામાં એક નિર્દોષતા સતત ડોકાતી હતી. અડદમાં ઓગળી જાય તેવો રંગ ભલે હોય, પણ તેનાં હ્રદયની કુમાશ ગુલાબની મખમલી પાંદડીઓથી જરાય ઓછી ન હતી. લગભગ તમામનાં ભાવજગતમાં એક ગ્લાની, માયુષી હોવાનો સતત અહેસાસ થતો હતો. મને તો આ ઈતિહાસની બહુ વિશેષ જાણકારી ન હતી. પણ પાછળથી એક મહાભયાનક પાનું ઊંચકાયું, જેણે સૌને દંગ કરી દીધાં. તે હતો દસલાખથી વધુ લોકોનો સને ૧૯૯૪નો જાતિસંહાર. જેનોસાઈડ મેમોરિયલ પર પોતાના

આપ્તજનો માટે આંખોની અશ્રુધારા લૂછતી એક સ્ત્રીને જોઈ હું પણ મારી આંખોની નમીને રોકી ન શક્યો. આંસુ કોઈ ભાષા કે પ્રદેશનો ઈજારો નથી, તે વિદિત છે.

**ધીમંત પુરોહિત : હા, રવાન્ડાનો જેનોસાઈડ નરસંહારની વાસ્તવિકતા તમારા મતે શું છે ? સાંપ્રત સ્થિતિનો કેવો અનુભવ ?**

**તખુભાઈ :** અમારા ઉતારાનું કિગાલી શહેર ૧૨ લાખની વસ્તીનું તથા રવાન્ડા આખા દેશની વસ્તી ૧. ૨૦ કરોડ છે. સૌરાષ્ટ્રથી પણ નાનું ગણી લો. અહીં તુત્સી, ત્વા અને હૂતુ આદિવાસીઓની વસ્તી છે. સને ૧૯૬૨માં આઝાદી મળી પછી બહુમત હૂતુ લોકો સત્તામાં હતા. તુત્સી જાતિની લઘુમતી હોવા છતાં તેને સતત આથી અકળામણ થતી હતી. હૂતુ અને તુત્સી જાતિઓ વચ્ચે સને ૧૯૯૦ પછી નાની-મોટી હિંસક અથડામણો થયા કરતી હતી. પરંતુ ૬ એપ્રિલ ૧૯૯૪ ના રોજ હૂતુ જાતિના રંવાડી પ્રમુખ હિબોઅરીનામા અને પાડોશી દેશ બરુન્ડીના પ્રમુખ સિપ્રેન જયારે કિગાલી એરપોર્ટ પર હવાઈજહાજમાં બોર્ડ થતા હતાં ત્યારે તેના પ્લેનને રોકેટથી ઉડાવી દેવામાં આવ્યું. બંને પ્રમુખોની હત્યાથી ભડકેલી હૂતુ જાતિના લોકોએ ચોમેર તુત્સી જાતિના લોકોની કત્લેઆમ શરૂ કરી. ત્યાંનું એક ‘થામ્બા‘નામનું હથિયાર જે ધારિયાં જેવું ગણાય તેનાથી લગભગ બધાંનાં ગળાં કાપીને હત્યા કરવામાં આવી. એકલા કિગાલી શહેરમાં જ ૨-૫ લાખ લોકોની હત્યા થઈ. સો દિવસમાં રવાન્ડામાં કુલ ૧૦ લાખ તુત્સી અને બે લાખથી વધુ હૂતુ મળીને૧૨ લાખ લોકોનો સંહાર થયો. આવી બેરહમીથી થયેલી કત્લેઆમ માનવ તરીકેની ઓળખને ભુલાવી દેનારી હતી. જોકે આજે હવે આ આઘાતમાંથી ત્યાંની પ્રજા બહાર આવી ગઈ છે. કોઇને તેની જાતિ પૂછવાની અહીં મનાઈ છે. જાતિનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. તેઓ હવે રવાન્ડિયન તરીકે પોતાની જાતને ઓળખે છે. ટૂરની બસમાં મારી સાથેના ગાઈડને જયારે મેં જાતિ વિશે પ્રશ્ન પૂછ્યો ત્યારે મિહિર સોની નામના ગુજરાતી યુવાને મને રોકીને પુનઃ કોઈની જાતિ નહિ પૂછવા મને ચેતવ્યો હતો. અને પેલા ગાઈડનો જવાબ હતો, ‘આઈ એમ રવાન્ડિયન.’

**ધીમંત પુરોહિત : આફ્રિકા જંગલો માટે જાણીતું છે તમારો શો રોમાંચક અનુભવ ?**

**તખુભાઈ :** હા, આફ્રિકાનો મધ્યભાગ વિષુવવૃત્તીય છે, તેથી આ પ્રદેશ વરસાદ, પ્રાકૃતિક વૈભવનો રાજા છે. અહીં ત્રણેક જેટલા નૅશનલ પાર્ક છે. તે પૈકીના પશ્ચિમ ભાગમાં આવેલું એકેગેરા અને પૂર્વમાં આવેલું વાંલ્કાનોઝ નૅશનલ પાર્કની મુલાકાત લેવાનું શક્ય બન્યું. એકેગેરા ટાન્ઝાનિયાની સરહદ ઉપર આવેલું, એહેમા તળાવનું રુપ છોગું ધરાવતું માણવા જેવું જંગલ છે. અમને મહાલતા હાથીઓ, એહેમા તળાવમાં જબોળાતો હિપોપોટેમસ, ઘાસિયા મેદાનોમાં તબડાટી કરતાં ઝીબ્રા અને લાંબી ગ્રિવાધારી જિરાફને નજીકથી જોવાનો રોમાંચક અનુભવ થયો. પક્ષીઓની સંખ્યા એમાં માતબર જોવા ન મળી. માંસાહારી પ્રજાની તે તૃપ્તિ બની ગયાનું લાગ્યું. આવી જ બીજી સવાર વાલ્કાનોઝ ના ગોરીલા નૅશનલ પાર્કમાં ઉઘાડ પામી. બે-ત્રણ ફૂટના અંતરેથી તસવીરો ખેંચીને સ્પર્શ કરી લેવા જેવી બીના રોમટા બેઠાં કરે તેવી હતી. અદ્ભુત. અદ્ભુત.

**ધીમંત પુરોહિત : રવાન્ડિયન અને ભારતીય લોકજીવનમાં આપને શું તફાવત જોવા મળ્યો ? તે ફેરફારોને કઈ રીતે આલેખી શકાય ?**

**તખુભાઈ :** રવાન્ડી રંગે કાળા છે. દસ હજારમાંથી કોઈ એકાદ વ્યક્તિ તમને આછું કાળું જોવા મળે. તમામ લોકો માંસાહારી, ખડતલ છે. ગરીબીનું પ્રમાણ ગ્રામપ્રદેશમાં વધુ છે. ગામડાંનાં નામો ઘણીવાર અટપટા છે. જેમકે સેન્ડુઝ, તુનુધેસ જે યાદ રાખવા પણ મુશ્કેલ હોય. તમામ લોકો ખ્રિસ્તી ધર્મ પાળે છે. તેથી તેનાં નામો તેને લગતાં જ હોય છે. જેમ કે; વિલિયમ, એલન, એમીના, મેરી, ટ્વીકલ, એન્ટી વગેરે. શરીરમાં ખૂબ તાકાત હોવાં છતાં

અંદરથી કોઈ મોટા શોકમાં ડૂબેલા, ભાગ્યે જ હસતાં- સ્મિત રેલાવતાં તેઓ જોવાં મળ્યાં. બધાં હવે કોઈ જાતિના નામને બદલે રવાન્ડી તરીકે ઓળખાય છે. કૉફી, જુવાર, મકાઈ, કેળાંની ખેતી કરે છે. મોટાભાગનો માલ-સામાન સાઈકલમાં હેરફેર કરે છે. પર્વતમાળાઓમાં નાના ખેતરો બનાવીને બધાં ત્યાં જ ખેતરના છેડે ઝૂંપડું બનાવીને રહે છે. મોટેભાગે મકાનની છત પતરાની હોય છે, વાંસ અને માટીમાંથી ઝૂંપડું બનાવે છે. પહેરવેશમાં ભારતીયથી હવે જુદાં નથી.

**ધીમંત પુરોહિત : રાજનીતિ અને વહીવટી બાબતોમાં તે દેશ કઈ રીતે જુદો પડે છે ?**

**તખુભાઈ :** રવાન્ડિયન પેટ્રીયેટ ફ્રન્ટના પોલ કગામે ૧૯૯૪થી રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાતા આવે છે. વિરોધ પક્ષ નહિવત છે. ૯૯ ટકા લોકો તેના પક્ષમાં જ છે. તેના વિરુદ્ધ કોઈ વાત થઈ શકતી નથી મોટેભાગે તે સરમુખત્યાર જ પરોક્ષ રીતે ગણાય. દર પાંચ વર્ષે ચૂંટણી થાય છે. તે તુત્સી જાતિના છે. ૧૯૯૪ના બળવા પછી તેના પક્ષે પાટનગર કિગાલી પર કબજો કરી લીધો. કાયદાઓ ખૂબ કડક છે, જે તેને તોડે તેને તરત સજા મળે. ઝિબ્રા ક્રૉસિંગ સિવાય કોઈ રોડ ક્રૉસ કરવાની હિંમત પણ કરતું નથી. તે મેં નજરે જોયું. હત્યા કે બળાત્કાર જેવી ઘટનાઓ ભાગ્યે જ બને છે. કારણકે તે આરોપીને જીવતો રાખે છે કે નહી એ ત્યાંના લોકો સંદેહ વ્યક્ત કરે છે. . ! સ્થાનિક ગૃહસ્થ વાય. પી. જોશીએ કહ્યું 'અહીં પ્રીપેડ ઇલેક્ટ્રિસિટી છે. ટેક્સ પણ બધાએ સમયસર ભરવો પડે છે. એરાઈવલ વીઝા છે. હવે ઈસ્ટ આફ્રિકાના બધા દેશોનો એક કોમન પાસપોર્ટ તૈયાર કરવાની પ્રક્રિયા ચાલુ છે. જેથી એકબીજા દેશો વચ્ચે સરળતાથી આવ-જા કરી શકાય. અહીં સમુદ્ર કિનારો નથી. જેથી બધો માલ સામાન ટાન્ઝાનિયાના દારે સલામ બંદરથી આવ-જા કરે છે. તેથી બધી વસ્તુ થોડી મોંઘી હોય. ભારતના એક રૂપિયા સામે ત્યાનુ ચલણ રવાન્ડિયન ફ્રાન્કનો ભાવ દસ રૂપિયા છે એટલે કે ભારતીય ૧૦ રૂપિયાના ૧૦૦ રવાન્ડિયન ફ્રાન્ક આવે. મોંઘવારી ઘણી છે એક ચાના કપ નો ભાવ બે હજાર ફ્રાન્ક છે. અહીં મોટરસાઇકલ ટૅક્સી છે, એટલે કે તમે કોઈ પણ મોટરસાઇકલ રીક્ષાની જેમ ભાડે કરી શકો છો. ટૅક્સી ધારક પાસે હેલ્મેટ પણ હોય છે, જે તમને તમારા ગંતવ્ય સ્થાન સુધી હેલ્મેટ પૂરો પાડે છે. લિંગભેદ ઓછો છે તેથી પુરુષ મોટરસાઇકલ ચાલક પાછળ સ્ત્રીઓ ફરતી જોવા મળી.

**ધીમંત પુરોહિત : એવી કોઈ ઘટના જે તમને હંમેશાં યાદ રહી જશે ?**

**તખુભાઈ :** હા, વાત એ હતી કે રવાન્ડાનું મુખ્ય આકર્ષણ ગોરીલા દર્શન, ટ્રેકિંગ હતું. પરંતુ આ પાર્કની પરમિટ ફી રૂપિયા ૧૫૦૦ અમેરિકન ડોલર હતા. એટલે કે તે ભારતીય ચલણમાં રૂપિયા ૧ લાખથી વધુ થાય. જે ચૂકવી શકવા અમે સક્ષમ નહોતા. અમે ત્યાની સરકારના એક મંત્રી ગાત્રેજી સાથે આપસ-આપસમાં પરિચય કેળવ્યો હતો. તેમણે ટૂરિઝમ ડેવલોપમેન્ટ સાથે સર્જકો, સાક્ષરો, પત્રકારોને સરકાર મંજૂરી આપે છે એમ જણાવ્યું. અમે ત્યાંની સરકાર સાથે, તેના પ્રવાસન વિભાગ સાથે પત્ર વ્યવહાર કર્યો, વિનંતી કરી. જેથી એની પારદર્શકતા, તુમારનિકાલ નીતિઓથી અમો ચાર મિત્રો મારા સહિત જિતુભાઈ જોશી, મૂકેશ પંડિત, મનોજ જોશીને ૨૭-૪-૧૯ ના રોજ વાલ્કાનોઝ નેશનલ પાર્કની ગોરીલા ટ્રેકિંગમાં જવા માટેની કૉમ્પ્લિમૅન્ટરી પરમિશન ગ્રાંટ થઈ. તેનો લેટર ઈમેલથી અમોને મોકલવામાં આવ્યો. અમો તેનાથી ખૂબ રોમાંચિત, પ્રભાવિત થયા. સવારે ત્યાંની સરકારી ગાડીમાં સવાર થઈ વાલ્કાનોઝ નૅશનલ પાર્ક જોઈ શક્યા. એટલું નહીં ૨૨ વર્ષના સિલ્વરબેક કહેવાય એવા ગોરીલાની પીઠ ઉપર હાથ અડાડવા જેવો અનુભવ યાદગાર બની રહ્યો.

**ધીમંત પુરોહિત : તમારા સફરનામાના અર્ક તરીકે કંઈ કહેવું હોય તો શું કહો?**

**તખુભાઈ :** પુ. મોરારિબાપુના શબ્દોમાં જ કહું; 'બાપ, આનંદ હી આનંદ...'

# દાદાગીરી !

હરિત પંડ્યા



૨૧, મેઘાનગર, પવનચક્કી રોડ, નડિયાદ-૨.
મો. ૯૪૨૮૬૯૯૮૫૪

હવે મને બધાં દાદા કહેતા થયા છે, એટલે પછી હું ય ક્યારેક 'દાદાગીરી' કરતો રહું છું.

સાંજે રોજ મને નજીકના બાગમાં જવાની ટેવ.

એક વાર મારી ઉંમરના એક સજ્જન, એમના ચારેક વર્ષના પૌત્રને એમની આંગળીએ વળગાડીને વૉકર્સ ટ્રેક પર મારી બાજુમાં ચાલી રહ્યા હતા. એમનો પૌત્ર ક્યારેક એમની આંગળી છોડી દેતાં ત્યારે એ સજ્જન પૌત્રને ધમકાવીને ફરી એમની આંગળી પકડાવી દેતાં.

મારાથી રહેવાયું નહીં.

"વડીલ, બાગમાં ટ્રાફિક તો છે નહીં. ટ્રેક પર ઝાઝી ભીડ પણ નથી. તો પછી તમારા પૌત્રને આંગળીએ વળગાડી રાખવાને બદલે એને છૂટ્ટો ચાલવા દોને." મેં સજ્જનને કહ્યું.

મારી વાત સાંભળતાં જ એમણે બાળક પાસે એમની આંગળી છોડાવી દીધી.

આંગળીથી મુક્ત થતાની વારમાં બાળક, પાંજરામાંથી મુક્ત થયેલ પંખીની જેમ ટ્રેક પર નાચતું કૂદતું ખાસ્સે દૂર સુધી દોડી ગયું. એને હર્ષઘેલું થઈને એની મુક્તિ માણતું અમે બેય જોઈ રહ્યા.

"વડીલ થૅન્ક યુ !" મેં કહ્યું.

એમણે મારી સામે જોયું અને સહેજ હસી લીધું. પછી અમે છૂટા પડ્યા.

વળી એક દિવસ બાગમાં એવા જ એક વડીલનો મને ભેટો થઈ ગયો. એમણે પણ એમના ચાર-પાંચ વરસના પૌત્રને આંગળીએ વળગાડેલો. ટ્રેક પર ચાલતાં ચાલતાં એ એમના પૌત્રને કહેવા લાગ્યા.

"બોલ બેટા સન્ડે, મન્ડે."

પૌત્ર સહેજ ગભરાતાં અને અચકાતો અચકાતો વારના નામ અંગ્રેજીમાં બોલી ગયો.

"સરસ ! ચાલ હવે મહિનાના નામ બોલી જા." વડીલે પૌત્રને કહ્યું, હું જાત પર કાબૂ રાખી ન શક્યો.

"ભાઈ, માફ કરજો. તમારો પૌત્ર બાલમંદિર જતો હશે ત્યાં એની ટીચર આવું બધું બોલાવતી રહેતી હશે, ઘેર એની મમ્મી, નવરી પડે એટલે એનું માથું ખાતી હશે, વળી બાલમંદિરની ટીચરે આપેલ હોમવર્ક તો ખરું જ. અહીં બાગમાં તો એ બધામાંથી એને મુક્તિ આપો. એને લપસણી ખાવા દો, બાગના હીંચકે એને ઝૂલવા દો, એના જેવડા છોકરાઓ સાથે એને હળવા-મળવા, ખેલવા-કૂદવા દો."

મને થયું હમણાં એમના તરફથી એકાદું કડવું વેણ સાંભળવા મળશે. પણ મારા આશ્ચર્ય વચ્ચે એમણે પૌત્રને મહિનાના નામ બોલાવવાનું માંડી વાળીને એને બાગમાં છૂટ્ટો મૂકી દીધો.

મેં એમનો પણ આભાર માન્યો.

એક દિ હું બાગમાં બાંકડા પર બેઠો હતો, ત્યાં મારી બાજુમાં એક યુવાન ગોઠવાયા. એમનો પોષાક સુઘડ હતો એમની બૉડી લેંગ્વૅજ પરથી, એ સુશિક્ષિત અને ખાધે-પીધે સુખી લાગતા હતા. બાંકડે ગોઠવાયા પછી એમણે ખિસ્સામાંથી ખાસ્સો એવો મોંઘો મોબાઈલ કાઢ્યો અને એના સ્ક્રીન પર આંગળી ફેરવવા માંડ્યા. હું એમની આંગળીને મોબાઈલના સ્ક્રીન પર નર્તન કરતી ઘડીક જોઈ રહ્યો.

મારી જીભમાં ફરી સળવળાટ ઉપડ્યો.

"ઍક્સક્યુઝ મી, પણ આ વ્યાયામ તો તમે ઘેર પણ કરી શકો. હું ધારું છું કે ઑફિસના તમારા કામથી કંટાળીને અહીં રિલેક્ષ થવા તમે આવ્યા હશો. તો પછી મોબાઈલને ખિસ્સા ભેગો કરીને બાગના માહોલને માણોને! સામે બાળકો કિલ્લોલ કરતાં રમી રહ્યાં છે. બાગનાં વૃક્ષો પર


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

પક્ષીઓ ઊડાઊડ કરી રહ્યાં છે. પણે થોડા સહેલાણીઓ ટોળે વળીને લોનમાં બેસીને હસી-મજાક કરી રહ્યાં છે. આ બધું જોઈને તમે જરૂર રિલેક્ષ થઈ શકશો. શું કહો છો તમે ?

મારી વાત સાંભળતાં જ એ યુવાને પોતાનો મોબાઈલ ખિસ્સામાં મૂકી દીધો.

"થેન્ક યુ યંગ મૅન ! શું કરો છો આપ ?"

"હું નડિયાદની ટોરેન્ટની ઑફિસમાં આસિસ્ટન્ટ મૅનેજર છું."

"ઓહ ! મેં તમને ડિસ્ટર્બ તો નથી કર્યા ને ?"

"જરાય નહીં. ખરેખર તો વડીલ, મારે તમારો આભાર માનવો જોઈએ. આપ શું કરતા હતા ? "યુવાને મને પૂછ્યું.

"હું કૉલેજમાં તમારા જેવા યુવાનોને અંગ્રેજી ભણાવતો હતો. નિવૃત્ત થયાને વર્ષો થયાં, હવે બધાં મને અંકલ ને બદલે દાદા કહે છે એટલે આવી થોડી દાદાગીરી કરતો રહું છું. મેં કહ્યું."

"દાદાગીરી કરવાનું ચાલુ રાખજો. આજના જુવાનિયાંને આપના જેવા દાદાઓની ઘણી જરૂર છે." યુવાને કહ્યું.

મારે, ઘેર જવાનો સમય થયો હતો. બાંકડેથી ઊભા થતાં મેં યુવાનને કહ્યું,

"ચાલો, બાય ! ફરી ક્યારેક મળીશું. ઈટ ઈઝ એ સ્મોલ વર્લ્ડ". કહી મેં યુવાનની વિદાય લીધી.

"આવજો, ગુડ નાઈટ ! યુવાને હાથ ઊંચો કરીને કહ્યું.

બાગમાંથી બહાર આવ્યા પછી મેં રિક્ષા કરી. રિક્ષા બાગના દરવાજેથી ઊપડ્યા પછી થોડીવારમાં એક પાનના ગલ્લા પાસે ઊભી રહી.

"બે મિનિટમાં આવું દાદા." કહી રિક્ષા ચાલક રિક્ષામાંથી નીચે ઊતરીને ગલ્લે પહોંચી ગયો. એ પાછો ફર્યો ત્યારે એના ગાલ ફૂલેલા હતા.

"ભૈલા, તું મસાલો ખાય છે, તમાકુ વાળો ?" મેં છોકરાને પૂછ્યું.

"હા દાદા, દિવસમાં પાંચ-છ મસાલા થાય." છોકરાએ કહ્યું, એની વય માંડ વીસ-બાવીસની હશે.

"સાંભળ મારી વાત મારે ઘેર જે બહેન કામ કરવા આવે છે એના ઘરવાળાને તારી જેમ તમાકુવાળા મસાલાની ટેવ હતી. એને મોંનું કેન્સર થયું. એ બે લાખના ખાડામાં ઊતરી ગયો. એનો દરજીનો ધંધો ચોપટ થઈ ગયો. તારી પણ બે-પાંચ વર્ષે એ જ દશા થશે. તારે એ કેન્સરના દરદીને મળવું હોય તો ચાલ તને મુલાકાત કરાવી આપું. તારા જેવા એક છોકરાને મેં કૉલેજમાં ભણાવેલો. એ મને એક દિવસ રસ્તામાં મળ્યો.

"સાહેબ ઓળખ્યો ?" આપે મને ભણાવેલો.

"ઓળખ્યો ને કેમ ના ઓળખું !"

"એના મોંમાં મસાલો ઠાંસોઠાંસ ભરેલો. મેં એને કહ્યું, હું તારો ગુરુ કહેવાઉં મારી ગુરુ દક્ષિણા બાકી ને ?

"હા, બોલો સાહેબ, ગુરુ દક્ષિણામાં શું આપું ?"

"આ તારો મસાલો મને આપી દે ગુરુ દક્ષિણામાં."

"આપ્યો સાહેબ, આજથી મસાલો ખાવાનું બંધ કહી એણે સહેજ બાજુમાં જઈને મોંમાંનો મસાલો થૂંકી નાખ્યો."

રિક્ષા ચાલક મારી વાત ધ્યાનથી સાંભળતો હતો. ત્યાં સુધીમાં રિક્ષા મારા નિવાસે આવી પહોંચી હતી. મેં એને નક્કી કર્યા મુજબનું ભાડું ચૂકવ્યું. ભાડાના પૈસા મારા હાથમાંથી લેતાં એણે કહ્યું,

"દાદા આજથી મેંય મસાલો છોડ્યો." અને એણે મોંમાંનો મસાલો કાઢી નાખ્યો.

ચંચળ મેડિકલ સ્ટોરના રાહુલભાઈ જોશીને મારે મહિનામાં એકાદવાર મળવાનું થાય. એ નજીકના ગામથી આવે. એમનો સ્ટોર સવારના દસથી તે રાતના આઠ સુધી ખુલ્લો રહે.

ઉંમરને કારણે (મને ૮૫ થયાં.) ડૉક્ટરે મને બે-ત્રણ જાતની ગોળી લખી આપેલી. એ ગોળીઓ લેવા હું

રાહુલભાઈના સ્ટોરે પહોંચી જાઉં અને મહિનાની સામટી ગોળીઓ લઈ આવું.

રાહુલભાઈ દરેક ગ્રાહક સાથે સલૂકાઈથી વર્તે. મારા જેવાં સિનિયર સીટીઝનોને બિલની રકમમાંથી દસ ટકા જેટલું વળતર બાદ કરે એમને ત્યાં ગ્રાહકોની કાયમ ભીડ રહે. તોય હું એમને મળું ત્યારે અમે થોડી વાતો કરી લઈએ. એમની સાથેની વાતો પરથી મને જાણવા મળ્યું કે નડિયાદની નજીકના ગ્રામીણ વિસ્તારમાં એમનું ફાર્મ હાઉસ છે. ફાર્મ હાઉસમાં એમની થોડી ગાયો પણ ખરી. એમનો પરિવાર આર્થિક રીતે સુખી.

અઠવાડિયાના છ દિવસ ઉપરાંત રવિવારે પણ રાહુલભાઈનો સ્ટોર અડધો દિવસ ખુલ્લો રહે. એકવાર મેં એમને કહ્યું,

“રાહુલભાઈ, વડીલ તરીકે એક સલાહ આપું ?”

“આપો ને, અમલ કરી શકાય એવી હશે તો જરૂર એનો અમલ કરીશ.” રાહુલભાઈએ કહ્યું.

“તમારો સ્ટોર ધમધોકાર ચાલે છે. છ દિવસ ભલે કમાઓ. રવિવાર આખો, પરિવાર માટે ન ફાળવી શકો ? રવિવારે આખો દિ’ રજા રાખીને પરિવાર સાથે ગાળો. તમારી આવકમાં બહુ ફેર નહિ પડે. જે ઘરાકો તમારા સ્ટોર પર દવા લેવા આવે છે એ બધા તો રવિવારને બદલે શનિવારને દિવસે જ એમને જોઈતી દવાઓ ખરીદી લેવાના. એકવાર તમારા સ્ટોરે આવ્યા પછી ઘરાક બીજે જવાનું પસંદ નહીં કરે.” કહી મેં મારી વાત પૂરી કરી.

આછા સ્મિત સાથે એ મારી વાત સાંભળતા રહેલા.

થોડા દિ’ પછી એક રવિવારે સવારે અગિયારેકને સુમારે રાહુલભાઈના સ્ટોર પાસેથી હું પસાર થતો હતો. મેં એમના સ્ટોર ભણી નજર નાખી. સ્ટોર બંધ હતો.

મારી સલાહ અમલમાં મૂકવા બદલ મેં એમનો આભાર માન્યો.

મારા જેવા વયસ્કો તથા અન્ય ગ્રાહકો એમના સ્ટોરે જઈ શકે એમ ન હોય અને રાહુલભાઈને ફોન કરે તો એ પોતાના મદદનીશ સાથે ગ્રાહકે મંગાવેલી દવા એમને નિવાસે પહોંચતી કરે. અને વેચેલી દવા પણ ઈન્ટેક્ટ હોય તો પાછીય લઈ લે, જો કોઈ ગ્રાહક, કોઈ કારણસર એ પરત કરવા ઈચ્છતો હોય તો.

રાહુલભાઈની ઉંમર ૪૦-૪૫ ની હશે. મેં એમને કદી કોઈ ગ્રાહક સાથે કે એમના મદદનીશ સાથે ઊંચા સાદે બોલતા સાંભળ્યા નથી.

ચાલો, આજે તો આટલું જ. મારી દાદાગીરીના અન્ય કિસ્સાઓ વળી ક્યારેક.

## જય જય ગરવી ગુજરાત !

**રાજેશ બારૈયા ‘વનવાસી’**

બોરડા, ભાવનગર. મો. ૯૪૨૭૨૪૯૪૦૧

તારું વર્ણન કરે ઈતિહાસ,
વંદન કરે તને વિશ્વ આખું.
જય જય ગરવી ગુજરાત !
વેદોનો વારસો છે અહીં,
ઋષિઓ કેરો વાસ અહીં.
સંસ્કૃતિનો સાદ છે અહીં,
ખરું જીવન સત્ય અહીં.
જય જય ગરવી ગુજરાત !
નિર્મળતા નીર તણી,
સંસ્કૃતિ ઈતિહાસ તણી.
ગરિમા ગૌરવ તણી,
આ ધરતી ગુજરાત તણી.
જય જય ગરવી ગુજરાત !
પાવન ધરા પ્રભુતા પાવથી,
કવિતા તારી વિશ્વાથી.
ભીંજાય પ્રભુ પ્યાસથી,
કોટિ કોટિ વંદન માનથી.
જય જય ગરવી ગુજરાત!

# જીવન શિક્ષણનો પાયો - વાચન

ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા
એસોસિએટ પ્રોફેસર, એમ.બી.પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભવિદ્યાનગર.
૧૦, વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ,
વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦. તા.જિ. આણંદ.

વર્તમાનઢાળે જ્ઞાનના વિસ્ફોટ સામે ટકી રહેવા માટે વાચન અનિવાર્ય છે. પરિવર્તન પામતા જગત સાથે અનુકૂલન સાધવા માટે નવા જ્ઞાન-કૌશલો-વલણો-વર્તનો કેળવવા પડશે. બાલ્યાવસ્થાથી વૃદ્ધાવસ્થા સુધીની બદલાતી ભૂમિકાગત સમસ્યાઓના નિરાકરણ માટે જ્ઞાનની જરૂર પડશે. નવું શીખવાની ટેવ પાડવી પડશે. જીવનમાં, શારીરિક, માનસિક, સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક તેમજ વ્યક્તિત્વ સામેના પડકારોનો સામનો કરવા માટે પણ જ્ઞાનની જરૂર રહેશે. આ સઘળાનો ઉપાય 'લર્નિંગ ટુ બી' પુસ્તકમાં સૂચવ્યા મુજબ, 'આગામી ભવિષ્યમાં શિક્ષણમાં ઉપયોગી થઈ શકે એવા મૂળભૂત ખયાલ તરીકે આજીવન કેળવણી અગત્યની છે.' આજીવન કેળવણી એટલે નિત નિત શીખતાં રહેવું. નિત નિત શીખતા રહેવા માટે વાચન કૌશલ્ય અગત્યનું બની રહે છે. તે અનૌપચારિક શિક્ષણ, શાળા છોડ્યા પછીના શિક્ષણ માટે પ્રેરણારૂપ છે.

<u>**વાચન કરે પરિવર્તન:**</u> વાચન એ ચિંતનશીલ પ્રક્રિયા છે. વાચન પછી અર્થગ્રહણ, મનન, અભ્યાસ, આચરણ વ્યક્તિને જીવનમાં યોગ્ય દિશાએ લઈ જાય છે. વાચન પછી દર્શાવેલ પ્રક્રિયાઓ ન થાય તો વાચન નિષ્ફળ બની રહે છે. એક સારા લખાણ, સારા વિચારને પકડી તેનું સતત મનન કરી પછી તેને કાર્યનું સ્વરૂપ અપાય તો તે જીવનને પ્રકાશિત કરી શકે અને અન્યને પણ પ્રકાશિત કરી શકે. થોમર્સ નોર્થના મતે, 'વાંચેલું તમે અમલમાં નથી મૂકતાં તો તમે મંદિરની બહાર લાગેલા ઘંટ જેવા છો, જે બીજાને અંદર તો બોલાવે છે પણ સ્વયં ક્યારેય અંદર જતો નથી.' આમ વ્યક્તિએ સદ્‌વિચાર, સુલક્ષણ કેળવવા વાચન પછી મનન અને પછી આચરણ કરવું જોઈએ. સારું પુસ્તક, સારો વિચાર ધન્યપળે મનને વલોવી નાખે, ઝંઝોળી દે, જીવના માંહ્યલાને સ્પર્શી જાય ને જીવનનું વહેણ બદલાય જાય. મોહનદાસ ગાંધીને 'અન ટુ ધી લાસ્ટ' પુસ્તકે પરિવર્તન લાવી મહાનતા બક્ષી છે. ઈઝરાયેલના ભૂતપૂર્વ વડાપ્રધાન શિમોન પેરેસ કહે છે કે, 'જો તમે દિવસમાં ત્રણવાર ખાશો તો તમારી ભૂખ તૃપ્ત થશે, પણ જો તમે દિવસમાં ત્રણ વાર વાંચશો તો તમે વધુ શાણા બનશો.' વાચનથી વિચાર બદલાય, વિચારથી વ્યવહાર બદલાય, વ્યવહારથી વ્યક્તિ બદલાય, વ્યક્તિથી સમાજ બદલાય, સમાજથી દુનિયા બદલાય. આમ દુનિયાને બદલવા વાચન જરૂરી છે. આપણા દેશમાં સામાજિક-ધાર્મિક પરિવર્તનો લાદવામાં રાજા રામમોહનરાય, સ્વામી વિવેકાનંદ, જ્યોતિબા ફૂલે, ઠક્કરબાપા, દાદાભાઈ નવરોજી, દયાનંદ સરસ્વતી, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જેવા અનેક મહાપુરુષોના વાચનનો પ્રતાપ હતો. સમાજને ખોટા વિચારથી સદ્‌માર્ગે વાળવાના પ્રયાસો તેમના વાચનજ્ઞાન થકી જ થયા હતા.

<u>**વાચન અને શિક્ષણ:**</u> શાળાઓમાં ઘણા વિદ્યાર્થીઓ વાચનમાં નબળા છે. તેથી સમસ્યા વર્તમાનકાળે છે. કેટલાંક સંશોધનોના તારણો પણ શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ નબળા વાચકો છે તેમ દર્શાવે છે. કેટલાંક વિદ્યાર્થીઓમાં યોગ્ય વાચન ટેવો નથી તેવી પૃષ્ટિ આપે છે. વાચન અને શૈક્ષણિકલબ્ધિ વચ્ચે પણ ઊંચો સંબંધ છે. જે વિદ્યાર્થીની વાચન ક્ષમતા સારી છે તેની શૈક્ષણિકલબ્ધિ પણ સારી હોય છે. મારા શિક્ષક તરીકેના અનુભવે પણ મને સમજાયું છે કે નબળા વાચનની વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર થાય છે. આમ વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઉચ્ચ બને તે માટે વાચનક્ષમતા વિકસાવવી જરૂરી છે.

શિક્ષકોએ વિદ્યાર્થીઓની વાચનક્ષમતા કેળવવા માટે પ્રયાસશીલ બનવું અતિઆવશ્યક છે. કારણ કે વાચન વિનાનું શિક્ષણ પાયા વગરની ઈમારત જેવું છે. ઈમારતનો પાયો મજબૂત ન હોય તો તૂટી પડવાની શક્યતા સવિશેષ હોય છે. તેમ વાચન વિનાનું શિક્ષણ પણ કોઈ જ અર્થ વિનાનું બની રહે છે.

શિક્ષણની પ્રક્રિયામાં વાચન ધરીરૂપ સ્થાન ધરાવે છે. વિદ્યાર્થી કોઈ પણ શિક્ષણ-પ્રકૃતિમાં, પ્રયુક્તિમાં, કાર્યમાં જોડાય તો તેને વાચન કરવું પડે છે. વર્ગકાર્યમાં, કા.પા. લેખનમાં, સ્વાધ્યાયકાર્ય કરવામાં, ઈન્ટરનેટ પરથી માહિતી મેળવવામાં, સંદર્ભગ્રંથોમાંથી માહિતી મેળવવામાં, પ્રાર્થનામાં સુવિચાર-સમાચાર વાચનમાં, નક્શા કે ચાર્ટ પરથી પ્રશ્નો પૂછાય તો તેના જવાબ આપવામાં વગેરે કાર્યોમાં વાચન કરવું જ પડે છે. દરેક પ્રવૃત્તિનું મૂળભૂત સ્રોત વાચન છે. કોઈ પણ વિષય શીખવા માટેની પાયાની જરૂરિયાત પણ વાચન છે. આમ વાચન શિક્ષણ માટે, શિક્ષણ ક્ષમતાના વિકાસ માટે, શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરવા માટેનું અગત્યનું ઘટક-પરિબળ છે.

**<u>વાચન સંદર્ભે શિક્ષકની ભૂમિકા :</u>** ઉપરોક્ત ચર્ચાના અનુસંધાને વાચન અંગે શાળાના શિક્ષકોએ વિશેષ કાળજી રાખવી અનિવાર્ય છે. વાચનકૌશલ કેળવવાની જવાબદારી પ્રાથમિક શાળાઓની-ભાષાશિક્ષકોની છે તેવી ભ્રામક માન્યતામાંથી બહાર આવીને સૌ શિક્ષકોએ, બધાં જ વિષયોમાં શિક્ષકોએ, બધાં જ સ્તરના શિક્ષકોએ વાચન કૌશલ કેળવવા પ્રયાસો કરવા પડશે. કારણ કે વાચન અર્થગ્રહણ માટે વાચ્યાર્થ, લક્ષ્યાર્થ અને વ્યંજનાર્થ મેળવવા અનિવાર્ય છે. વિદ્યાર્થીને વ્યંજનાર્થ પ્રાપ્તિ સુધી પહોંચાડવા માટે ઉચ્ચ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના સ્તરે શિક્ષકોએ કાર્ય કરવું પડશે.

કહેવાય છે કે, 'શિક્ષણરૂપી નાવનો નાવિક શિક્ષક છે.' ત્યારે શિક્ષકરૂપી નાવિક જેટલો સબળ તેટલા શિક્ષણરૂપી નાવમાં મુસાફરી કરી રહેવા વિદ્યાર્થીઓને જીવનરૂપી સરોવર પાર કરાવી શકે. આ માટે શિક્ષકે -

- વાચન કરવું પડે, વાચન કરતાં શીખવું પડે.
- નવું વાંચેલું રજૂ કરતાં રહેવું પડે.
- શિક્ષણકાર્ય દરમિયાન વિષયવસ્તુ સાથે અનુબંધ માટે વાંચેલા પુસ્તકો, લેખોમાંથી ઉપયોગ કરવો.
- વર્તમાન પરિસ્થિતિઓને વિષયવસ્તુ સાથે સાંકળીને સ્પષ્ટતા કરવી.
- વાચન શિબિરો-વાચન કાર્યક્રમો યોજવા.
- વિદ્યાર્થીને વાચન કરતા શીખવવા વાચન પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો.
- નબળા વાચક વિદ્યાર્થીઓ માટે વિશેષ સમય આપી વાચન કરતા શીખવવું.
- વાચન અર્થગ્રહણ, કસોટીઓ લેવી.
- વર્ગ પુસ્તકાલય - શાળા પુસ્તકાલયમાંથી વિદ્યાર્થીઓ પુસ્તકો વાંચે તે માટે કાળજી રાખવી. પુસ્તક વાચન પછી વિદ્યાર્થીઓ પાસે સારાંશ લખાવવો. પ્રશ્નોત્તરી કરવી.
- વર્તમાનપત્રો, સામયિકો, વિદ્યાર્થીઓ વાંચી શકે તે માટે વાચનાલયની વ્યવસ્થા કરવી.
- શબ્દ ભંડોળ વિકાસ, શબ્દાર્થ-જ્ઞાન, વાક્યાર્થ પ્રાપ્તિ, વિદ્યાર્થીઓ કરે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવી.
- વિદ્યાર્થીઓ બે લીટી વચ્ચેના કોરા વિસ્તારમાં લખેલું વાંચતો થાય તેવા પ્રયાસો કરવા.

આ માટે શિક્ષકે સતત વાંચતા રહેવું પડે. શિક્ષક પાસે વાચન કૌશલ કેળવાયેલું હોય, વાચન અર્થગ્રહણ સબળ હોય તો તે શિક્ષણકાર્ય સરળતાથી, પાઠ્યપુસ્તકનો વર્ગમાં ઉપયોગ કર્યા વિના કરી શકે. કાકા સાહેબ કાલેલકરે કહ્યું છે કે, 'વાણી એ વિચારની ભાષા છે પણ આચાર એ જીવનની ભાષા છે.' વિનોબા કહે છે કે, 'આચરે તે આચાર્ય'. એટલે કે શિક્ષક વાંચતો હોય તો જ તે વિદ્યાર્થીઓને વાચન તરફ દોરી શકે. આચરણ વિનાની વાણી વેફડાટ વાળી છે. માટે પ્રથમ શિક્ષકોએ વાચન તરફ દોટ મૂકવી પડશે, પછીથી જ વિદ્યાર્થીઓને ધીમે ધીમે ચાલતાં કરીને વાચન તરફ દોડતા કરી શકાશે.

# વેકેશન સ્વ-વિકાસ માટેનો અનેરો અવસર

ડૉ. સંજય કોરિયા
શ્રી એમ.બી. અજમેરા હાઈસ્કૂલ, વીંછીયા, જિ. રાજકોટ.
ઈમેલ: sanjay.koriya@yahoo.com

વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વર્ષ દરમિયાન ઉનાળુ અને દિવાળી એમ બે વેકેશનનો લહાવો મળે છે. આ રજાઓમાં સામાન્ય રીતે બાળકો સમયનો વ્યય કરતાં વધુ જોવાં મળે છે. આખો દિવસ ટી.વી. સામે બેસી રહેવું, જયાં-ત્યાં રખડવું અને કેટલાંક બાળકો વ્યસનો કરીને સ્વાસ્થ્યનું સત્યાનાશ કરે છે.

માનવજીવનનો સુવર્ણ તબક્કો કિશોરાવસ્થા અને યુવાવસ્થા છે. તે ભાવિ જીવનની ઈમારતનો પાયો છે. વેકેશન દરમિયાન બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે વિવિધ પ્રવૃતિઓ કરવી જોઈએ. શિક્ષકોએ પણ વિશેષ પ્રકારનું પ્રશિક્ષણ મેળવી સ્વ-વિકાસ તરફ જવું જોઈએ. વેકેશનમાં વિદ્યાર્થીઓ, શિક્ષકોને અને શાળાઓ શું કરી શકે તે માટે અહીં માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે. તેને અનુસરીને વેકેશનને યાદગાર બનાવીએ.

**● વિદ્યાર્થીઓ માટે પ્રવૃતિઓ**

**૧. વિવિધ રમતો રમો**

વિદ્યાર્થીઓ પોતાની મનગમતી રમતો રમે અથવા શીખી શકે છે. ચેસ, કેરમ, ક્રિકેટ, વૉલીબૉલ અને બેડમિન્ટન જેવી રમતો શીખી શકાય છે. વિવિધ કસરત અને યોગ કરી શકે છે. આ પ્રવૃતિઓથી શારીરિક અને માનસિક રીતે મજબૂત બની શકાય છે.

**૨. કૌશલ્યો કેળવો**

વિદ્યાર્થીઓ પોતાનામાં વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય તે માટે સંગીત, અંગ્રેજી, કમ્પ્યૂટર, ડ્રોઈંગ, ડાન્સિંગ, સ્વિમિંગ શીખી શકે. તે ઉપરાંત વ્યક્તિત્વ વિકાસ અને પબ્લિક સ્પીકિંગના ક્લાસમાં પણ જઈ શકાય. તેમજ સાઈકલ, સ્કૂટર કે કાર ચલાવતા પણ શીખી શકાય છે. જો કે લાઈસન્સ મેળવ્યા બાદ જ તેઓને રોડ પર વાહન લઈ જવાની પરવાનગી આપો. તેઓને વાહનની જાળવણી અંગેનુ તેમજ વાહનના કાર્ય અંગેનુ જ્ઞાન પણ આપવું જોઈએ. સાહસભરી પ્રવૃતિઓ જેવી કે હાઈકિંગ, ટ્રેકિંગ, રિવર રાફટિંગ, કેમ્પિંગ વગેરે કરી શકાય. તેમજ જયુડો-કરાટે, કુંગફુ અને યોગ પણ શીખી શકાય છે.

ઉપરાંત જે બાળકોને વાંચનનો શોખ હોય તેઓ સાહસ-કથાઓ, બોધ કથાઓ, પઝલ, ક્રૉસ વર્ડ તથા વિવિધ સામયિકો વાંચી શકે છે. છોકરીઓ બ્યુટી કોર્સ, કૂકિંગ કોર્સ અને ભરતગૂંથણ વગેરે શીખી પોતાના વ્યક્તિત્વને ખીલવી શકે છે.

**૩. સામાજિકતા કેળવો.**

આજનો બાળક મમ્મી-પપ્પાના મામા, કાકા, માસા કે ફોઈને ઓળખતો નથી પણ ફિલ્મી ઍક્ટર કે ઍક્ટ્રેસને સારી રીતે ઓળખે છે તેથી માતા-પિતાએ બાળકોને વેકેશનમાં સગાં-સંબંધીને ત્યાં લઈ જવા જોઈએ. તેમને તમારા ઘરે આમંત્રિત કરી શકો છો. અંગત સગાંઓને ત્યાં બાળકો પોતાની રીતે જાય તેવુ માર્ગદર્શન અને તાલીમ પણ આપવી જોઈએ. આમ, સગાં-સંબંધી અને પરિવારજનો સાથે સમય પસાર કરો, સાથે પ્રવાસ પર જાઓ. આમ કરવાથી સ્વજનો સાથે આત્મીયતા વધે છે. તેમજ મળતાવડાપણું અને અનુકૂલનશીલતા જેવા ગુણોનો વિકાસ થાય છે.

આમ, બાળકનાં સર્વાંગી વિકાસ માટે આવી પ્રવૃતિઓ અનિવાર્ય છે. પરંતુ વાલીઓએ આ પ્રવૃતિઓ માટે બાળકો પર કોઈ પણ પ્રકારનું દબાણ ના કરવું જોઈએ. દબાણ કરવાથી તેનો જે તે પ્રવૃતિમાંથી રસ ઊડી જાય છે. જો આમ થાય તો વેકેશન તેના માટે માણવાના સમયને બદલે

સજા બની જાય છે. વાસ્તવમાં તેને જે પ્રવૃતિમાં રસ હોય તેને સંબંધિત કોચિંગની વ્યવસ્થા કરવી જોઈએ. વૅકેશનના સમય દરમિયાન શિસ્તના ધોરણો થોડાં હળવા બનાવીને બાળકોની આંતરિક શક્તિને ખીલવા દેવી જોઈએ.

**● શિક્ષકો માટે પ્રવૃતિઓ**

વિદ્યાર્થીઓની જેમ શિક્ષકોને પણ વૅકેશન મળે છે. તેમાં તેઓએ પણ કેટલીક રચનાત્મક અને સર્જનાત્મક પ્રવૃતિઓ કરી સ્વ-વિકાસ કરવો જોઈએ. વૅકેશનમાં શિક્ષકો માટેની કેટલીક પ્રવૃતિઓ આ મુજબ છે.

૧. શિક્ષકોએ વૅકેશન દરમિયાન પોતાના વિષયમાં નિપુણતા લાવવા વિવિધ પુસ્તકો, વીડિયોનો અભ્યાસ કરવો જોઈએ.
૨. શાળા સમય દરમિયાન વિદ્યાર્થીઓને કઈ-કઈ અને કેવી રીતે સહ અભ્યાસિક પ્રવૃતિઓ કરાવી શકાય, તેનું આયોજન પણ કરી શકાય.
૩. શાળાનાં નબળાં બાળકોને વૅકેશનમાં અભ્યાસ કરાવી શકાય.
૪. પોતાના વિષયનું પરિણામ ઉંચું લાવવા ઍકશન પ્લાન ઘડી શકાય.
૫. શિક્ષણમાં ટેક્નોલોજી અને ઈનોવેશન પ્રયોગો અંગે તાલીમ અને જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

**● શાળાઓ માટે પ્રવૃતિઓ**

શાળા પણ વૅકેશન દરમિયાન વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરી સ્પર્ધાત્મક યુગમાં શાળાની વિશેષતા દર્શાવી શકે છે.

૧. વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી, કમ્પ્યૂટર, મહેંદી, સ્પર્ધાત્મક પરીક્ષા, ચેસ, ડાન્સ, ડ્રોઈંગ જેવા કલાસ શરૂ કરી શકાય. તેમજ સમર કૅમ્પનું આયોજન પણ કરી શકાય છે.
૨. નબળાં વિદ્યાર્થીઓને જે તે વિષયની તાલીમ અને અક્ષર સુધારણાં કાર્યક્રમ ગોઠવી શકાય.
૩. ધો-૧૦ અને ૧૨ પછી શું ? જેવાં મુદ્દાઓ અન્વયે કેરિયર ગાઈડન્સ સેમિનાર ગોઠવી શકાય.
૪. શાળામાં વૃક્ષારોપણ, શૈક્ષણિક પ્રવાસ અને શ્રમ શિબિરનું આયોજન કરી શકાય.

આમ, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળાઓ વૅકેશન દરમિયાન અનેક પ્રવૃતિઓ કરી સમયના સદ્ઉપયોગ દ્વારા સ્વ-વિકાસ કરી શકે છે. વૅકેશનને ઉત્સવ બનાવી શકે છે.

**પ્રેરક બિંદુ : પ્રત્યેક પળે ખીલતો, વિકસતો રહે તે શિક્ષક.**

## ચપળ વાત

**હાલમાં થયેલ ઈલીનોઈસ યુનિવર્સિટીના એક અભ્યાસ મુજબ માબાપનો પોતાનાં બાળકો ઝઘડે ત્યારે શો પ્રતિભાવ હોય તેની ત્રણ રીતો ચકાસવામાં આવી : (૧) ઝઘડાની અવગણના કરો, (૨) વાટાઘાટો, સમાધાન અને સમસ્યાનું સમાધાન અને (૩) બાળકને શિક્ષા કરો. બન્ને માતાઓ અને પિતાઓ માનતાં હતાં કે મામલા ઉપર ધ્યાન ન આપવાથી તે ઓછામાં ઓછું મદદરૂપ થાય છે. પણ માબાપ બીજી અન્ય બે રીતો કરતાં આ અભિગમ ત્રણ ગણો વધારે ઉપયોગમાં લે છે. પિતા પોતાના બાળકને શિક્ષા કરીને રોકવાની રીત અપનાવે છે. આવું તેઓ એટલા માટે જ કરે છે કે તેમના બાળકને વાટાઘાટો અને મુશ્કેલીનું નિરાકરણ કરતાં શીખવવાની કુશળતા માટે પોતાની જાત પર વિશ્વાસ નથી હોતો. તેઓ પણ જાણે જ છે કે શિક્ષા કરવાનો અભિગમ શ્રેષ્ઠ નથી. બાળકોને તેમની મુશ્કેલી હલ કરતાં શીખવવા માટે મદદરૂપ થવા માટે આત્મવિશ્વાસની જરૂર પડે છે. તેના માટે થોડા સમય અને પ્રેક્ટિસની જરૂર હોય છે, પણ તેનું ઈનામ પણ યથાર્થ જ હશે.**

# શૈક્ષણિક પરિવર્તન

**ડૉ. અશોક મો. દવે**
૨૬, સુવાસ પાર્ક, ન્યૂ સમા રોડ, વડોદરા-૩૯૦૦૨૪.
મો. ૯૪૨૭૩૧૫૪૫૭

ગુજરાતમાં માર્ચ-એપ્રિલ ૨૦૧૯ના સમયગાળામાં બારમાં ધોરણના વિજ્ઞાન પ્રવાહની બોર્ડની વાર્ષિક પરીક્ષાઓ લેવાઈ રહી છે. તે દરમિયાન તા. ૯ માર્ચ ૨૦૧૯ના વડોદરા અખબારમાં એક દુ:ખદ સમાચાર પ્રસિદ્ધ થયેલા છે, જેનો ટૂંકસાર નીચે મુજબ છે :

"ફતેહગંજમાં રહેતા અને કારેલીબાગના વિદ્યાલયમાં ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ઘરે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. શનિવારે યોજાનારી કેમિસ્ટ્રીના પેપરની બીકમાં તેણે આ પગલું ભર્યું હોવાનું મનાય છે. પોતાનું એકમાત્ર સંતાન ગુમાવનાર તેના પિતાએ કહ્યું હતું કે તે હોશિયાર હતો. આવું કેમ કર્યું તે ખબર નથી. મેં તો મારું સર્વસ્વ ગુમાવી દીધું, હવે આવું બીજા કોઈની સાથે ના થવું જોઈએ."

ઈશ્વર સદ્ગત વિદ્યાર્થીના આત્માને શાંતિ આપે અને તેનાં માતા-પિતાને આ કારમો આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરીએ.

**પરિવર્તન**

આશરે સવા બે વર્ષ પહેલાં પ્રસિદ્ધ થયેલા લેખમાં જે ભય વ્યક્ત કરાયો હતો તે સાચો ઠર્યો છે. જોગાનુજોગ રસાયણશાસ્ત્રના જે વિષયની ચર્ચા કેન્દ્ર સ્થાને રાખીને કરવામાં આવેલી તે વિષયને કારણે જ આ દુર્ઘટના બનવા પામી છે. સદ્ગત વિદ્યાર્થીના પિતાએ ઉચ્ચારેલા શબ્દો: "મેં તો મારું સર્વસ્વ ગુમાવી દીધું, હવે આવું બીજા કોઈની સાથે ના થવું જોઈએ." ખૂબ મહત્ત્વના છે. આ જવાબદારી સમાજના સૌના શિરે છે, જેના ઉપર ચર્ચા-વિચારણા અને વિચાર વિમર્શ કરીને કોઈ રસ્તો કાઢવો પડે. આ રસ્તો એટલે પરિવર્તન. પ્રણાલીમાં યોગ્ય ફેરફાર. કદાચ એકસાથે ન થઈ શકે તો તબક્કાવાર અને ઝડપથી ન થઈ શકે તો ધીમે ધીમે, પરંતુ ધ્યેયલક્ષી પરિવર્તન આવશ્યક જણાય છે. આ અંગે ચર્ચા કરીએ.

**સૂચન**

રસાયણશાસ્ત્ર એક ગંભીર વિષય તો છે અને પાઠ્યપુસ્તકોમાં તેને 'બીબાઢાળ' પદ્ધતિમાં છાપેલો હોય છે. વળી શિક્ષકો તેને શુષ્ક રીતે રજૂ કરે છે. સ્વાભાવિક રીતે તેમાં વિદ્યાર્થીને રસ જાગતો નથી, સમજણ ઓછી પડતી હશે અને યાદ રહેવાની મુશ્કેલી થતી હશે. લગભગ દરેક રસાયણ સાથે કોઈને કોઈ રસપ્રદ બીના કે ઘટના સંકળાયેલી હોય છે. આ ઘટના રજૂ કરીને જો તે રસાયણ વિશે સમજાવવામાં આવે તો વિદ્યાર્થીને તેમાં રસ પડે અને યાદ પણ રહી જાય. ઉદાહરણ તરીકે ઈ.સ. ૨૦૧૫માં ગુજરાત ખાતે લેવાયેલી રસાયણશાસ્ત્રની બારમા ધોરણની પરીક્ષામાં એક પ્રશ્ન પૂછાયેલો છે કે 'નાયલોન-૬નું ઔદ્યોગિક ઉત્પાદન સમજાવો.' આ વિષય સમજાવતાં પહેલાં શિક્ષકે નીચેની પૂરક માહિતી આપવી જોઈએ.

'નાયલોન-૬ની શોધ અમેરિકામાં ડબલ્યુ એચ. કેરોથર્સ નામના વૈજ્ઞાનિકે કરી હતી. જેનો જીવનકાળ ઈ.સ. ૧૮૯૬થી ૧૯૩૭ સુધી હતો. કેરોથર્સની તસવીર પણ બતાવી શકાય. નાયલોન-૬ એક પોલિમર પદાર્થ છે કે જેના ૧ રતન વજનના જથ્થામાંથી જો પાતળો તાર બનાવવામાં આવે તો તેનો એક છેડો અમેરિકાના ન્યૂયોર્ક શહેરથી લઈને બીજો છેડો બ્રિટનના લંડન શહેર સુધી પહોંચે એટલો લાંબો થાય. એટલે આ બંને શહેરોને સાંકળીને તેનું નામ પાડવામાં આવ્યું છે, આ રીતે : NYLON – (N)EW (Y)ORK – (LON)DON'

આવી રસપ્રદ માહિતી જો આપવામાં આવે તો કયા વિદ્યાર્થીને યાદ ન રહે ? અલબત્ત, શિક્ષકે એ

સ્પષ્ટતા કરવી જોઈએ કે આ માહિતી પરીક્ષામાં લખવાની નથી.

ઉપરના ઉદાહરણનું એક બીજું પાસું જોઈએ તો નાયલોન-૬ પોલિઅમાઈડ નામના એક વિશાળ કુટુંબનો એક સભ્ય છે. તો રાસાયણશાસ્ત્રમાં વિષય તરીકે પોલિઅમાઈડ્ઝની ચર્ચા કરીને નાયલોન-૬ને એક ઉદાહરણ સ્વરૂપે રજૂ કરવાથી વિદ્યાર્થીને તેની વિશાળતાનો ખ્યાલ આપવો જોઈએ. આવું જ બીજાં રસાયણોનું છે.

શક્ય હોય તો વિદ્યાર્થીઓને નાયલોન-૬નું ઉત્પાદન કરતા પ્લાન્ટની મુલાકાતે લઈ જવા જોઈએ. જો એ શક્ય ન હોય તો વીડિયો પ્રોજેક્ટર દ્વારા આ પ્લાન્ટનો કોમેન્ટરી સાથેનો વીડિયો દર્શાવી શકાય. જો એ પણ શક્ય ન હોય તો પ્લાન્ટનો એક લાક્ષણિક ફોટોગ્રાફ દર્શાવી શકાય. તેનાથી વિદ્યાર્થીની ગ્રહણશક્તિ વધે છે.

**સંગ્રહાલય**

શાળામાં રસાયણોનું એક સંગ્રહાલય બનાવવું જોઈએ. ઉપરના ઉદાહરણના સંદર્ભમાં, કાચની એક બોટલમાં કેપ્રોલેક્ટમ (કે જેમાંથી નાયલોન-૬ બને છે) અને બીજી બોટલમાં નાયલોન-૬ને ભરીને તેના ઉપર યોગ્ય લેબર મારીને રાખી શકાય. નાયલોન-૬ના ઉત્પાદનનો પાઠ ભણાવતાં પહેલાં શિક્ષકે આ બંને નમૂના વિદ્યાર્થીઓને બતાવવા જોઈએ. શાળામાં સંગ્રહાલયને લાઈબ્રેરી સાથે સાંકળી શકાય.

**મોડેલ્સ**

લાકડાના અથવા પ્લાસ્ટિકના રંગબેરંગી ગોળાઓને એકબીજા સાથે સાંકળી શકાય અને ફરી છૂટા કરી શકાય તેવા મોડેલ્સના સેટ તૈયાર મળે છે. શિક્ષકે વર્ગમાં નાયલોન-૬નું મોડેલ તૈયાર કરીને વિદ્યાર્થીઓને બતાવવું જોઈએ. દરેક મોડેલ રંગીન અને ત્રિપરિમાણીય હોવાથી વિદ્યાર્થીઓને સરળતાથી સમજાય છે અને યાદ પણ રહી જાય છે.

**આધુનિક બ્લેક બોર્ડ**

જે શાળામાં ડિજટલ ઈન્ટરેક્ટિવ બ્લેક બોર્ડની સુવિધા હોય છે ત્યાં ઉપરના પ્લાન્ટ, મોડેલ્સ, પદાર્થો વગેરે પણ દર્શાવી શકવાની ક્ષમતા ઊભી કરી શકાય.

**નામ પ્રક્રિયાઓ**

રસાયણશાસ્ત્રમાં નામ પ્રક્રિયાઓ અથવા લાક્ષણિક પ્રક્રિયાઓનો બહુ અગત્યનો વિષય છે. જેમ સંગીતમાં મૂળભૂત રીતે રાગ-રાગિણી હોય છે જેના ઉપરથી અનેક ગીતોને ગાયન સ્વરૂપે સ્વરબદ્ધ કરી શકાય છે તેમ નામ પ્રક્રિયાઓની મદદથી એકમાંથી અનેક રસાયણો સાંશ્લેષિત કરી શકાય છે, જેમાંથી આગળ જતાં તેનું ઉત્પાદન શક્ય બને છે. વિદ્યાર્થીઓને પહેલાં એક નામ પ્રક્રિયાના વર્ગમાં સૈદ્ધાંતિક સમજણ આપવી જોઈએ અને ત્યારબાદ પ્રયોગશાળામાં એ સિદ્ધાંતોને આધારે એક નમૂનારૂપ પદાર્થનું સંશ્લેષણ કરીને તેનું નિદર્શન કરવું જોઈએ. આમ કરવાથી વિદ્યાર્થીમાં રસાયણશાસ્ત્રના પાયાની સમજણ મજબૂત થાય છે જેનાથી તે પરીક્ષામાં વિશ્વાસપૂર્વક કાર્ય કરી શકે છે. જે શાળામાં પ્રાયોગિક નિદર્શનની સુવિધા ન હોય ત્યાં તેનો વીડિયો બતાવવો જોઈએ.

રસાયણશાસ્ત્રમાં આવર્તક કોષ્ટક ખૂબ જ અગત્યનું છે. રસાયણશાસ્ત્રનાં પાઠ્યપુસ્તકોનાં અંદરના કવરપેજ ઉપર રંગીન આવર્તક કોષ્ટક છાપવું જોઈએ જેથી દરેક વખતે વિદ્યાર્થીની નજર તેના ઉપર જાય અને તેનો પરિચય સુદૃઢ બને.

આ આવર્તક કોષ્ટકમાં અનેક તત્ત્વો હોય છે. જેઓના આપસી સંયોજનથી અણુઓ બને છે. આ અણુઓના પદાર્થરૂપી જથ્થાને આપણે રસાયણ તરીકે ઓળખીએ છીએ. આટલી સરળ વાત વિદ્યાર્થીને સમજાવવાની છે.

રસાયણશાસ્ત્રમાં અણુઓનું પરિવર્તન થાય તેનો અભ્યાસ કરવામાં આવે છે. અણુના જે ભાગનું પરિવર્તન થાય તેને પાઠ્યપુસ્તકમાં જુદા રંગથી છાપવામાં આવે તો વિદ્યાર્થીને સરળતાથી સમજાય તેમ જ યાદ પણ રહી જાય.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

આપણે ત્યાં સામાન્ય રીતે પાઠ્યપુસ્તકમાં અણુઓ ખીચોખીચ રીતે અને કાળા રંગથી જ દર્શાવવાની પ્રણાલિકા છે તે બદલવાની જરૂર છે.

**વૈકલ્પિક પ્રશ્નો**

વડોદરાના ગુજરાતી અખબારના તા. ૧૦ માર્ચ ૨૦૧૯ના અંકમાં સમાચાર છે કે, 'ધોરણ ૧૨ સાયન્સ કેમેસ્ટ્રીના પેપરમાં પ્રશ્નો ટ્વિસ્ટ કરાતાં છાત્રો મૂંઝાયા'

શિક્ષકોએ વર્ગશિક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓને એ સમજાવવું જોઈએ કે વિજ્ઞાન અને ખાસ કરીને રસાયણશાસ્ત્રના દરેક વિષયને અનેક પાસાં હોય છે એટલે એક જ વિષય ઉપરનો પ્રશ્ન દરેક પાસાંને અનુલક્ષીને વિવિધ રીતે પૂછી શકાય છે. હવે જે વિદ્યાર્થીએ વિષયનો બરાબર અભ્યાસ કર્યો હોય છે તેને વાંધો આવતો નથી, પરંતુ જે વિદ્યાર્થી ગોખણિયો હોય છે તેને વાંધો આવે છે. ખરેખર તો આ બાબત આવકારદાયક છે, કારણ કે તે અભ્યાસુ વિદ્યાર્થીને વધારે માર્ક્સ અપાવે છે. પ્રત્યેક વિષય શીખવ્યા બાદ શિક્ષકોએ તે અંગેના વૈકલ્પિક પ્રશ્નોની ચર્ચા પણ કરવી જોઈએ.

ઉદાહરણ તરીકે, ઉપરનું ઉદાહરણ લઈએ તો, 'નાયલોન-૬નું ઔદ્યોગિક ઉત્પાદન સમજાવો.' અથવા 'પોલિઅમાઈડ-૬નું ઔદ્યોગિક ઉત્પાદન સમજાવો.' એમ પણ પૂછી શકાય એવી સામાન્ય સમજણ આપવી જોઈએ.

**પરિણામનું પરિમાણ**

વૈજ્ઞાનિક સંશોધનોને પ્રાયોગિક રીતે સાબિત કરવામાં સાધનો અને સંસાધનોનું એવું સુનિયોજિત રીતે આયોજન કરવામાં આવે છે કે પ્રયોગનું પરિણામ ૦-૧૦૦ ટકાના સ્કેલ ઉપર ૨૦-૮૦ ટકા મર્યાદા (રેન્જ)માં આવે. ગણિત અને અંકશાસ્ત્રના સિદ્ધાંતો એવી સાક્ષી પૂરે છે કે ૨૦-૮૦ ટકાની મર્યાદામાં ઉપલબ્ધ થતાં પરિણામો વધારે ભરોસાપાત્ર હોય છે. ખાસ કરીને ૧૦ ટકાથી નીચે અને ૯૦ ટકાથી ઉપરનાં પરિણામો ઓછા ભરોસાપાત્ર કરી શકાય. આ રૂલ ઑફ થંબ છે. આપણી કારનું સ્પીડોમીટર ૦-૩૦૦ કિમી બતાવે છે તો શું ૩૦૦ કિમીની સ્પીડે કાર દોડાવી શકાય ?

ગુજરાત રાજ્યના બારમાં ધોરણનું પરિણામ પહેલાં ટકાવારીમાં અને હવે પર્સેન્ટાઈટમાં દર્શાવવામાં આવે છે. આ પર્સેન્ટાઈલને ટકાવારીની દૃષ્ટિએ જોઈએ તો મેડિકલ અને અન્ય ક્રીમ વિદ્યાશાખાઓમાં પ્રવેશ (એડમિશન) મેળવવા માટે માર્ક્સની મર્યાદા ૯૫ ટકા કે વધારેથી શરૂ થઈને ૯૯.૯ ટકાની સીમાએ પૂરી થાય છે. શું આ સ્થિતિ યોગ્ય કહેવાય ? રસાયણશાસ્ત્ર (કે અન્ય વિષયમાં) કોઈ વિદ્યાર્થીને પ્રશ્નપત્રમાં થોડુંક ન આવડે કે સંજોગવશાત્ થોડુંક ન લખી શકાય તો પણ હોશિયાર વિદ્યાર્થી સમજી જાય છે કે તેનું પતન ૯૫ ટકાથી નીચે થઈ ગયું છે અને તે નિરાશ થઈને તથાકથિત આત્મઘાતી પગલું ભરવા પ્રેરાઈ જાય છે. આત્મહત્યા કરનારા માત્ર ઠોઠ વિદ્યાર્થીઓ જ નથી હોતા. હોશિયાર વિદ્યાર્થી પણ હોય છે. આ લેખની શરૂઆતમાં જ જે વિદ્યાર્થીનો દાખલો આપવામાં આવ્યો છે તે એક હોશિયાર વિદ્યાર્થી હતો. તેવું તેના સ્વજનોનું કહેવાનું થાય છે. ટકાવારીની મધ્યવર્તી (અને બહોળી) રેન્જમાં નિરાશા ઓછી થવા પામે અને પરિણામનો ભરોસો વધે.

શું આપણે પ્રશ્નપત્રો અને તેના માર્ક્સનું ગઠન એવી રીતે કરી શકીએ કે ૯૫થી ૯૯.૯ની મર્યાદા ૬૦થી ૮૦ કે અન્ય સ્વીકૃત રીતે પ્રાપ્ત થાય ? આને અંગ્રેજી ભાષામાં Articulation કહે છે.

ઉપર્યુક્ત લેખ કોઈ વ્યક્તિ, સંસ્થા કે સરકારની વિરુદ્ધમાં નથી. સમગ્ર વિદ્યાર્થી આલમના હિતમાં છે. દરેક મુદ્દા ઉપર સઘન ચર્ચા-વિચારણા કરીને યોગ્ય જણાય તો વ્યવસ્થિત રીતે અમલમાં મૂકવા જોઈએ. આજનો વિદ્યાર્થી આવતી કાલનો નાગરિક છે એટલે જો વિદ્યાર્થી તેજસ્વી બનશે તો આપણો દેશ મજબૂત બનશે.

# સ્માર્ટ વર્ગ કે સ્માર્ટ શિક્ષક....?


**જીતુભાઈ નાયક**
એ-૩૪, બાલાજી રેસીડેન્સી, સુજાતપુરા રોડ, કડી-૩૮૪૪૪૦.
શિક્ષક, સર્વ વિદ્યાલય કડી.
મો.: ૯૨૨૮૭૦૫૭૯૬




કોઈ પણ નાગરિકની પ્રાથમિક જરૂરિયાત મફત અને સારું શિક્ષણ, મફત અને અસરકારક દવા તથા સ્વચ્છ અને સ્વસ્થ ખોરાક છે. આ ત્રણ જરૂરિયાતો પૂરી કરવાની પવિત્ર જવાબદારી સરકારની છે. ત્યારે વર્તમાન સમયે આ ત્રણેય જરૂરિયાતો સામે નાગરિક લડી રહ્યો છે. સમાજના આગેવાનો, નેતાઓ, વહીવટદારો, બુદ્ધિજીવી માણસો, મનોવૈજ્ઞાનિકો, ધર્મસંતો, બધા જ આંધળા અને બહેરા બનીને બધું સહન કરી રહ્યા છે.

શિક્ષણમાં એક આયોજન પૂર્વકનો વેપાર શરૂ થઈ ગયો છે. જે સરકારી શાળામાં શિક્ષણ મેળવી દેશમાં મહાન વ્યક્તિઓ થઈ ગયા તે સરકારી શાળામાં આજે અભ્યાસ મેળવવા કેટલા બાળકો જાય છે ? તમે અને હું બધું જ જાણીએ છીએ. સરકારી શાળાઓ પછી ડે-કેર શાળાઓ અને અત્યારે નવો શબ્દ આવ્યો છે... સ્માર્ટ સ્કૂલ....સ્માર્ટ વર્ગ....! પણ આ બધું મૃગજળ સમાન છે. વાલીઓ ઘેટાંઓની માફક આંધળું અનુકરણ કરી રહ્યા છે. શિક્ષણને રુપિયા કમાવવાનો ધંધો બનાવી દીધો છે, નહિતર શિક્ષણને તો સગવડ કેવી ? શિક્ષણ અને કેળવણી તો રસ્તામાં ચાલતાં - ચાલતાં પણ મેળવી શકાય છે...ખરું ને....?

સરકારી શાળા અને પ્રાઈવેટ શાળામાં એક સીધી જ સમજી શકાય તેવી ભેદરેખા છે. સરકારી શાળામાં ઊંચા મેરિટ વાળા શિક્ષકો છે, જ્યારે ઓછા બુદ્ધિઆંકવાળા અને નબળાં કે મધ્યમવર્ગનાં તથા ગરીબ ઘરના બાળકો જ શિક્ષણ મેળવવા જાય છે. જ્યારે બીજી બાજુ પ્રાઈવેટ શાળાઓમાં હોંશિયાર, ઊંચીબુદ્ધિઆંકવાળા, સુખી અને અમીર વર્ગનાં બાળકો ભણવા જાય છે અને તેમને ભણાવનાર શિક્ષકો સગાં-સંબંધી, ઓળખાણવાળા, મધ્યમ કે નીચા મેરિટવાળા શિક્ષકો હોય છે. ક્યાંક હોંશિયાર અને કુશળ શિક્ષકો હોય તો સરકારી ભરતી થતાં જતા રહે છે. સારા મેરિટવાળા શિક્ષકો સરકારી નોકરીમાં ભરતી થાય છે તો બાકી રહ્યા ક્યાં ? પ્રશ્ન તમારી જાતને જ પૂછો... જવાબ સામે જ છે....! ઓછું મેરિટ...ઓછો પગાર... અને કામ સારું ક્યાંથી શકય છે ? પછી વર્ગ ગમે તેટલો સ્માર્ટ કેમ ન હોય બાળકનાં ભવિષ્ય સામે પ્રશ્નાર્થ છે....પ્રશ્નાર્થ છે....પ્રશ્નાર્થ છે....જ....

આજના વાલીઓને સ્માર્ટ વર્ગનું ઘેલું લાગ્યું છે. સ્માર્ટ બોર્ડ, પડદાવાળી બારીઓ, ઓવર હેડ પ્રોજેક્ટર, લૅપટૉપ, એલ.ઈ.ડી., એ.સી., સુંદર પાટલીઓ, આ બધી ભૌતિક સગવડોથી વર્ગ સ્માર્ટ જરૂર લાગે પરંતુ જ્યાં સુધી શિક્ષક સ્માર્ટ ન હોય, ત્યાં સુધી આંધળાને સૌંદર્ય બતાવવા જેવું છે. અરે ! શિક્ષક સ્વયં સ્માર્ટ હોય... યોગ્ય લાયકાતવાળો હોય, વાક્છટા ધરાવતો હોય, જ્ઞાનવાન હોય, સર્વ પ્રકારે સક્ષમ હોય, મનોવિજ્ઞાનનો જાણકાર હોય,વર્ગ વ્યવહારનો જાણકાર હોય, તો કદાચ ભૌતિક વ્યવસ્થા ઓછી હશે તો પણ બાળકનું ભવિષ્ય ઉજ્જવળ છે. પરંતુ વર્ગ સ્માર્ટ હશે અને શિક્ષક સ્માર્ટ નહીં હોય તો આપણા બાળકનું ભાવિ અંધકારમય છે. સૂટ-બૂટ અને ટાઈ પહેરેલ શિક્ષક સ્માર્ટ જ હોય તેવું માની લેવું ભૂલ ભરેલું છે.

"સ્માર્ટ શિક્ષક....એટલે....ભણતર, ગણતર, ઘડતર, ચણતર અને માવતરનો સમન્વય કરી વર્ગખંડમાં વ્યવહાર કરે અને બાળકોનો સર્વાંગી વિકાસ કરે." આજે શિક્ષણનો પ્રાણપ્રશ્ન એ છે કે કોની પસંદગી કરશો....સ્માર્ટ વર્ગ કે સ્માર્ટ શિક્ષક ?

સ્માર્ટ વર્ગમાં બાળકને મૂકતાં પહેલાં દરેક વાલી મિત્રો આટલું જરૂર વિચારજો.....

૧) આપણી આર્થિક પરિસ્થિતિ કેવી છે ?
૨) આપણા ઘરનું વાતાવરણ કેવું છે ?
૩) શાળામાં જે સગવડ છે તેવી સગવડ ઘરમાં છે ?
૪) સંપૂર્ણ અભ્યાસ સ્માર્ટ શાળામાં કરાવી શકશો ?
૫) સ્માર્ટ શાળાનાં શિક્ષકો ખરેખર નૉલેજથી સ્માર્ટ છે ખરાં ? તેમની લાયકાતના સર્ટિફિકેટ તપાસી શકશો ખરાં ?
૬) શાળાનો સમય બાળક માટે ઉચિત છે ખરો ?
૭) શાળાનું મકાન, રમતનું મેદાન, પ્રયોગશાળા, કમ્પ્યૂટરરૂમ, લાઈબ્રેરી, પાણીની વ્યવસ્થા, સંડાસ-મુતરડી, તેમજ વર્ગની વ્યવસ્થા યોગ્ય છે ?
૮) પુસ્તકના જ્ઞાનની સાથે - સાથે અન્ય સંસ્કાર કે ઈત્તર પ્રવૃત્તિનું જ્ઞાન મળે છે ?
૯) મહિનામાં એકાદ દિવસ શાળાની મુલાકાત વાલી તરીકે લઈ શકશો ?
૧૦) પોતાના બાળકની ઉત્તરવહી તપાસી શકશો ? ખરેખર સાચું કેટલું લખ્યું છે ?
૧૧) બાળકને શાળા જેટલી સગવડ ઘરે પૂરી કરી શકશો ?
૧૨) દેખાદેખીમાં તો બાળકને સ્માર્ટ શાળામાં નથી મૂક્યો ને ?
૧૩) માત્ર સોસાયટી કે સમાજમાં પ્રભાવ પાડવા બાળક સાથે અત્યાચાર તો નથી કરી રહ્યા ને ?
૧૪) બાળક પાસે દરરોજ બે કે ત્રણ કલાક બેસવાનો સમય છે ખરો ?
૧૫) બાળકનાં વજન કરતાં સ્કૂલ બૅગનું વજન તો નથી વધી જતું ને ?
૧૬) બાળકને શિક્ષણનો ભાર કે થાક તો નથી લાગતો ને ?
૧૭) બાળકની ક્ષમતા કરતા શિક્ષકની ક્ષમતા તો ઓછી નથી ને ?
૧૮) શિક્ષકની ક્ષમતા કરતા બાળકની ક્ષમતા તો ઓછી નથી ને ?
૧૯) વારંવાર શિક્ષકો તો બદલાતા નથી ને ?
૨૦) શાળાનો વહીવટ કોઈ અનુભવી કે શિક્ષણવિદ્ દ્વારા ચાલે છે ખરો ?
૨૧) તમારી રજૂઆતોને સાંભળવામાં આવે છે ખરી ?

રુપિયા તમારા છે....નિર્ણય તમારે કરવાનો છે....પરંતુ પ્રશ્ન એ છે કે ખર્ચેલા રૂપિયાનું યોગ્ય વળતર મળે છે ? બીજી બાજુ "લાંબા જોડે ટૂંકો જાય, મરે નહિ તો માંદો થાય" એવું વાતાવરણ સમાજમાં શિક્ષણ ક્ષેત્રે બની રહ્યું છે. શિક્ષણક્ષેત્રે વર્તમાન સમયનો યક્ષ પ્રશ્ન એ છે કે સરકારી શાળાઓમાં ઊંચા મેરિટવાળા અને ઊંચા પગારવાળા શિક્ષકો છે અને બાળકો નથી. જ્યારે પ્રાઈવેટ શાળાઓમાં નીચા મેરિટવાળા અને ઓછા પગારવાળા, મર્યાદિત સમય પૂરતી નોકરી કરવાવાળા શિક્ષકો મોટા ભાગના વાલીઓનાં બાળકોને ભણાવી રહ્યા છે....! (આ લેખ માત્ર સામાજિક જાગૃતિ માટે છે.)

(નોંધઃ માત્ર આંગળીના વેઢે ગણી શકાય તેટલી જ પ્રાઈવેટ શાળાઓમાં ભરોસો રાખી શકાય તેમ છે.)

**અધિકાર : કાકા કાલેલકર**

**કોઈપણ શિક્ષણસંસ્થામાં મોટામાં મોટો અધિકાર તો વિદ્યાર્થીઓને ભણાવવાની છૂટ, તેમના પર અસર પાડવાની તક, એ જ છે. તે જ્યાં સુધી આપણી પાસે છે ત્યાં સુધી બીજા અધિકારો મળે કે ન મળે એની દરકાર સાચા શિક્ષકોને ન હોય. કોઈ પણ સંસ્થામાં આપણે થોડા દિવસને માટ હોઈએ કે કાયમને માટ, તે સંસ્થાનું આત્યંતિક હિત, તે સંસ્થાની પ્રતિષ્ઠા અને વાતાવરણની પવિત્રતા એ ત્રણે વસ્તુ વિશે ઈંતેજારી આપણામાં પૂરેપૂરી હોવી જોઈએ. એક દિવસને માટે ભણાવતા હોઈએ તોપણ સંપૂર્ણ નિષ્ઠાથી ભણાવવું, એ તો પ્રામાણિક સેવામાં આવી જ જાય છે. એ તો માણસની પોતાના પ્રત્યેની જ ફરજ છે. શિક્ષકોએ એ પણ ન ભૂલવું જોઈએ કે દરેક દિવસ એ પોતાની લાયકાત વધારવાની એક અસાધારણ તક છે. ભણાવવામાં એક દિવસને માટે પણ જો આપણે બેદરકાર કે નિરુત્સાહ થઈએ, વેઠ ઉતારીએ તો આપણી ઉન્નતિનો એક દિવસ આપણે ખોયો ગણવો જોઈએ.**

# શુભારંભ

ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના

૩૦૨, યશ એક્વા કોમ્પલેક્ષ, મેકડોનાલ્ડ ઉપર,
વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

એક વખત એક યુવતિ મ્યુનિસિપલ શાળામાં ભણાવવા ગઈ હતી. વિશેષમાં થોડાક છોકરાઓ દોડીને તેમને મળવા આવ્યા અને કહ્યું કે અમને અહીં ભણવાની મજા નથી આવતી. અમારે વધારે ભણવું છે. તમે અમને ના ભણાવો ?

છોકરાઓની આ માત્ર માગણી નહોતી, લાગણી પણ હતી.

એ પછી તો વાસણા વિસ્તારમાં રહેતી ઋતુ શાહ નામની એક યુવતિને, પોતાને ભણતાં ભણતાં ગરીબ વિદ્યાર્થીઓને ભણાવવાનું મન થયું. પોતાના થોડાક મિત્રો સાથે તે વાસણા વિસ્તારની મ્યુનિસિપલ સ્કૂલમાં નિયમિત ગરીબ વિદ્યાર્થીઓને ભણાવવા જવા લાગી. આ સિલસિલો લગભગ અઢી વર્ષ ચાલ્યો. નવા નવા છોકરાઓ આવતા જાય અને તેમને ભણાવવાનું કામ થતું જાય. ઋતુની સાથે આદેય શાહ નામનો એક યુવક પણ હતો. તેને લાગ્યું કે આ છોકરાઓ જ્યાં રહે છે ત્યાં જવું જોઈએ. ત્યાંનું વાતાવરણ કેવું છે તે જાણવું જોઈએ. તેમના પરિવારજનોને પણ મળવું જોઈએ.

બીજા દિવસે આદેય અને મિત્ર ઋતુ વિદ્યાર્થીઓના ઘરે ગયાં. વાસણા વિસ્તારમાં શ્રી ઓમનગર નામનો એ ઝૂંપડપટ્ટીનો વિસ્તાર હતો.

તેઓ નિતુ નામની એક છોકરીને મળ્યાં. નિતુને તેઓ ઓળખતાં હતાં. મ્યુનિસિપલ શાળામાં તેમને નિતુનો પરિચય થયો હતો.

ઋતુએ નિતુને કહ્યું કે ચાલ, તારા ઘરે જઈએ. તારી શેરીના છોકરાઓને ભણાવવાનાં છે.

નિતુના ચહેરા ઉપર ખૂબ જ આનંદ વ્યાપી ગયો. ટીચર પોતાના ઘરે આવી રહ્યાં હતાં. ઉત્સાહમાંને ઉત્સાહમાં તેણે ટીચરને પોતાના ઘરે આવી જવાની હા તો પાડી દીધી, પરંતુ પછી તેને ચિંતા થઈ.

તે છટકબારીઓ શોધવા લાગી.

તેણે કહ્યું કે મારી મમ્મી ઘરે નથી.

ઋતુ સમજી ગયાં કે નિતુની ઈચ્છા એવી નથી કે અમે તેના ઘરે જઈએ.

તેણે આગ્રહ સાથે કહ્યું કે કોઈ વાંધો નહીં. આપણે તારા ઘરે જઈએ.

ઋતુએ નિતુને પોતાના એક્ટિવા પાછળ બેસાડી દીધી.

એ પછી તેઓ નિતુના ઘરે ગયાં.

એ તારીખ હતી ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૪ અને શનિવાર.

તેના એક જ દિવસ પછી એટલે કે ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૧૪, રવિવારના રોજથી વિદ્યાદાનની પ્રવૃત્તિનો શુભારંભ થઈ ગયો. એ દિવસથી તેમણે ભણાવવાનું શરુ કર્યું.

બાળકોને ક્યાં બેસીને ભણાવવાં એ સૌથી મોટો પ્રશ્ન હતો.

નિતુના ઘરની બહાર કપડાં ધોવાની ચોકડી હતી તેમાં બેસીને ઋતુ તથા આદેય બાળકોને ભણાવતાં. એ ટીમમાં મિત મોરખિયા, દક્ષ શાહ, પાર્શ્વ શાહ અને વિદ્યુત શાહ પણ જોડાયા હતા.


અમદાવાદના આ યુવાનોએ ભણાવવાનો યજ્ઞ શરૂ કર્યો. એ વખતે તો તેમને કલ્પના પણ નહોતી કે આ નાનકડો છોડ એક દિવસ ઘેઘૂર વડલો થશે અને તેની શીતળ છાયામાં અનેક બાળકો જીવન ઘડતર પામશે.

## સાત રૂપિયા !

**ભાવાનુવાદ : હેતલ શાસ્ત્રી**

આચાર્યા, જે.એન. બાલિકા વિદ્યાલય, સરસપુર, અમદાવાદ.





નોબેલ વિજેતા પ્રો. સી. વી. રામન નિવૃત્તિ પછી બૅંગાલુરુમાં એક સંશોધન સંસ્થા સ્થાપવા માંગતા હતા. તે અનુસંધાનમાં તેમણે ત્રણ ભૌતિકશાસ્ત્રીઓની નિમણૂંક કરવા માટે યોગ્ય ઉમેદવારો શોધવા વર્તમાનપત્રમાં જાહેરાત આપી. ઘણા બધા ઉત્સાહી વૈજ્ઞાનિકોએ આ જાહેરાત વાંચીને અરજી કરી. તેમાંના મોટાભાગના વિચારતા હતા કે ભલે તેઓ આ પદ માટે પસંદગી ન પામે પરંતુ આ બહાને સી. વી. રામન જેવા મહાન વિજ્ઞાનીને મળવાનો મોકો મળશે. પ્રાથમિક પસંદગીમાં પાંચ ઉમેદવારો પસંદગી પામ્યા અને તેમનો છેલ્લો ઈન્ટરવ્યૂ પ્રો. સી. વી. રામન દ્વારા લેવામાં આવ્યો.

પાંચમાંથી ત્રણની પસંદગી કરવામાં આવી. બીજા દિવસે પ્રો. રામન જઈ રહ્યાં હતા ત્યારે તેમણે જોયું કે, એક જુવાન તેમને મળવા માટે તેમની રાહ જોઈ રહ્યો હતો. તેમને યાદ આવ્યું કે આ એ જ જુવાન હતો જે આ પદ માટે પસંદગી પામ્યો ન હતો. પ્રો. રામને તેને પૂછ્યુ, ભાઈ શું મુશ્કેલી છે ? કેમ મને મળવા માંગે છે ? યુવાને ઉત્તર આપ્યો, સાહેબ કોઈ ખાસ મુશ્કેલી નથી, પણ તમારી સંસ્થાએ ઈન્ટરવ્યૂ પૂરું થયા બાદ વાહનભથ્થામાં મને રૂ. ૭ વધુ ચૂકવ્યા હતાં અને હું આ વધારાના રૂા. ૭ સંસ્થાને પાછા આપવા માંગુ છું. પરંતુ અહીં સંસ્થામાં આ પ્રકારના ખાતાંની લેણ-દેણ પૂરી થઈ ગઈ છે. માટે તમે આ રૂા. ૭ સાથે આનંદ કરો એમ કહેવામાં આવી રહ્યું છે. યુવાને કહ્યું, આ યોગ્ય નથી કેમ કે આ રૂા. ૭ મારા હક્કના નથી અને હું તેને પાછાં આપવા માંગુ છું. પ્રો. સી.વી. રામન બોલ્યા, તો ભાઈ તું આ રૂા. ૭ પાછાં આપવા માંગે છે, ઠીક છે એમ કહી તેમણે રૂા. ૭ પાછા લઈ લીધા.

થોડાંક પગલાં આગળ વધી પ્રોફેસરે યુવાનને બીજા દિવસે ૧૦.૩૦ કલાકે પોતાને મળવા માટે જણાવ્યું. મને આ મહાન માણસને મળવા માટે બીજી વાર તક મળશે એમ વિચારીને યુવાન ખુશ થઈ ગયો. બીજા દિવસે યુવાન જ્યારે પ્રો. રામનને મળ્યો ત્યારે પ્રોફેસરે જણાવ્યું "દીકરા, તું ભૌતિક વિષયની પરીક્ષામાં નાપાસ થયો છે. પરંતુ પ્રામાણિકતાની પરીક્ષામાં ઉત્તીર્ણ થયો છે. માટે તારા માટે હું એક નવા પદનું નિર્માણ કરું છું." યુવાન ખૂબ આશ્ચર્યચકિત થઈ ગયો અને આનંદ સાથે તે સંસ્થામાં જોડાયો.

પાછળથી આ યુવાન પણ ૧૯૮૩માં નોબેલ વિજેતા બન્યો. તે યુવાન હતો પ્રો. સુબ્રમણ્યમ ચંદ્રશેખર. (ભારતીય મૂળનો અમેરિકન નાગરિક). તેમણે એક પુસ્તક લખ્યું છે તેમાં ઉલ્લેખ કર્યો છે કે સાત રૂપિયાએ તેમની જિંદગી બદલી નાખી. પ્રામાણિકતા કેવા મહાન વિજ્ઞાની બનાવી શકે તેનું આ ઉદાહરણ હતું. જો વ્યક્તિના કૌશલ્યમાં કોઈ ઊણપ હોય તો સખત મહેનત, સાચાં માર્ગદર્શન અને અન્યોની મદદથી તેને પૂર્ણ કરી શકાય છે. પરંતુ જો વ્યક્તિના ચારિત્ર્યમાં, નૈતિકતા અને મૂળભૂત મૂલ્યોની ઊણપ હોય તો તે અન્ય પરિબળો દ્વારા ક્યારેય પૂર્ણ કરી શકાતી નથી. માટે જ આઈસ્ટાઈન જેવા મહાન વ્યક્તિએ કહ્યું છે.

"Don't try to be a man of success, but always be a man of value".

# શાળા સત્રનો પ્રારંભ અને આપણું ઉત્તરદાયિત્વ

**અશોક સોમપુરા**
૭, એપેક્ષનગર સોસાયટી,
પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ સોસાયટી પાછળ,
બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪. ● મો. : ૯૪૨૬૫૨૫૨૪૨



સમય પરિવર્તનશીલ છે. જે આજે નવું છે, તે આવતીકાલે જૂનું થવાનું છે. વળી સમય ક્યારેક નવું સ્વીકારી નવો વેશ ધારણ કરીને આવે છે. આવા સમયના ગર્ભમાં કેટલીયે સારી-નરસી ઘટનાઓ આપણને જોવા મળે છે.

સમયની સાથે સાથે દરેક ઋતુ કે મોસમ પોતાનો આગવો મિજાજ કે આગવી ઓળખ લઈને આવે છે અને તે સમયની હદમાં રહી પોતાનું કામ કરી વિદાય લે છે. આમા ઋતુઓ કહો, મોસમ કહો, શિયાળો, ઉનાળો, ચોમાસુ, પાનખર કે પછી વસંત - આ બધા જ પોતાનો સમય સાચવી વિદાય લે છે. આવી જ બીજી મોસમ જોઈએ તો તહેવારોની મોસમ, લગ્નની મોસમ કે પછી ભણવાની અભ્યાસની, પરીક્ષાની, પ્રવેશ મેળવવાની કે શાળા સત્રના પ્રારંભની મોસમનું પણ એક આગવું સ્થાન હોય છે.

આજે આપણે વાત કરવી છે શાળાના નવા સત્રના પ્રારંભના મોસમની. જૂન મહિનો એ બાળકના ભણતર-ઘડતરની શરૂઆતનો એક આગવો મહિનો છે. વિદ્યાર્થી-વાલી કે પછી શિક્ષક અનેક આશા-અરમાન સાથે નવા સત્રના પ્રારંભની રાહ જોતા હોય છે, તેવું આપણે અનુભવતા હોઈએ છીએ. આવા સમયે બાળકોના ભણતર-ઘડતરના વિકાસના તબક્કાઓમાં આપણે સૌ તેમને સહાયરૂપ બનીએ તે ખૂબ જરૂરી છે. આવી મદદરૂપ બનવાની વાત કરવાનો પણ અહીં નમ્ર પ્રયાસ કરવો છે.

ગુજરાતના જ શિક્ષણની વાત કરીએ તો જૂન મહિનો એટલે શાળાઓ અને બાળકો માટેનો ખાસ વિશિષ્ટ મહિનો. કેટલીક સારી શાળાઓ બાળકોના ભણતર-ઘડતરને પ્રાધાન્ય આપવા, તેમની ગુણવત્તા સુધારવા માટે અભ્યાસક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને વાલીઓ તેમજ જે તે વિસ્તારના નાગરિકોને ઉપયોગી થાય તેવા સેમિનારો યોજે છે. આયોજનો કરે છે. વિદ્યાર્થીઓને વધુ લાભ થાય તેની વિશેષ કાળજી આવા આયોજનો દ્વારા થાય છે.

વધુમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક અને ભૌતિક સુવિધાઓ પૂરી પાડવા આગોતરા કામો શાળા દ્વારા નક્કી થાય છે અને શાળાઓ શરૂ થાય તે પહેલા આવા કામો વેળાસર પૂરા થાય તેની પણ ખાસ કાળજી આવી સારી શાળાઓ લેતી હોય છે. દરેક શાળા આવા કામોનું આયોજન કરે એ હિતાવહ છે.

દરેક વયજૂથના વિદ્યાર્થીઓ માટે શાળાનું નવું વર્ષ મહત્ત્વનું હોય છે. આશાના આ પ્રથમ સત્રના પ્રારંભે શાળાએ જવા તેનાં હ્રદયમાં એક અનેરો થનગનાટ હોય છે. ખૂબ ઉત્સાહથી અને પ્રસન્ન મન સાથે તે શાળા ખૂલવાની રાહ જૂએ છે. શાળાએ જવાની તૈયારી તે હોંશથી કરે છે. નવું યુનિફોર્મ, બૂટ, ચંપ્પલ અને શાળાના અભ્યાસક્રમના પુસ્તકો તેને આગવો આનંદ આપનારા હોય છે.

ઘણાની ખૂબીની વાત અને પ્રસંગો આપણને ત્યારે અચરજમાં મૂકી દે છે કે જ્યારે તે પોતાના અભ્યાસ માટે ઓછી કિંમતે કે અડધી કિંમતે મળેલી જૂની ચોપડીઓ કે પુસ્તકોને તે ખૂબ વહાલથી નવા સ્વરૂપે જ જૂએ છે. તેને જ્યારે નવા પૂંઠા કે કવરો ચડાવી તેને પોતાની સ્કૂલબેગમાં (દફતરમાં) રાજી થઈને મૂકે છે. આ તેના માટેની ખૂબ જ સુખદપળ હોય છે. જે જોઈને આપણને પણ પ્રસન્નતા થાય છે.

દરેક વિદ્યાર્થી શાળાના પ્રથમદિને પોતાનો વર્ગખંડ જોવા આતુર હોય છે. નવા વર્ગશિક્ષક, નવા મિત્રો, નવી બેઠક આ બધી જ બાબતો તેને માટે નવી હોય છે. તેને વિસ્મયમાં મૂકી દે છે. આ નવું વાતાવરણ તેનામાં આશાનો નવો સંચાર કરે છે. ખૂબ ભણી લેવું, સારું ભણી લેવું


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

એવા અરમાનો, સંકલ્પો તેના હ્રદયમાં ઊગી નીકળે છે. ક્યારેક આવા અરમાનો, આશા અને પોતાની શ્રદ્ધાને વધારે જીવંત રાખવા કેટલાક ધર્મપ્રેમી મા-બાપો બાળકોને મંગલમય શિક્ષણના આશીર્વાદ મળે તે માટે કપાળમાં ચાંલ્લો કરીને પણ શાળાએ મોકલતા હોય છે.

શાળાનું વૅકેશન પૂરું થયા પછી શાળાનું પરિસર બાળકોથી શોભી ઊઠે છે. ઘણા ઉત્સાહથી બાળકોની ચહલ-પહલથી શાળા ગુંજી ઊઠે છે. થોડાક ગંભીર તો વળી ઉત્સાહથી ભરેલા આવા બાળકોને આપણને ચોક્કસ એવું લાગે છે કે આવનારો યુગ પ્રગતિનો યુગ બની રહેશે.

એમાંય વળી પ્રાથમિક શાળાનું ભણતર પૂરું કરી માધ્યમિક શાળામાં ભણવા આવતા વિદ્યાર્થીઓનું મનોજગત ઘણાં અવનવા વિચારો સાથે જીવતું હોય છે. તેમના મન, સ્વભાવ આવા સમયે ઉંમરની પરિપક્વતામાં પ્રવેશતા હોય છે. આથી તેઓ સાવ નાજૂક, કોમળ અને વળી કોઈકવાર અવઢવની દશામાં હોય છે. તેઓ આ વખતે પાક્ટ થવાની તૈયારીમાં હોય છે. બરાબર આવા જ સમયે તેમનામાં શારીરિક ફેરફારો થવાની પણ શરૂઆત થતી હોય છે. જીવનના આવા મહત્ત્વના વળાંકે તેને સંભાળવો, સાચવવો અને સારા માર્ગે વાળવો એ ખૂબ આવશ્યક બની રહે છે.

આપણે વાલીઓ, શિક્ષકો તેની આવી સ્થિતિમાં તેને પૂરેપૂરો સમજી તેની સાથે રહીએ અને તેની સાથેનું આપણું ઉત્તરદાયિત્વ સારી રીતે બજાવીએ તે જરૂરી છે.

આવો, આપણે મા-બાપ હોઈએ, વાલી હોઈએ, શિક્ષક હોઈએ, સંચાલક હોઈએ કે પછી કોઈ કર્મચારી હોઈએ સૌ પોતાની જવાબદારી સમજીને નવા યુગની સુખાકારી અને રાષ્ટ્રની ઉન્નતિ માટે અભ્યાસુ બનતા બાળકો-વિદ્યાર્થીઓના દરેક કાર્યમાં પૂરો સહયોગ આપીએ.

**સૈકાઓ પૂર્વે ઘડિયાળના કાંટા વગર ક્રિયાન્વિત થવાની શીખ માતૃભાષા સિવાય કોણ આપી જાણે ? સૂરજ ઊગવાને ઘણી વાર હોય એ ટાણાને 'ભળકડું' નામ અપાયું અને સૂરજ ઊગું ઊગું થતો હોય એ સમયને 'મોં સૂઝણું' કે 'બગભગુ' કહેવાયું.**

**૯ થી ૧૦ વાગ્યાનો સમય એટલે કુણા બપોર. બારનો સમય બપોર. ત્રણ વાગે એટલે રોંઢો. પાંચ વાગ્યે રોંઢડિયો. અને સાંજના ૬ થી ૭ના સમયને રૂંઝ્યું કહેવાય. પછી રાત આવે. પ્રથમ ઝાલર વાગ્યે, વાળુ ટાણું, સોપો પડવો, મધરાતનો ગજર ભાંગવો. કેવા ટાણે કેવું અને કેટલું ભોજન લીધું છે એનું માપ પહોર ઉપરથી પામી શકાય. સવારનું જમવાનું 'શિરામણ'. બપોરનું જમવાનું બપોરા. રોંઢે જમવાનું 'રોંઢો'. અને રાતનું ભોજન 'વાળુ'. આટલી ઝીણી ઝીણી સમજ અને સમયસર ખાનપાન માટેનો આખો ચાર્ટ અંગ્રેજી પાસે હોઈ શકે ? આપણાં સગાં સંબંધીઓને પૂરી ચોખવટવાળાં સંબોધનો જાણો છો ?**

**બાપની બહેન ફઈબા. બાપના બનેવી ફુઆ. માની બહેન માસી અને માસીનો પતિ માસા. બાનો ભાઈ મામો અને બાપનો નાનો ભાઈ કાકો, મોટો ભાઈ મોટા બાપા. પત્નીનો ભાઈ સાળો અને સાળાની વહુ સાળાવેલી. પતિની બહેન નણંદ અને નણંદનો વર નણદોયો.**

**આટલી રસાળ, વિશાળ, વિગતાળ માતૃભાષાને છેહ કેમ દેવાય ? જે ભાષામાં સપનાં આવે, જે ભાષામાં ચીસ નીકળે, જે ભાષામાં રૂદન આવે એની અવગણના કરનારો માનને પાત્ર તો નથી જ.**

**ઉંબર મૂકીને ડુંગર પૂજવા જતા રામગાંડિયાઓને સમજાઈ જવું જોઈએ કે માતૃભાષાનું 'ભાથું' જો તમારા ખભે હશે તો એમાંથી ખેંચીને એક પછી એક તીરથી તમે ધારશો એટલાં નિશાન પાડી શકશો.**

**માતૃભાષા માણસાઈને ઘડે છે. ધીરજ આપે છે. ધારણા, સહનતા અને સહિષ્ણુતા પ્રદાન કરે છે. જગતના મોટામાં મોટા ગણાતા મહાપુરુષોએ પોતાની માતૃભાષાનાં આકંઠ પાન અમૃતપાન કર્યાં છે અને પછી મહાન બન્યા છે, બનતા રહેશે.**

**જરા નિરાંતે, પાછું વાળીને જોતાં શીખજો અને માતૃભાષાનું ચિંતન કરીને નમન પણ કરજો.**

સૌજન્ય : નાનાભાઈ હ.જેબલિયા

# સરસ્વતી વિદ્યામંડળ - શૈક્ષણિક શિબિર અહેવાલ

**મૃણાલ ઓઝા**
મ.શિક્ષક, જે.એન. બાલિકા વિદ્યાલય, સરસપુર,
અમદાવાદ-૩૮૦૦૧૮.



સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓનાં કર્મયોગીઓનું વ્યક્તિત્વ વિકસે અને રોજિંદા શૈક્ષણિક કાર્યોમાં સતત નવા અભિગમો કેળવાય તે હેતુસર સરસ્વતી વિદ્યામંડળ દ્વારા તા. ૩ અને ૪ મે ૨૦૧૯ના રોજ શાંતિકુમાર કોઠારી વિદ્યાલય, અસારવા ખાતે શૈક્ષણિક શિબિર યોજાઈ ગઈ. શુભારંભ કાર્યક્રમની શરૂઆતમાં અંતરમમ્ વિકસિત મંગલગીતથી વાતાવરણ મંત્રમુગ્ધ બન્યું. મુખ્ય મહેમાનશ્રી ડૉ. સુદર્શન આયંગરનો પરિચય તથા સુતરની આંટી અને પુષ્પગુચ્છથી મુખ્યમહેમાનશ્રીનું અભિવાદન **શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે**એ કર્યું. મુખ્ય મહેમાન અને અન્ય આમંત્રિતો દ્વારા દિપપ્રાગટ્ય સંપન્ન થયું. શ્રી જ્યોતીન્દ્રભાઈએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું ૪૫ વર્ષથી સતત શિબિરનું આયોજન થાય છે. જેમાં નવાં વિચારો, નવાં વિષયો, નવા પ્રશ્નોનું ચિંતન કરી શિક્ષણમાં જીવંતતા લાવી શકાય છે.

પ્રથમ દિવસની પ્રથમ બેઠકના વક્તા **ડૉ. સુદર્શન આયંગર**, અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી, જેઓશ્રીએ ૬૦થી વધુ લેખો લખેલ છે. ગૂજરાત વિદ્યાપીઠના ઉપકુલપતિ તરીકે ફરજ બજાવેલ છે. જેઓશ્રીએ ગાંધીનું શિક્ષણ દર્શન પર સરળ ભાષામાં સચોટ વક્તવ્ય આપ્યું. તેઓશ્રીએ ગાંધીજીના જીવનનાં વિવિધ પ્રસંગો દ્વારા ત્રણ નિયમો (૧) હ્રદયની કેળવણી (૨) હાથની કેળવણી (૩) બુદ્ધિની કેળવણી (પ્રકારની કેળવણી) શિક્ષણમાં અનિવાર્ય પણે સમન્વય કરવા પર ભાર મૂક્યો. માનવીય મૂલ્યોનું સિંચન અને ચારિત્ર્યનિર્માણનું કાર્ય શિક્ષકોનું જ છે. તેમજ સત્યના પ્રયોગોનું શિક્ષણદર્શન નવી પેઢીને કરાવવાની જરૂર છે. તેઓશ્રીએ મૂલ્યશિક્ષણ પર ભાર મૂક્યો.

પ્રથમ દિવસની બીજી બેઠકના વક્તા **શ્રી બકુલભાઈ પટેલ** કે જેઓ સિવિલ એન્જિનિયર પરંતુ મૂળ શિક્ષણના જીવ, શિક્ષણના ઊંડા અભ્યાસી અને ઊંડી સમજણ સૌને અપીલ કરી જાય તેવા. તેઓશ્રીએ શિક્ષણમાં સ્વાયત્તા વિષય પર ઉદ્‌બોધન આપતા જણાવ્યું દરેક જીવ અને નાગરીકને ગમતો શબ્દ એટલે સ્વાયત્તા. તેઓશ્રીએ શિક્ષણમાં શિક્ષકોને કઈ સ્વાયત્તા જોઈએ તે વિશે પ્રશ્નોત્તરી દ્વારા જીવંત ચર્ચા કરી. શિક્ષકોએ વિવિધ સ્વયત્તા જણાવી ચર્ચામાં ભાગ લીધો હતો.

(૧) સરકારી કામગીરીમાંથી મુક્તિ
(૨) નબળા બાળકને પાસ ન કરવાની સ્વાયત્તા
(૩) નબળાં બાળકને સબળાં કરવાની સ્વાયત્તા
(૪) વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય તેવી સ્વાયત્તા
(૫) વિષયો ના ગુણાંકનની સ્વાયત્તા
(૬) મૂલ્યાંકન પદ્ધતિની સ્વાયત્તા
(૭) અભ્યાસક્રમ - પાઠ્યપુસ્તક - ફેરફારની સ્વાયત્તા
(૮) શિક્ષકને પ્રવૃત્તિ માટે યોગ્ય સમયની સ્વાયત્તા
(૯) શૈક્ષણિક પ્રયોગો કરવાની સ્વાયત્તા.

ભોજન બાદની ત્રીજી બેઠકને પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં વિભાજિત કરવામાં આવી. **ડૉ. મમતાબેન ભટ્ટ** પૂર્વ આચાર્ય, વડુ પીટીસી કૉલેજ, હાલમાં ડાયરેક્ટર અને આચાર્ય અનન્ય વિદ્યાલય, ઝુંડાલ અને પાઠ્યપુસ્તક મંડળ સાથે સંકળાયેલ છે. શ્રી મમતાબેને આપણાં પાઠ્યપુસ્તકો (ગણિત-વિજ્ઞાન) વિષય પર ઊંડી છણાવટ કરી. એનસીઈઆરટીના પુસ્તકો ભણાવવા માટે આપણે ટેકનોલોજીનો ઉપયોગ કરવો અનિવાર્ય છે. બાળકોને પ્રવૃત્તિ દ્વારા સમજ આપવી તેમજ વર્ગની બહારનું પ્રેક્ટિકલ જ્ઞાન આપવાની જરૂર છે. બાળકોને વિષયમાં

રસ ઉત્પન્ન થાય તેવી નવીન પદ્ધતિઓનો ઉપયોગ કરી શિક્ષણકાર્ય વધુ અસરકારક બનાવી શકાય તેમ જણાવ્યું હતું.

માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં **શ્રી મયુરભાઈ રાવલ** - ભૌતિકશાસ્ત્રના શિક્ષક તરીકે ફરજ બજાવે છે. પાઠ્યપુસ્તક મંડળ સાથે જોડાયેલ છે. તેઓશ્રીએ જણાવ્યું કે આપણે બદલવાની જરૂર છે. ભણાવવાની પદ્ધતિ બદલવાની જરૂર, બાળકોને ફક્ત ભણતા કરવાના છે. વિવિધ પ્રયોગો અને પ્રવૃત્તિઓના ઉપયોગથી બાળકની સમજણશક્તિ વિકસાવી તેઓને વિચારતા જ કરવાના છે. નવાં પાઠ્યપુસ્તક ભણાવવા માટે જૂથ ચર્ચા પદ્ધતિ અસરકારક બની શકે. શિક્ષણને જીવંત અને અર્થસભર બનાવીશું તો બાળક વધુ રસ લેતાં થશે. એપ્લિકેશન બેઝ પ્રશ્નો પૂછી બાળકોને તૈયાર કરવા પર ભાર મૂક્યો.

પ્રથમ દિવસની ચોથી બેઠકમાં **શ્રી નીશાબેન** (શિક્ષક, અસારવા વિદ્યાલય) ફાધર વાલેસ રચિત **'ગાંધીજી અને નવી પેઢી'** પુસ્તકનું રસદર્શન કરાવ્યું. શ્રી ફાધર વાલેસે ગાંધીજી જેવી વિરલ વિભૂતિને નાનકડા પુસ્તકમાં રજૂઆતનું અઘરું કાર્ય કર્યું છે. ૧૭ પ્રકરણ ધરાવતા આ પુસ્તકમાં મોહનના મહાત્મા બનવાના સોપાનો વર્ણવ્યા છે. સત્યાગ્રહ અને દેશબંધુત્વનો પાઠ ભારતની જનતાને શીખવ્યો. આ પુસ્તક દ્વારા ગાંધીજીના સત્ય, અહિંસા, સમયપાલન અને શ્રમના મહિમાને રજૂ કર્યો છે. ઉદ્યમ ગુણો તેમજ મહાત્મા બનવાની સફળ યાત્રા સુંદર રીતે રજૂઆત કરી છે.

**'૪૦૦ ટકા આનંદ'** - શ્રી હરેશ ધોળકીયાનું પુસ્તક પરિચય **શ્રી મૃણાલબેન ઓઝાએ** કર્યો. જેમાં શિક્ષક તરીકેના બહોળા અનુભવોને વિવિધ પ્રસંગો અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળક અને શિક્ષકના પ્રેમની ગાથા સૌએ માણી. એકવીસમી સદીમાં શિક્ષક, બાળકનો રોલ મોડલ છે અને રહેશે. 'સર' ફિલ્મ તેની સાક્ષી પૂરાવે છે. બાળકને જેટલું સમજીશું - ઓળખીશું તેટલો જ ભણાવવાનો આનંદ આપણે માણી શકીશું. દરેક શિક્ષક વાંચવા યોગ્ય પુસ્તક એટલે ૪૦૦ ટકા આનંદ.

**તા. ૪ મે ૨૦૧૯, શનિવાર**

- મંગલગીત દ્વારા પ્રથમ બેઠકની શરૂઆત

બીજો દિવસના પ્રથમ વક્તા **શ્રી ડૉ. કિરણસિંહ પરમાર** ૧૬ વર્ષથી એલ.ડી.એન્જિ. કૉલેજમાં ફરજ નિભાવી ૨૦૧૫માં અદાણી ઈન્સ્ટીટ્યૂટ - વિઝીટીંગ ફેકલ્ટી તરીકે કાર્યરત છે. તેઓએ બેઝિક ઈલેક્ટ્રોનિક્સ અને ઓડિયો વિઝ્યૂઅલ સીસ્ટમ પર પુસ્તકો લખ્યા છે.

શિક્ષણમાં આધુનિક ઉપકરણો વિષય પર ડૉ. કિરણસિંહ પરમારે જણાવ્યું સુપર કમ્પ્યૂટર આવી જાય પણ શિક્ષકની અવેજીમાં કોઈ ન આવી શકે. કમ્પ્યૂટર દ્વારા જુદાં જુદાં વિષયો માટે અસરકારક શિક્ષણ આપી શકાય. વિજ્ઞાન-ગણિત વિષયમાં આકૃતિ એનીમેશન દ્વારા બાળકોને શીખવી શકાય અને અઘરા વિષયને સરળતાથી શીખવી શકાય. ટેક્નોલોજી દ્વારા શિક્ષણથી બાળકોની હાજરીનું પ્રમાણ વધારી શકાય અને ગુણવત્તાને સુધારી શકાય છે.

બીજી બેઠકના વક્તા **શ્રી રમેશભાઈ ઓઝાએ** આપણા પાઠ્યપુસ્તકો (ભાષા) ગુજરાતી વિશે વિસ્તૃત ચર્ચા કરી. તેઓશ્રીએ ભાષા શુદ્ધિ, વિરામચિહ્નો, જોડણી, શિત શબ્દો વિશે વિસ્તૃત સમજૂતી આપી. પાઠ્યપુસ્તકમાં જોડણીની ભૂલો પ્રત્યે આપણી ઉદાસિનતા જોવા મળે છે. ગુજરાતી ભાષાનું મહત્ત્વ બાળકોને સમજાવવું જોઈએ. આમ, ગુજરાતી ભાષાવિજ્ઞાન વિશે તેઓએ ઊંડી છણાવટ કરી.

ભોજનબાદની ત્રીજી બેઠકમાં **શ્રી સજુભા ઝાલા** અને **શ્રી વનિતાબેને** ઝવેરચંદ મેઘાણીના છ કાવ્યોનું રસદર્શનનું સંચાલન અને સંકલન કર્યું. કાવ્યગાનનો રસાસ્વાદ સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાના સંગીત શિક્ષકોએ

(અનુસંધા પૃષ્ઠ ૪૦ ઉપર)

# ‘મામા’ થી ‘મેક માય ટ્રીપ’ સુધી

સાભારઃ અનુપમ બૂચ

મામા બહુ લાંબો સમય ‘મામા’ બન્યા! મામાઓ આપણી જરી પુરાણી રીત, રસમ અને કુરિવાજોનો વર્ષોથી ભોગ બનતા આવ્યા’તા. કોઈને મામાઓ તરફ હમદર્દી નહોતી. ‘હોય, મામા છે, એમની ફરજ છે’! આપણા સમાજ સુધારકો અબળા નારીની પડખે થયા, દલિત અને તરછોડાયેલ વર્ગ માટે ઝંડા હાથમાં લીધા પણ વરસોથી ‘મામા’ બની રહેલા મામાઓની વહારે કોઈ ન આવ્યું તે ન જ આવ્યું. મામાઓ શોષણનો શિકાર બનતા રહ્યા. નીચી મૂંડીએ, હસતે મોઢે, ભાણા-ભાણી તેડવા જેવાં હોય ત્યારથી પરણવા જેવડાં થાય ત્યાં સુધી રજાઓમાં ફેરવતા રહ્યા, મજા કરાવતા રહ્યા.

વૅકેશન પડ્યું નથી ને બહેનો-ભાણેજડાંનાં ધાડાં મામાના ફળિયે ઠલવાણા નથી! સ્કૂલમાં રજા પડે એટલે ‘મામાને ત્યાં.’ કેટકેટલાં વૅકેશનો મામાને ઘેર માણ્યા હોવા છતાં એ વિશે અમને પરીક્ષામાં નિબંધ કેમ પૂછાયો નહી હોય ? રજાઓ પડે કે ગામમાં ચોથી પેઢીના સગાંને ઘેર લગ્ન પ્રસંગ હોય, મામાને ઘેર હક્કથી પહોંચી જવાનો વણલખ્યો નિયમ ભારતીય સંવિધાનની કોઈ પેટા કલમ હોય એમ વરસો સુધી પળાયો અને કોઈ મામાની હિંમત ન ચાલી કે આંખ ઊંચી કરે કે હરફ સરખો પણ ઉચ્ચારે!

પાટીએ હીંચતા વડવાઓ કે વડવાના બાપુજીનું દીવાલ પર ખોડાઈ ગયેલ તૈલચિત્રે વર્ષોથી દીકરી-ભાણેજોના હિત અને હક્કની રક્ષા કરી. મામાઓ મૂંગા હતા, કહ્યાગરા હતા, ફરજપ્રિય હતા.

બપોરે ડેલીમાં પડેલું મોતીના દાણા જેવા અક્ષરોવાળું દીકરીનું પોસ્ટકાર્ડ ઓળખતાં માને વાર લાગે? હરખનો કૂદકો મારવો જ બાકી રહે! એ પોસ્ટકાર્ડ મોટેથી વાંચે. બાપ ઓરડામાંથી બહાર ડોકું કાઢે અને ‘અમે પચ્ચીસમી એપ્રિલે રાત્રે સૌરાષ્ટ્ર જનતામાં નીકળીએ છીએ’ સાંભળી અબળા મામી પણ હરખાય. રાત્રિ ઓટલા પરિષદમાં મા તરફથી બ્રેકિંગ ન્યૂઝ હોય, ‘વચલી‘ આવે છે!

મામો તો બિચારો ઑફિસે બેઠો હોય. બાપડો ઘેર આવે ત્યારે મા ડેલી સુધી વધામણી આપવા દોડે. ‘બેબી-મા છોકરાં છવ્વીસમીએ આવે છે’. મામાને અણસાર હોય જ હોય કે પછીના વિકમાં મોટી અને નાની બહેનના પરિવાર આવવાના જ છે. મામા ‘એમ?’ કહીને રાજીપો વ્યક્ત કરતાં પોતાના વૅકેશનની આહુતિ આપે. આવાં તો કેટલાંય વૅકેશનોના હિસાબના ચોપડા ગેરવલ્લે થઇ ગયા.

જમાઈઓ તો પરિવારને ટ્રેનમાં બેસાડે અને ઉતારે, બસ! સ્ટેશને તેડવા કોણ જાય? મામા. ભાણેજોને ફરવા કોણ લઇ જાય? મામા. સક્કરબાગનો સિંહ પાંજરામાંથી જ મામાને ઓળખી જાય. શેરીને નાકે આવેલ ટૉફી-ખારી-બિસ્કિટની દુકાનવાળો પણ સમજે કે મામા ફરી લાગમાં આવ્યા છે. કો‘ક વાર રેવડી તો કો‘ક વાર ખારી શીંગ, બપોરે બરફગોળા અને રાત્રે સોડા-પાન માટે ખિસ્સામાં કોણ હાથ નાખે? મામા. કેરીનો રસ, સંચાનો આઈસ્ક્રીમ, બધું કોના તરફથી? મામા. મહિનો તો ક્યાં જતો રહે એ ખયાલ જ ન રહે. સ્ટેશને મૂકવા કોણ જાય? મામા. છેલ્લે પગે લાગતાં ભાણા-ભાણીઓની મૂઠ્ઠીમાં મામા બક્ષિશ મૂકે ત્યારે વૅકેશન પૂરું થાય.

સાહેબ, મામા જે કરે એ મનથી કરે, દિલથી કરે.

બધું જ બદલાઈ ગયું. ભાણેજો જ નહી, ખુદ મામા પણ બદલાઈ ગયા. હવે તો વૅકેશન આવતાં પહેલાં ‘મેક માય ટ્રીપ‘, ‘ટ્રીવાગો‘ કે કોઈ પૅકેજ એ જ વૅકેશન. પોસ્ટકાર્ડ ગયાં ને નેટ આવ્યું. ‘અમે આ વખતે સિંગાપોર

(અનુસંધા પૃષ્ઠ ૪૨ ઉપર)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ચિત્ર એજ મારો શોખ અને મારું જીવન

**મોહિત અલ્પેશકુમાર ભાવસાર**
૧૪૨૩, પરબડી પાસે, નાની વાસણ શેરી, સરસપુર, અમદાવાદ.



મારુ નામ મોહિત અલ્પેશકુમાર ભાવસાર. મારો જન્મ ૪-૧૨-૨૦૦૪ના રોજ કપડવંજ ખાતે થયો. હાલ હું મારા માતા-પિતા સાથે ૧૪૨૩, પરબડી પાસે, નાની વાસણ શેરી, સરસપુર, અમદાવાદ ખાતે રહું છું. નાનપણમાં અસ્થમા અને એપિલેપ્સી જેવી બીમારી અને નબળી શારીરિક અવસ્થાને કારણે હું ઘણો બિમાર રહેતો. અવારનવાર મને હૉસ્પિટલમાં દાખલ કરવો પડતો.

મેં ધોરણ-૧થી જીવકોરબાઈ લલ્લુભાઈ પ્રાથમિક શાળા, રામબાગ, મણિનગર ખાતે અભ્યાસ શરૂ કર્યો અને આ વર્ષે ધોરણ-૯ની પરીક્ષા ૪૫ ટકાએ પાસ કરેલ છે. હાલ હું ૧૫ વર્ષનો છું. શાળાએ જતી વખતે મને કંઈક ગભરામણ જેવું થવા લાગતું જેના લીધે છેલ્લા બે વર્ષથી હું શાળાએ અભ્યાસ કરવા જઈ શકતો નથી. ફક્ત પરીક્ષા આપવા જ જઈ શકું છું. હું સ્કૂલ ફોબિયા, એન્ઝાઈટી અને લર્નિંગ ડિસએબિલિટિ-ડિફિકલ્ટીઝથી પીડાઉં છું તેવું ડૉક્ટરોનું કહેવું છે. આથી, મારે ઘણી વાર કાઉન્સેલિંગ અને દવા લેવાની જરૂર પડે છે. મારું ભણવામાં ખૂબ ઓછું પરિણામ આવે છે. હું ભણવામાં નબળો હોવાથી ઘણાબધાં મિત્રો અને સંબંધીઓ કહે છે કે આટલું ઓછું પરિણામ આવ્યું. બીજાના જેવું પરિણામ લાવવું જોઈએ, હોંશિયાર થવું જોઈએ તેવી ઈચ્છા ઘણીવાર મને મનમાં થતી રહે છે પરંતુ ઉકત બીમારીઓથી હું પીડાતો હોઈ, ભણવામાં નબળો હોઈ સારા ગુણ મેળવવામાં મને તકલીફ પડી રહી છે. હું આ વર્ષે ધોરણ-૧૦માં આવેલ છું. ભણવામાં તકલીફ પડતી હોવાના લીધે મારા પરિવારે આ વર્ષે શાળામાંથી એલ.સી. લઈ લીધું છે. ઍક્સ સ્ટુડન્ટ તરીકે ધોરણ-૧૦ની પરીક્ષા અપાવવા મારો પરિવાર વિચારી રહ્યો છે.

હું દરરોજ સારા ચિત્ર દોરવાની ઉત્સુકતા રાખું છું. ચિત્ર દોરતી વખતે મને બીજું કશું યાદ આવતું નથી. હું દરરોજ સવારે ઊઠીને સિટી ભાસ્કર જોઉં છું કારણ કે તેમાં નવા નવા આર્ટિસ્ટના ચિત્ર આપેલા હોય છે. મને એવું લાગે છે કે ચિત્ર એ ખૂબ સરળ છે. સૌ પ્રથમ ટી.વી.માંથી જોઈને ઘણી બધી વસ્તુઓ વેસ્ટમાંથી બેસ્ટ પણ બનાવું છું. એક દિવસ મેં દિવ્ય ભાસ્કરમાં સ્કાયબ્લૂ નામના ક્લાસની જાહેરાત જોઈ. ઍલિમૅન્ટ્રી અને ઇન્ટરમીડિયેટ ચિત્રની પરીક્ષા આપવાની હોવાથી તેની તૈયારી કરવા માટે અને તેના વિષે ઊંડાણમાં જાણવા-સમજવા માટે હું સ્કાયબ્લૂમાં જોડાયો. આ ક્લાસની ફી ઘણી મોંઘી હતી. તેની ફી મારા માતા-પિતા ભરી શકે તેમ ન હતા છતાં મારા સપનાં સાકાર કરવા અને મારો શોખ પૂરો કરવા મારા માતા-પિતાએ તેમના મિત્ર પાસેથી ઉછીના પૈસા લઈ મારી ફી ભરી. જ્યારે હું ત્યાં ગયો ત્યારે મને નવાઈ લાગી કે ચિત્ર અને રંગોના વિવિધ પ્રકાર જેવાં કે... અક્ષરલેખન, ભાતચિત્ર, પદાર્થચિત્ર, સ્કેચ અને કેનવાસ પેઈન્ટ, એક્રેલિક પેઈન્ટ, આર્ટિસ્ટ વૉટર કલર કેક, પોસ્ટર કલર, બ્રશ પેઈન્ટ હોય છે. હું સાદા રંગ (કલર)થી જ સારા ચિત્ર દોરી લેતો. સ્કાયબ્લૂ ક્લાસની નીચે ચિત્ર દોરવા માટે જરૂરી હોય તેવા રંગ, પીંછી, કાગળ, પેન્સિલ વગેરે મળી રહે તેવી મોટી સ્ટેશનરીની દુકાન છે. જ્યાંથી હું વિવિધ વસ્તુઓ ખરીદી આપવા માટે હું મારા માતા-પિતા પાસે માંગણી કરતો. આ કલાસમાં જવાથી મને જુદી જુદી યોજાતી ચિત્ર

સ્પર્ધાની જાણકારી મળવા લાગી. જેથી હું વિવિધ ચિત્ર સ્પર્ધાઓ જેવી કે..... રવિશંકર રાવળ આર્ટ ગૅલરી ખાતે રાજય સ્તરીય ચિત્ર સ્પર્ધામાં જે.એલ. શાળા વતી ભાગ લીધો. આ ઉપરાંત, સુંદરવન ખાતે યોજાયેલી વૃક્ષારોપણ થીમ પરની ચિત્રસ્પર્ધા, ગાંધીઆશ્રમ ખાતે લાયન્સ ક્લબ દ્વારા યોજાયેલી વિશ્વશાંતિની થીમ પરની ચિત્રસ્પર્ધા અને My F.M. રેડિયો દ્વારા નારાયણા હોસ્પિટલ, રખિયાલ ખાતે યોજાયેલી હેલ્ધી હાર્ટ એન્ડ હેલ્ધી હેલ્થ થીમ પરની ચિત્રસ્પર્ધામાં ભાગ લીધો. My F.M. રેડિયો દ્વારા યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં હું ફાઈનલ રાઉન્ડ સુધી પહોંચ્યો હતો. મારો ફાઈનલમાં નંબર આવ્યો ન હતો પરંતુ મેં હાર માની નહીં અને ચિત્ર દોરવાનું કામ ચાલુ જ રાખ્યું. મારે નવી વસ્તુઓ જેવી કે... પીંછી, કલર, કૅનવાસ વગેરે જોઈતા હતા પણ મારા પિતા પાસે તે વખતે પૈસા ન હોવાના કારણે તેમણે મને અપાવ્યા નહીં. તે ખૂબ મોંઘી વસ્તુઓ હતી. જ્યારે પિતાજીનો પગાર આવ્યો ત્યારે તેમણે મને અપાવી. ત્યારબાદ સ્કાયબ્લૂ કલાસની ફી ખૂબ હોવાથી મેં છેલ્લા બે વર્ષથી ક્લાસ છોડી દીધાં છે.

હવે હું ચિત્ર દોરવાના મારા શોખને પૂરો કરવા માટે ઑનલાઈન એટલે કે ગૂગલ અને યુ-ટ્યૂબના માધ્યમથી ચિત્રો દોરવાની પદ્ધતિ અને તેની વધારે જાણકારી મેળવીને ચિત્રો દોરી રહ્યો છું સાથે સાથે મારી કલ્પનાના ચિત્રો પણ બનાવી રહ્યો છું. મારી જાણકારી પ્રમાણે એક ચિત્ર ૧૦૦૦ શબ્દોની બરાબર છે. હું ભણવા બેસું પણ મને ચિત્રના જ વિચારો આવે છે. હાલમાં હું નવા આલબમ ટાઈપ ચિત્ર દોરી એક સ્કેચ-બુક તૈયાર કરી રહ્યો છું. પહેલા હું ૨૦ રૂપિયાના કલરથી ચિત્ર દોરતો પછી હું ધીમે ધીમે મોંઘા કલર લાવીને દોરતો થયો. થોડાંક મહિના પહેલા મને વૉટર કલરથી ચિત્ર દોરવાનું મન થયું. પછી મેં ૫૦ રૂપિયાવાળા વૉટર કલર લાવીને ચિત્ર દોરવાનું અને જાતે શીખવાનું શરૂ કર્યું. મારા ચિત્ર સારા થતાં ગયાં. મારા મિત્રો અને સંબંધીઓ તેને વખાણવા લાગ્યાં. ત્યારબાદ ઈફેક્ટ અને સારો લૂક (દેખાવ) આવે તેટલા માટે મારા માતા-પિતાએ મને ૩૦૦ રૂપિયાવાળા વૉટર કલર અને સારી સ્કેચ-બુક અપાવી. આ સાથે મને ફોટોગ્રાફી કરવાનો પણ ખૂબ શોખ છે.

હું સી.એન. વિદ્યાલયમાં ધોરણ-૧૦ પછી એડમિશન લઈ ફાઈન આર્ટ્સની ડિગ્રી મેળવી એક સારો આર્ટિસ્ટ-ડિઝાઈનર-ચિત્રકાર બનવા માગું છું, તે મારુ સપનું છે. ઘણા લોકો મને કહે છે કે ચિત્રમાં શું રાખેલ છે પણ ચિત્ર એ મારો શોખ છે અને મારું જીવન છે. આ અંકનું કવર પેજ પણ મેં દોર્યું છે.

---

**સરસ્વતી વિદ્યામંડળ - શૈક્ષણિક શિબિર અહેવાલ**

કરાવ્યો. જ્યારે કાવ્યોનું રસદર્શન સચોટ અને સરળ ભાષામાં શ્રી વનિતાબેને કરાવ્યું.

**નિવૃત્તિ શુભેચ્છા કાર્યક્રમ :**

મંગલગીત - આજ પુલકિત મન... થી કાર્યક્રમનો શુભારંભ થયો.

નિવૃત્ત થનાર મિત્રોમાં **શ્રી કલ્પેશભાઈ પટેલ (જે.એન. બાલિકા વિદ્યાલય), શ્રી આશાબેન પટેલ (જે.એન. બાલિકા વિદ્યાલય), શ્રી મીનાક્ષીબેન પંચાલ (શાંતીકુમાર કોઠારી વિદ્યાલય), શ્રી સવિતાબેન (શાંતીકુમાર કોઠારી વિદ્યાલય), શ્રી ઈલાબેન બારોટ (સરસ્વતી કુમારશાળા નં.૨) શ્રી મણિરામ માળી**નો સમાવેશ થતો હતો. નિવૃત્ત થનાર મિત્રોને આવકાર અને પરિચય **શ્રી દિલીપસિંહ સોલંકી**એ આપ્યો. **શ્રી કમલેશભાઈ પટેલ**એ સહકાર્યકરો વતી શુભેચ્છા પાઠવી. નિવૃત્ત થતા શિક્ષકમિત્રોને કુમકુમ અક્ષત તથા શાલથી સન્માનવામાં આવ્યા. **સરસ્વતી વિદ્યામંડળ વતી શ્રી જ્યોતીન્દ્રભાઈ**એ નિવૃત થતાં મિત્રોને આશીર્વચન પાઠવ્યા હતા.

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
૭, એપેક્ષનગર સોસાયટી,
પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ સોસાયટી પાછળ,
બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪. ● મો. : ૯૪૨૬૫૨૫૨૪૨



**ધો. ૧૨ સાયન્સનું ૭૧.૯૦ ટકા પરિણામ**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૯માં લેવાયેલી ધો. ૧૨ સાયન્સની પરીક્ષાનું પરિણામ ૭૧.૯૦ ટકા આવ્યું છે. ગયા વર્ષની સરખામણીએ આ પરિણામ ૧.૦૯ ટકા ઘટ્યું છે. જ્યારે એ-૧ ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓમાં ઘણો મોટો વધારો થયો છે. કેન્દ્રવાર પરિણામમાં સૌથી વધુ ધ્રોલ કેન્દ્રનું અને સૌથી ઓછું બોડેલી કેન્દ્રનું પરિણામ રહ્યું છે. જ્યારે જિલ્લાવાર પરિણામમાં સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો રાજકોટ છે અને સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો છોટા ઉદેપુર છે.

**ધો.૧૨ સાયન્સનું વિગતવાર પરિણામ**

| | નોંધાયેલ | ઉપસ્થિત | પાસ થયા | ટકા |
|---|---|---|---|---|
| વિદ્યાર્થી | ૭૬૦૦૩ | ૭૫૪૪૬ | ૫૪૧૯૫ | ૭૧.૮૩ |
| વિદ્યાર્થીની | ૪૮૬૯૧ | ૪૮૪૧૪ | ૩૪૮૬૫ | ૭૨.૦૧ |
| **કુલ** | **૧૨૪૬૯૪** | **૧૨૩૮૬૦** | **૮૯૦૬૦** | **૭૧.૯૦** |
| ગ્રૂપએ | ૪૯૬૫૦ | ૪૯૩૪૯ | ૩૮૯૪૮ | ૭૮.૯૨ |
| ગ્રૂપબી | ૭૫૦૧૬ | ૭૪૪૮૩ | ૫૦૦૯૪ | ૬૭.૨૬ |
| ગ્રૂપએબી | ૨૮ | ૨૮ | ૧૮ | ૬૪.૨૯ |
| **કુલ** | **૧૨૪૬૯૪** | **૧૨૩૮૬૦** | **૮૯૦૬૦** | **૭૧.૯૦** |

રિપીટર વિદ્યાર્થીઓ સાથેનું
એકંદર પરિણામ ૬૪.૬૦ ટકા.

**ગુજરાતી માધ્યમનું પરિણામ આ વર્ષે પણ અંગ્રેજી માધ્યમથી ઓછું.**

ગયા વર્ષે ગુજરાતી માધ્યમમાં ૧૦૪૫૦૨ વિદ્યાર્થીઓમાંથી ૨૮૮૫૬ વિદ્યાર્થી નાપાસ થતાં તેનું એકંદરે પરિણામ ૭૨.૪૫ ટકા રહ્યું અને અંગ્રેજી માધ્યમમાં ૨૭૫૯૦ વિદ્યાર્થીઓમાંથી ૭૫.૫૮ ટકા વિદ્યાર્થી પાસ થયા હતા. આ વર્ષે ગુજરાતી માધ્યમમાં ૯૪૦૫૭ વિદ્યાર્થીઓમાંથી ૨૭૧૯૦ વિદ્યાર્થીઓ નાપાસ થતા એકંદરે પરિણામ ૭૧.૯૦ ટકા રહ્યું છે અને અંગ્રેજી માધ્યમમાં ૨૭૮૬૮ વિદ્યાર્થીમાંથી ૬૯૩૦ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. એકંદરે પરિણામ ૭૫.૧૩ ટકા રહ્યું છે. જ્યારે હિન્દી માધ્યમનું પરિણામ ૬૫.૧૩ ટકા આવ્યું છે.

**માધ્યમવાર પરિણામ**

| માધ્યમ | વિદ્યાર્થી | નાપાસ | ટકા |
|---|---|---|---|
| ગુજરાતી | ૯૪૦૫૭ | ૨૭૧૯૦ | ૭૧.૦૯ |
| અંગ્રેજી | ૨૭૮૬૮ | ૬૯૩૦ | ૭૫.૧૩ |
| હિન્દી | ૧૭૩૨ | ૬૦૪ | ૬૫.૧૩ |

**ધો. ૧૨ સાયન્સમાં ૯૯ થી વધુ પર્સેન્ટાઈલ ધરાવતા વિદ્યાર્થીઓ આ વર્ષ વધુ ઘટ્યા :**

ધો. ૧૨ સાયન્સના પરિણામમાં આ વર્ષે ગત વર્ષ કરતા નજીવો જ ઘટાડો થયો છે. પરંતુ ૯૯ થી વધુ પર્સેન્ટાઈલ ધરાવતા વિદ્યાર્થીઓ આ વર્ષે વધુ પ્રમાણમાં ઘટ્યા છે. થિયરી વિષયોમાં એ-ગ્રૂપમાં ૫૨૨ અને બી ગ્રૂપમાં ૭૫૪ વિદ્યાર્થીઓને ૯૯ થી વધુ પર્સેન્ટાઈલ છે.

| પર્સેન્ટાઈલ | એ ગ્રૂપ | બી ગ્રૂપ |
|---|---|---|
| ૯૯થી વધુ | ૫૨૨ | ૭૫૪ |
| ૯૮ થી વધુ | ૧૦૦૭ | ૧૫૦૦ |
| ૯૬ થી વધુ | ૨૦૩૬ | ૩૦૧૬ |
| ૯૨ થી વધુ | ૩૯૯૨ | ૬૦૯૭ |
| ૯૦ થી વધુ | ૪૭૯૮ | ૭૫૯૭ |
| ૮૫ થી વધુ | ૭૪૯૬ | ૧૧૩૩૫ |
| ૮૦ થી વધુ | ૧૦૦૨૦ | ૧૫૧૮૦ |
| ૭૫ થી વધુ | ૧૨૫૫૯ | ૧૮૯૧૦ |
| ૭૦ થી વધુ | ૧૪૮૮૯ | ૨૨૭૩૧ |

**JEE મેઈનનું પરિણામ જાહેર**

JEE મેઈનનું પરિણામ જાહેર થયું. જેમાં દેશના ટૉપ ૧૦૦ વિદ્યાર્થીમાં ગુજરાતનો વિદ્યાર્થી ૬૦માં રૅન્કમાં આવ્યો હોવાનો અંદાજ છે. અમદાવાદનો પર્વિક દવે ગુજરાતમાં પ્રથમ આવ્યો છે. જો કે દેશના ટૉપ ૨૪ રૅન્કર કે જેઓએ ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા છે. તેમાં ગુજરાતનો એક પણ વિદ્યાર્થી નથી. ૨૪ વિદ્યાર્થીએ ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા. ૨.૪૫ લાખ વિદ્યાર્થી ઍડવાન્સ માટે ક્વૉલિફાય થયા.

**ISCE ધો. ૧૦નું ૯૯.૧૨ અને ધો.૧૨ નું ૯૬.૧૬ ટકા પરિણામ:**

કાઉન્સિલ ફૉર ધ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ ઍક્ઝામિનેશન દ્વારા ધો.૧૦ અને ધો.૧૨ નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતનું ધો. ૧૦નું ૯૯.૧૨ ટકા અને ધો. ૧૨ નું ૯૬.૧૬ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ધો. ૧૦ માં અમદાવાદના ત્રણ વિદ્યાર્થીઓએ સ્ટેટ ટૉપર્સમાં સ્થાન મેળવ્યું છે.

ગુજરાતની ધો.૧૦ની ૩૫ સ્કૂલોના ૩૩૦૨ અને ધો.૧૨ની ૨૧ સ્કૂલોના ૧૭૪૩ વિદ્યાર્થી પાસ થયા છે.

**CBSE નું ધો.૧૦ નું પરિણામ જાહેર**

CBSE નું ધો.૧૦નું સમગ્ર દેશનું પરિણામ ૯૧.૧૦ ટકા રહ્યું છે. જે ગત વર્ષની સરખામણીએ ૪.૪૦ ટકા વધુ છે. સમગ્ર દેશમાંથી ૧૬૦૪૪૨૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેમાં છોકરાઓ કરતા છોકરીઓનું પરિણામ ૨.૩૧ ટકા વધુ રહેતા છોકરીઓનું પરિણામ ૯૨.૪૫ ટકા રહ્યું છે.

**ટૂંકાવીને.....**

- ધો.૧૨ સાયન્સમાં "બી" ગ્રૂપના વિદ્યાર્થી ઓછા પાસ થતા મેડિકલ પ્રવેશમાં ઘસારો થોડો ઘટશે.
- ગુજકેટમાં ૯૯ થી વધુ પર્સેન્ટાઈલ ધરાવતા ૧૩૧૯ વિદ્યાર્થી. ગત વર્ષ કરતાં ઘટ્યા.
- કેમેસ્ટ્રીમાં સૌથી વધુ ૩૩૫૫૬ વિદ્યાર્થીઓ નાપાસ થયા. જ્યારે એક સાથે ત્રણ વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૭૮૦૩ રહી.
- સીબીએસઈ ધો. ૧૦માં જામનગરનો વિદ્યાર્થી સમગ્ર દેશમાં ટૉપર અમદાવાદની વિદ્યાર્થીની સ્ટેટ રૅન્કર.
- ડિપ્લોમાં ઈજનેરીમાં સેમેસ્ટર સિસ્ટમ દૂર નહીં થાય. કોર્સ હળવો કરવા કમિટી રચાશે.
- ગુજરાતની સરકારી કૉલેજોમાં ૧૦૦ થી વધુ આસિસ્ટન્ટ પ્રોફેસરોની નિમણૂક કરાઈ.
- કૉલેજોને સતત મૂલ્યાંકન પદ્ધતિ હેઠળ ઈન્ટરનલ પરીક્ષા ન લેવાનો વિકલ્પ અપાશે.
- ગુજરાતમાં બે નવી સરકારી ફાર્મસી કૉલેજને કાઉન્સિલની મંજૂરી.
- સી.બી.એસ.ઈ. નું ધો.૧૨નું ટૉપ શાળાઓનું ૧૦૦ ટકા પરિણામ ૯૫ થી વધુ ટકા ધરાવતા વિદ્યાર્થી અમદાવાદની પાંચ સહિત રાજ્યનાં ૩૭ કેન્દ્રીય વિદ્યાલયોમાંથી માત્ર ૧૭ સ્કૂલનું જ ૧૦૦ ટકા પરિણામ.

---

**'મામા' થી 'મેક માય ટ્રીપ' સુધી**

કુઝમાં જવાના છીએ', 'આ વખતે ટ્યૂશન ક્લાસ છે એટલે વૅકેશનમાં નહીં આવી શકાય.' જેવા ફોન-મેસેજ આવી જાય. મામાઓ પણ ઘરને તાળું મારી કેરાલા-સિમલા નીકળી જવાના હોય એ પછી ખબર પડે. ઘોડા ગાડી ગઈ અને સ્ટેશનો સૂમસામ બન્યા.

પરિવર્તન તો આપણે હસતે મોઢે આવકારીએ અને કોઈ પક્ષે કોઈ ફરિયાદ નથી. હા, અમે જે ઓળખતા હતા એ મામાઓ લગભગ ખોવાઈ ગયાનો રંજ તો રહવાનો.

કોણ જાણે કેટલાય વૅકેશનોમાં ભાણા-ભાણીની પલ્ટનને તેડવા-મૂકવા આવેલ મામાઓ સ્ટેચ્યૂ બનીને કોઈ સ્ટેશનની બહાર ઊભા હોવાનો મને ભાસ થાય છે!
હેપી વૅકેશન ટાઈમ!


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સરસ્વતી વિદ્યામંડળ - શૈક્ષણિક શિબિર - નિવૃત્તિ શુભેચ્છા કાર્યક્રમ

શ્રી સજુભા ઝાલા અને શ્રી વનિતાબેને ઝવેરચંદ મેઘાણીના છ કાવ્યોનું રસદર્શનનું સંચાલન અને સંકલન કર્યું. શ્રી નીશાબેન (શિક્ષક, અસારવા વિદ્યાલય) ફાધર વાલેસ રચિત 'ગાંધીજી અને નવી પેઢી' પુસ્તકનું રસદર્શન કરાવ્યું. '૪૦૦ ટકા આનંદ' - શ્રી હરેશ ધોળકીયાનું પુસ્તક પરિચય શ્રી મૃણાલબેન ઓઝાએ કર્યો.

નિવૃત્તિ શુભેચ્છા કાર્યક્રમ : શ્રી કલ્પેશભાઈ પટેલ (જે.એન. બાલિકા વિદ્યાલય), શ્રી આશાબેન પટેલ (જે.એન. બાલિકા વિદ્યાલય), શ્રી મીનાક્ષીબેન પંચાલ (શાંતીકુમાર કોઠારી વિદ્યાલય), શ્રી સવિતાબેન (શાંતીકુમાર કોઠારી વિદ્યાલય), શ્રી ઈલાબેન બારોટ (સરસ્વતી કુમારશાળા નં. ૨) શ્રી મણિરામ માળીનો સમાવેશ થતો હતો.











email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

# ગાંધી વિચાર

આજની દુનિયાનાં મોટા ભાગનાં વૈમનસ્યો મહત્ત્વની બાબતમાં સ્વાર્થની અથડામણોમાંથી જન્મે છે. એ બધાના મૂળમાં બીજી પ્રજાઓ અને સરકારોની લાગણીઓ, જરૂરિયાતો, પ્રયોજનો અને હેતુઓ વિશેની સમજણનો અભાવ રહેલો હોય છે.

શાંતિ એટલે અથડામણનો અભાવ નહીં, પણ અથડામણને પહોંચી વળવાની શક્તિ. સત્યાગ્રહનો પાયો પ્રેમ છે, નહીં કે દ્વેષ; વિરોધીઓ પ્રત્યેનો પ્રેમ અને તેમનો હૃદયપલટો લાવવા માટે સહન કરવાની ભાવના છે. સત્યાગ્રહ એટલે પાપનો પ્રતિકાર, પાપીનો નહીં.

ડો. રાધાકૃષ્ણન સર્વપલ્લી



માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.